ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 6 • SEPTEMBER 2018 • PAGES 52 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક- ૬ • સપ્ટેમ્બર ૨૦૧૮ • પાનાં - ૫૨ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

सुणिया भावं साणस्स सूयरस्स नरस्स य।
विणए ठविज्ज अप्पाणं इच्छंतो हियमप्पणो।।

An indisciplined person is compared to a dog and a pig. Realising the sense of this comparison, a person who is keen on his welfare should establish himself firmly on the path of discipline.

अविनयी मनुष्य कुत्ते और सूअर की तरह होता है। इस भाव को समझ कर अपना हित चाहने वाला मनुष्य अपने आप को विनय में स्थापित करे।

અવિનયી માણસને કૂતરા અને ભૂંડ સાથે સરખાવવામાં આવે છે. એનો ભાવ સમજીને પોતાનું હિત ઇચ્છનારે પોતાના આત્માને વિનયમાર્ગમાં સ્થાપવો જોઈએ.

ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જૈન રામાયણ : નોખી પરંપરાની સાહિત્યિક કૃતિ (તંત્રી સ્થાનેથી) | સેજલ શાહ | ૩ |
| (૨) | ઉપનિષદ્‌માં ઉદ્‌ગીથ વિદ્યા | નરેશ વેદ | ૮ |
| (૩) | રસ્તા અને આપણે | રમણ સોની | ૧૦ |
| (૪) | ઈશ્વરીય અનુભૂતિની ક્ષણો | અભિજિત વ્યાસ | ૧૧ |
| (૫) | ગોપનું પ્રાચીનતમ મંદિર | સવજી છાયા | ૧૨ |
| (૬) | પંડિતવર્ય આચાર્યકલ્પ શ્રી ટોડરમલજી | રશ્મિ ભેદા | ૧૩ |
| (૭) | શ્રાવકની સાધના | ઉષા નરેશ સંઘવી | ૧૬ |
| (૮) | ધ્યાનના પ્રકાર | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૧૮ |
| (૯) | પત્ર-મૈત્રી | જાદવજી કાનજી વોરા | ૨૩ |
| (૧૦) | ધરતીનું અમૃત - મા | મધુસૂદન મ. વ્યાસ | ૨૭ |
| (૧૧) | જીવનપંથ : પ્રેમનો સ્પર્શ એ જ જીવન | ભદ્રાયુ વછરાજાની | ૨૮ |
| (૧૨) | શ્રમનું ગૌરવ : અન ટુ ધિસ લાસ્ટ | સોનલ પરીખ | ૨૯ |
| (૧૩) | શ્રી ભક્તામર સ્તોત્ર : આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૩૦ |
| (૧૪) | દ્રવ્યાનુયોગ | કોકિલા હેમચંદ શાહ | ૩૧ |
| (૧૫) | મહાન પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજી | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૩ |
| (૧૬) | દક્ષિણાપથની સાધના-યાત્રા | પ્રતાપકુમાર ટોલિયા | ૩૫ |
| (૧૭) | જ્ઞાન સંવાદ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૩૮ |
| (૧૮) | સર્જન-સ્વાગત | પાર્વતીબેન ખીરાણી અને રેણુકા પોરવાલ | ૪૦ |
| (૧૯) | ઓગસ્ટ અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે | અભય દોશી | ૪૩ |
| (૨૦) | ભાવ-પ્રતિભાવ | | ૪૪ |
| (૨૧) | An Ethical Demeanor... Right Conduct... Samyak Charitra | Prachi Dhanvant Shah | ૪૬ |
| (૨૨) | Jainism Through Ages | Kamini Gogri | ૪૯ |
| (૨૩) | Ahimsa & Jainism | Atul doshi | ૫૦ |
| (૨૪) | જો હોય મારો અંતિમ પત્ર તો... | કાન્તિ પટેલ | ૫૨ |


પ્રબુદ્ધ જીવનનો ઑક્ટોબર મહિનાનો વિશેષાંક

**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિના ૧૫૦માં વર્ષ નિમિત્તે**

ઑક્ટોબર મહિનાનો પ્રબુદ્ધ જીવનનો અંક

**મહાત્મા વિશેષ અંક રહેશે**

જેનું સંપાદન વિદ્વાન શ્રી ડૉ. નરેશ વેદ કરશે.

આગોતરી નકલ ઓફિસ પર નોંધાવવા માટે સંપર્ક કરો.

મોબાઈલ નંબર : ૯૧૩૭૭૨૭૧૦૯

❑ તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • ભાદરવો સુદી -૭

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

## તંત્રી સ્થાનેથી...

## જૈન રામાયણ : નોખી પરંપરાની સાહિત્યિક કૃતિ

લોકપ્રચલિત કૃતિ- સમાજ, ધર્મ અને સમયનાં બદલાવ સાથે અનેક રૂપ ધારણ કરતી હોય છે. કથાવસ્તુનાં આવાં સ્થિત્યંતરો સર્જક અને ભાવક પક્ષે પડકારરૂપ બનતા હોય છે. આ રૂપાંતરની પ્રક્રિયામાં પ્રત્યેક કૃતિનું પોતાનું એક આગવું મહત્વ હોય છે. કોઈ એક કૃતિના સર્જન અને ભાવનમાં અનેક ગૃહિતો કાર્યરત હોય છે. ઉચ્ચકક્ષાના સાહિત્યનુ પ્રચ્છન્નતા એક એનું લક્ષણ છે કે જો એમાં જીવનનો સંદેશ હોય તો પણ તે વાચકને પ્રગટપણે સંભળાતો નથી. ઉપદેશના તત્વની બીજે છેડે આવી કલાકૃતિઓ હોય છે. જૈન સાહિત્યની ઘણી કૃતિઓ ઉપદેશના તત્વથી બંધાયેલી છતાં કલાકૃતિની દૃષ્ટિએ ઉત્તમ નીવડી છે, પણ સાંપ્રદાયિક્તાના સીમિત દ્રષ્ટિકોણને કારણે તે વિશાળ વાચક વર્ગ સુધી પહોંચી નથી. અહીં જૈન રામાયણની રસકીય ભૂમિકાએ ચર્ચા કરવાનું નિરધાર્યું છે. એ માટે તુલનાત્મક અને વિશ્લેષણાત્મક અભિગમ સ્વીકાર્યો છે. કલાનું સર્જન નિહિત ભૂમિકાએ થતું હોય છે પછી વાચક પાસે એ કૃતિ બીજા અનેક સંદર્ભો સાથે ઉઘડે એ શક્ય છે, સીતાનું પાત્ર માત્ર ધાર્મિક નહિ પરંતુ સાંસ્કૃતિક ભૂમિકા અને નારીવાદી દ્રષ્ટિકોણથી કેવાં પરિમાણો ધારણ કરે છે અને અને કૃતિની આગવી ઓળખ નીપજાવે છે એ દર્શાવાનો પ્રયત્ન કર્યો છે. સંશોધન લેખમાં જૈન પરંપરાનાં રામાયણો, સીતાનું પાત્ર અને કૃતિની અન્યથી જુદી ઊભી થતી ભૂમિકાને ધ્યાનમાં રાખી મારી વાચના મૂકી છે. એરિસ્ટોટલ કહે છે તેમ કવિતા સમજાય એ પહેલાં સ્પર્શવી/અનુભવાવી જોઈએ. અનુભૂતિના કેટલાંક પ્રદેશની આ વાચના .

ભારતીય સંસ્કૃતિનું પ્રાચીન મહાકાવ્ય રામાયણની વિવિધતા ભારતની સીમાને ઓળંગી બહાર સુધી પહોંચી છે. રામાયણ પરંપરાની તુલનાત્મક ભૂમિકાએ વાત કરીએ છીએ ત્યારે એક તરફ વાલ્મીકિ રામાયણ તો બીજી તરફ તમિળ કવિ કમ્બનું રામાયણ, વિમલસુરિ પરંપરાનું જૈન રામાયણ એવા અનેક કથાનકો મળે છે. કમ્બ રામાયણનો પ્રભાવ થાઈલેન્ડ, કમ્બોડિયા આદિ પૂર્વશિયાના દેશોની રામકથા પર પડ્યો છે. જૈન પરંપરામાં પ્રાકૃત ભાષામાં રામકથાનું નિરૂપણ અનેક કવિઓ દ્વારા થયું છે. થાઈ રામાયણમાં રામ વિષ્ણુનો અવતાર છે, થાઈ લોકોનું 'રામકીર્તિ'- રામાયણ કોઈ ધાર્મિક ગ્રંથ નથી. થાઈ વાચકોને મુખ્યત્વે યુદ્ધ અને સીતાહરણ જેવી ઘટનાઓમાં રસ પડે છે, એટલે એમાં યુદ્ધકાંડ વધારે દીર્ઘ છે. રામ અને કૃષ્ણ ભારતીય, ધાર્મિક અને સંસ્કૃતિક ચેતનાના પ્રતીક છે. આવા લોકપ્રિય મહાપુરુષોના નામ જૈન અને જૈનેતર ગ્રંથોમાં સમાનરૂપે જોવા મળે છે. જૈન મંતવ્ય મુજબના કૃષ્ણ વૈદિક હિન્દુઓની માન્યતાના કૃષ્ણ કરતા ઘણા પ્રાચીન સમયમાં થઈ ગયા છે. જૈન ગ્રંથોમાં રામ એ મુનિસુવ્રત સ્વામી (૧૯મા જૈન તીર્થંકર)ના સમયમાં અર્થાત ઈ.સ.પૂર્વે. ૧૧૮૪૯૮૦ વર્ષ પહેલાં

> આ અંકના સૌજન્યદાતા
> **શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ**
> **કુ. શૈલી ઉમંગભાઈ શાહ**
> **ચિ. ઝુબીન ઉમંગભાઈ શાહ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

થઈ ગયા જ્યારે કૃષ્ણનો સમય જૈનોના ૨૨મા તીર્થંકર નેમિનાથ ભગવાનનો સમય અર્થાત ઈ.સ.પૂર્વે. ૩૦૦૦-૩૧૦૦નો ગણાય છે અને જૈન તીર્થંકર નેમિનાથ અને કૃષ્ણ વચ્ચે સાંસારિક સંબંધ પણ દર્શાવ્યો છે. ઈતિહાસમાં રસ પડે એવી આ ઘટનાના તથ્યોની તપાસ ઉપરાંત એનું જોડાણ અને સંદર્ભો વચ્ચેની કડી, એક નવી રસ પડે એવી સ્થિતિ સર્જે છે.

આજે અનુઆધુનિકતાવાદી કાળમાં સાહિત્યને જોવાનો અભિગમ બદલાઈ રહ્યો છે. સાહિત્યક્ષેત્રે 'કૃતિ'નો અર્થ પણ બદલાઈ રહ્યો છે. હવે સમગ્ર કૃતિને જ્યારે સમજવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે જૈન કૃતિને પણ તેના સાંપ્રદાયિક વલણોથી વેગળી કરી માત્ર સાહિત્યિક દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કરાયો છે. એક કૃતિ જાણીતા ગૃહિતોનો આધાર લઇ પોતાના નવા સંદર્ભો સાથે રચાય છે ત્યારે એક નવી કૃતિની રચના થાય છે. જૈન પરંપરામાં રામકથાના અનેક રૂપો છે. એમાં સંઘદાસગણિ કૃત 'વસુદેવહિંડી' વિમલસુરિ કૃત 'પઉમચરિય' અને ગુણભદ્ર કૃત 'ઉત્તમપુરાણ' મહત્વની પરંપરાઓ પૈકીના છે. એ ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી ભાષામાં બીજા અનેક રામાયણ આધારિત ગ્રંથો જૈન સાહિત્યમાં મળે છે. ઉપર જણાવેલ ત્રણેય રામકથાઓમાં થોડીક વિભિન્નતા જોવા મળે છે, પરંતુ મહત્વની બધી ઘટનાઓ સમાન છે. શ્વેતામ્બર પરંપરામાં 'પઉમચરિય' અને દિગંબર પરંપરામાં 'ઉત્તરપુરાણ'નો પ્રભાવ વિશેષ રહ્યો છે. જૈન પરંપરામાં જે વિવિધ કૃતિઓ મળે છે તેમાં કવિ સમયસુંદરે 'સીયાચરિઉ' નો મુખ્ય આધાર લીધો છે, ઉપરાંત 'પઉમચરિય'નો પ્રભાવ પણ જોવા મળે છે. પ્રાકૃત પારંગત જૈનાચાર્ય વિમલસૂરીએ 'વિમલાંકમંડિત પઉમચરિય' નામે કથાનું આલેખન કર્યું છે. 'પઉમચરિય' અંગે કહેવાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૩૦મે વર્ષે પ્રાકૃત ભાષામાં ગાથાબદ્ધ લગભગ અગિયાર હજાર શ્લોક પ્રમાણે આચાર્ય શ્રી વિમલસૂરિએ કાવ્યશૈલીથી 'પઉમચરિય' ની અર્થાત જૈન રામાયણની રચના કરી હતી. જેનું પ્રથમ સંસ્કરણ જર્મન વિદ્વાન ડૉ. યાકોબીએ સન. ૧૯૧૪માં કર્યું હતું. અહીં ગુજરાતી સાહિત્યના મહત્વના મધ્યકાલીન સર્જક સમયસુંદરની કૃતિ 'સીતારામ ચૌપાઈ' જેમાં પઉમચરિય પરંપરાનો આધાર લેવાયો છે, તેની વાત કરવાનું નિર્ધાર્યું છે. મધ્યકાલીન કૃતિમાં ધાર્મિક શ્રદ્ધા ઉપરાંત સમાજ અને એ સમયના સંદર્ભોની અસરનું જે પરિણામ મળે છે અને નવી રૂપાંતરિત કૃતિ નિર્માણ થાય છે, તે રસનો વિષય બને છે.

'સીતારામ ચૌપાઈ' કવિવર સમયસુંદરનું રાજસ્થાની રામકાવ્ય સં.૧૬૭૭ થી ૧૬૮૩ની વચ્ચે રાજસ્થાનના મેડતા, સાચોર વગેરે સ્થળે રહીને રચાયું. રાજસ્થાની ભાષામાં રામસંબંધી રચનાઓનો પ્રારંભ ૧૬મી શતાબ્દીથી થયો અને ૨૦ મી સદી સુધી આ પરંપરા ચાલુ રહી. સીતા અને રામ આધારિત અનેક કૃતિઓ રચાઈ, રાજસ્થાની ભાષામાં ચારણો અને જૈન મુનિ દ્વારા પુષ્કળ સાહિત્ય રચાયું છે. સમયસુંદરની પ્રસ્તુત કૃતિ 'સીતારામ ચૌપાઈ' એ વિશિષ્ટ કલાકૃતિનો નમુનો છે. જૂની ગુજરાતી સાહિત્યમાં પદ્ય લખાણો વિશેષ હતાં, એવો સામાન્ય ખ્યાલ પ્રવર્તે છે. પણ જુના સાહિત્યની શોધ થતી જાય છે, તેમ એ ખ્યાલ બદલાતો જાય છે, ચૌદમાં સૈકાથી જૂની ગુજરાતીમાં ગદ્યસાહિત્ય મળે છે અને એનું વૈપુલ્ય ઉત્તરોત્તર વધતું જાય છે. અહીં એક મુદ્દો યાદ રાખવો ઘટે કે જૈન સાહિત્યકારો મોટેભાગે જૈન સાધુ-સાધ્વીઓ હતા. ગૃહસ્થાશ્રમી શ્રાવક કવિ ઘણી અલ્પ સંખ્યામાં હતા. સાહિત્યાકોશના ૧૬૦૦ જેટલા મધ્યકાળના જૈન કવિઓમાં શ્રાવક કવિઓ પચાસેકથી વધારે થવાની ધારણા નથી. આ જૈન સર્જકોએ પણ અન્ય સર્જકોની જેમ જાણીતા કથાનકોને આધાર લઇ સર્જન કર્યું પરિણામે તુલનાત્મક અભ્યાસની એક નવી પરંપરા ઉભી થઈ છે.

'સીતારામ ચૌપાઈ' એ સાંપ્રદાયિક કૃતિ હોવાને કારણે એમાં ધર્મોપદેશનાનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. એમાં કર્મફળને અધિક મહત્વ અપાયું છે. અહીં માત્ર ઈશ્વરની સ્તુતિ નથી આવતી પણ પાત્ર પર જ્યારે દુઃખ પડે ત્યારે એના કર્મનું કારણ ગણાવાય છે. બીજું અહીં જન્મ અને પૂર્વજન્મને પણ સ્વીકારાય છે. પાત્ર પર જે સંકટ આવે છે એનું કારણ એના પૂર્વજન્મના કર્મો છે. આમ એક કથામાંથી અન્ય કથાઓ જન્મે છે. એનું વર્ણન, એના કથાનકો, પ્રવાસ સ્થળ, એક વિશિષ્ટ રસ અને લાલિત્ય જન્માવે છે. કથામાં મુનિ આવે અને એના ઉપદેશથી પાત્રો એની પાસે દીક્ષા લે છે. કથાનું મૂળ ધ્યેય કર્મ ખપાવવા અને દીક્ષા હોવા છતાં સુંદર ઋતુ વર્ણનો, પ્રકૃતિ વર્ણનો, શૃંગાર રસને પણ સ્થાન પ્રાપ્ત થયું છે. સીતારામ ચૌપાઈ નવ ખંડમાં દુહા અને સાત ઢાળ એમ કુલ મળીને ૩૭૦૦ ગાથામાં વિસ્તૃત આ રાસ છે.

જૈન પરંપરાની 'સીતારામ ચૌપાઈ' વાલ્મીકિ રામાયણથી ઘણી દૃષ્ટીએ ભિન્ન છે. રામકથાના મુખ્ય ત્રણ પુરુષ પાત્રો રામ, લક્ષ્મણ અને રાવણ - ને જૈનોના ત્રેસઠ શલાકા પુરુષો પૈકી ગણાય છે. ત્રેસઠ શલાકા પુરુષોમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બલદેવો, ૯ વાસુદેવો અને ૯ પ્રતિવાસુદેવો એમ મળીને કુલ ૬૩ મહાપુરુષો ગણાય છે.

'સીતારામ ચૌપાઈ'નો આરંભ ગૌતમસ્વામી અને શ્રેણિક મહારાજાના પ્રસંગથી થાય છે. રાજા શ્રેણિકને ગૌતમ મુનિ કથા કહે છે.ગણધર ગૌતમસ્વામી રાજગૃહ નગરમાં ઉપદેશ આપતા હોય છે ત્યારે શ્રેણિક મહારાજા હાજર હોય છે. સાધુ પર મિથ્યા કલંક ચડાવતા કેવું દુખ સહન કરવું પડે છે તેનું ઉદાહરણ આપતા સીતાની કથા કહે છે, જે કથાનો આરંભ સીતાના પૂર્વભવની કથાથી થાય છે.

*'કલંક ન દીજઈ કેહનઈ, વલી સાધનઈ વિશેષિ,*
*પાપવચન સહુ પરિહરઉ, દુઃખ સીતા નઉ દેખિ'*

સીતાનું પૂર્વજન્મનું જે પાત્ર છે તે 'વેગવતી'ના નામે નિરૂપાયું છે. ભરતક્ષેત્રમાં મૃણાલ કુંડ નગરમાં શ્રીભૂતિ પુરોહિતની પુત્રી વેગવતી રહેતી હતી. એકવાર સુદર્શન નામના મહારાજના ઉપદેશથી સર્વત્ર તેમની પ્રશંસા નગરમાં ફેલાઈ જાય છે. વેગવતી માટે સાધુની પ્રશંસા અસહનીય બને છે અને તે લોકોમાં સાધુના ચરિત્રસંદર્ભે અફવા ફેલાવે છે. આ અયોગ્ય કાર્યને કારણે વેગવતીને શારીરિક તકલીફ થાય છે. બીજી તરફ સાધુ પણ કલંક દુર ના થાય ત્યાં સુધી ઉપવાસનું વ્રત ધારણ કરે છે. શારીરિક તકલીફથી ત્રસ્ત વેગવતીને ભૂલનું જ્ઞાન થાય છે અને પશ્ચાતાપ કરે છે, સત્ય જાહેર કરે છે, તેનો રોગ તો દુર થાય છે પણ આવનાર ભવમાં આ વેગવતીને સીતારૂપે ભોગવવાનું આવે છે. જે રીતે વેગવતી રૂપે તેને અન્ય પર આરોપ મુક્યો તેજ રીતે સીતાના ભવમાં તેના પર આરોપ મુકાય છે. વેગવતી, મિથિલા નગરીના મહાન રાજવી જનકની પુત્રી સીતા તરીકે જન્મ લે છે. સીતા યુવાનીમાં આવતા જનક રાજા પોતાના મંત્રીને સીતા માટે યોગ્ય વરની શોધ કરવા માટે કહે છે. મંત્રી દશરથ રાજાના પુત્ર રામ પર પસંદગી ઉતારે છે અને સીતાની સગાઈ રામ સાથે કરવામાં આવે છે. સમયસુંદરની કથામાં ધનુષ્યનું કથાનક ભિન્ન રીતે આવે છે, સીતાના વિવાહ રામ સાથે નક્કી થયા બાદ એકવાર નારદ મુનિ સીતાને જોવા માટે આવે છે ત્યારે નારદ મુનિનું ભયાનક રૂપ જોઈ સીતા ડરીને મહેલમાં ચાલી જાય છે, ત્યારે નારદમુનિ તેની પાછળ જાય છે ત્યારે દરવાન અને અન્ય દાસીઓ તેમનું અપમાન કરી તેમને કાઢી મુકે છે, આ ઘટનાથી ગુસ્સે થયેલા નારદ વૈતાઢય પર્વત પર રથનેઉરના રાજા પાસે જાય છે અને સીતાનું સુંદર ચિત્ર ભામંડલ સામે મુકે છે, આ ચિત્ર જોઈ ભામંડલ સીતાને પામવા ઈચ્છે છે. અહીં નારદમુનિ ભામંડલના મનમાં સીતા માટેનો રાગ જન્માવામાં સફળ થાય છે. સીતાને મેળવવાની લાલચમાં વિદ્યાધર યુક્તિપૂર્વક જનક રાજાનું હરણ કરે છે. જનક રાજા ચન્દ્રગતી રાજાને સમજાવે છે કે ભામંડલને સીતા ન આપી શકાય કારણ સીતાનો વિવાહ રામ સાથે નિશ્ચિત થયો છે, ત્યારે વિદ્યાધરો કહે છે કે જો રામ ધનુષ નહિ ચડાવી શકે તો તેઓ સીતાને લઇ જશે, આમ સીતાના રામ સાથેના લગ્ન અંગેનું વિઘ્ન વિદ્યાધારો દ્વારો જે જન્મે છે તે આ કથાની મૂળ કથાથી ભિન્ન પડતી ઘટના છે, કારણ આ કથામાં આગળ વધતા એવી એક સ્પષ્ટતા પણ આવે છે કે ભામંડલ સીતાનો સહોદર અર્થાત બંનેનો જન્મ એકજ ગર્ભમાંથી થયો છે. ભાઈ-બહેનના સંબંધ હોવા છતાં આ રાગ જન્મવાનું કારણ તેના પૂર્વ જન્મના કર્મ હતા અને તે પશ્ચાતાપ કરે છે. આમ મૂળ કથામાં કલહ જન્મે તેનો સંબંધ પૂર્વજન્મના કોઈ કર્મ સાથે જોડાય અને પાત્રને પોતાનું જાતિસ્મર જ્ઞાન થાય અને પશ્ચાતાપ દ્વારા તેના કર્મનો ક્ષય થાય, આમ રસિકકથા પછી શાંત રસમાં કથા વિરમે છે.

ધાર્મિક કથામાં નીતિમૂલ્ય, ધર્મબોધ ઉપરાંત સામાજિક, સાંસારિક અને પ્રાકૃતિક પરિવેશ કથાને વધુ સમૃદ્ધ કરે છે. રાજા દશરથને શુદ્ધ શ્રાવકધર્મનું પાલન કરતા અને જિનાલયમાં અઢાર અભિષેક મહોત્સવની ઉજવણી કરતા દેખાડ્યા છે. એ સમય દરમ્યાન વૃદ્ધ દુતને જોઈ તેમને પોતાની વૃદ્ધાવસ્થાનો સંકેત મળે છે અને મનમાં વૈરાગ્ય જન્મે છે. જૈન ધર્મ અનુસાર પોતાનું હિત ચાહતો આત્મા દીક્ષા ગ્રહણ કરે છે તેમ જનકરાજા પણ હવે સંસારી કર્મોથી મુક્તિ ઈચ્છી દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છે છે. અહીં ભૌતિક વૈભવ કે સંપત્તિ માણસના મનને લોભાવી શકતા નથી, જે ઉચ્ચ આત્મા છે, તે પોતાનું હિત, પોતેજ સાધી લે છે, એવો એક સંદેશ પણ મળે છે.

*જિમ સુખ તિમ કરિજ્યો તુમ્હે હે, હું લેઈસિ વ્રતભાર,*
*વિષમ મારગ આવી, તણઉ રે, તુમ્હે જાજ્યો હુસિયારો રે.*

(પા.નં ૩૪)

જૈન કથાનો ઉપયોગ સંસારની અસારતાને વ્યક્ત કરવા માટે થાય છે. સીતાએ સીતાએ પોતાના જીવનની શરૂઆત કરી છે પણ તેને ગયા જન્મે જે સાધુની નિંદા કરી હતી તેનું ફળ તેને આ ભવમાં ભોગવવાનું છે, પશ્ચાતાપ કે ભૂલની માત્ર જાગૃતિ થવી પુરતી નથી, પરંતુ કર્મનું ફળ ભોગવીને જ કર્મનો ખપ થાય છે. રામના વનવાસની મુખ્ય ઘટનાઓ વાલ્મીકિ રામાયણની પરંપરામાં અને 'પઉમચરિય'ની પરંપરામાં એક સરખી છે. સીતા-રામ અને લક્ષ્મણ, કૈકેયીના વરદાન માગવાને કારણે રાજગાદીને બદલે વનવાસ ભોગવે છે, અહી 'મંથરા'નું પાત્ર નથી આવતું.

સીતારામ ચૌપાઇના પાંચમાં ખંડથી રાવણ કથાનો પ્રારંભ થાય છે. દક્ષિણ દિશામાં રાક્ષસ નામના દ્વિપમાં ચિત્રકૂટગિરિ નામના પર્વતમાં લંકા નામની નગરી આવેલી છે. ત્યાં વંશાશ્રવ નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો, એનો પુત્ર તે રાવણ . રાવણને નાનપણમાં તેના પિતાએ દિવ્ય રત્નોનો એક હાર પહેરાવ્યો હતો, એ હારના નવરત્નોમાં રાવણના મુખનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું હતું, એટલા માટે રાવણને દશમુખ કહેવામાં આવતો હતો. રાવણ નામ માટે એવી દંતકથા છે કે એક વખત બાલી નામના ઋષીએ એને એક પહાડ નીચે કચડવાનો પ્રયત્ન કર્યો, ત્યારે બાળકે રુદન અર્થાત 'રવ' શરૂ કર્યું. આમ રવ કરનાર એટલે રાવણ.

જૈન કથામાં રસિક તત્વોનું આલેખન કરાયું હોય છે. અકલ્પનીય વર્ણનો, પ્રસંગો, પ્રજાને કથા વસ્તુ પરત્વે ખેંચી રાખે છે. જેમ પ્રેમાનંદ પોતાની કથામાં રસને વળ ચઢાવી - ચઢાવીને ભાવકને તલ્લીન બનાવતો તેમ અહીં પણ સર્જક કથામાં જ્યાં શક્ય હોય ત્યાં તે રસની તીવ્રતાનો અનુભવ કરાવે છે પણ મૂળ એનું શમન શાંત રસમાં થાય છે. સીતારામ ચૌપાઈમાં રાવણ સાધુવેશે સીતાનું અપહરણ નથી કરતો , અહીં રામ, સીતા સાથે કુટિરમાં હોય છે

અને લક્ષ્મણ લડાઈ પર જાય છે ત્યારે લક્ષ્મણ જેવી દહાડ (બૂમ) પડી રામને કુટીરમાંથી રામની દુર કરાય છે અને જટાયુને ઘાયલ કરીને પછી રાવણ સીતાનું અપહરણ કરે છે. રસ્તામાં રાવણ વિચારે છે કે આ સ્ત્રી, તેની સંપત્તિથી લોભાઈ જશે અને સમર્પિત થશે,

*'ખિણ રોયઈ કરઈ વિલાપ, ખિલ કહઈ પોતંઈ પાપ,*
*ખિણ કરઈ ગીત નઈન ગાન, ખિણ કરઈ જાય નઈ ધ્યાન.*
*ખિણ એક ઘઈ હુંકાર, કારણ વિના બાર બાર,*
*નાખંઈ મુખઈ નીસાસ, ખિણ ખંચિનઈ પડઈ સાસ'*

(પા.નં ૭૯)

લંકા પહોંચ્યા પછી સીતા, રામ- લક્ષ્મણ કુશળ સમાચાર ન મળે ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ કરે છે. આ કથામાં સીતાની શોધ સુગ્રીવ કરે છે અને તેની ભાળ મળ્યા પછી રાવણને સમજાવવા હનુમાન જાય છે. સીતા શીલવંતી નારી છે તે પરપુરુષની સામે આંખ ઉઠાવીને જોતી પણ નથી, તેણે માત્ર રાવણના પગ જ જોયા છે, રાવણે અનન્તવીર્ય મુનિ પાસે નિયમ લીધો છે કે ક્યારેય કોઈ સ્ત્રીને જબરદસ્તીથી પ્રાપ્ત નહિ કરે, તેથી સીતા પર પણ તે બળનો પ્રયોગ કરતો નથી.

કથાની મૂળ વાર્તા બદલાતી નથી પરંતુ, વાચકને સતત જૈન સંસ્કારોનો અનુભવ થાય એવા મુદ્દાઓ વ્યક્ત થયા કરે છે, જૈન સાધુની સર્જકતા, રૂપાંતરણની પ્રક્રિયામાં સતત પ્રતીત થયા કરે છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં નવીન કથા મૂકી મૂળને વધુ સમૃદ્ધ કરવાનું ચૂક્યાં નથી. રાવણ સામેના યુદ્ધમાં ઘાયલ લક્ષ્મણને બચાવવા અયોધ્યાથી દૈવી જળ લાવવા ભામંડળને મોકલે છે. આ ઉપરાંત રાવણ સીતાના બદલામાં પોતાનું અડધું રાજ્ય આપવાની દરખાસ્ત રામને મોકલાવે છે. લક્ષ્મણ દ્વારા રાવણ હણાય છે અને મિલન થતા સૌ શાંતિનાથ જૈન જિનાલયમાં જઈ પૂજા સ્તવન કરે છે.

જૈન કથાની બીજી એક ખાસિયત સ્વપ્ન ફળ છે, તેનું કથા સાથે સીધું જોડાણ છે, એક દિવસ સીતા સ્વપ્નમાં સિંહને આકાશેથી ઉતરી પોતાના મુખમાં પ્રવેશ કરતો જુએ છે. સાથે તે પોતાને વિમાનમાંથી પૃથ્વી પર પડતા જુએ છે. આ સ્વપ્નની તે રામ સાથે ચર્ચા કરે છે ત્યારે રામ સ્વપ્ન ફળ અંગે કહે છે કે સીતાને પુત્રરત્ન પ્રાપ્ત થશે, પરંતુ વિમાનમાંથી પડવું એ અશુભનો સંકેત છે. સીતા વિચારે છે કે હજી કેટલા કર્મોનો ક્ષય સહેવાનો છે, હજી કેટલા દુખ બાકી છે. સીતા અને રામનો સુખી સંસાર જોઈ, સીતાની સૌતનો તેની ઈર્ષ્યા કરે છે, તેઓ સીતાને ભરમાવી તેની પાસે રાવણના પગનું ચિત્ર દોરાવે છે. જે ચિત્ર દ્વારા રામના મનમાં ઈર્ષ્યા જગાડવાનો પ્રયત્ન કરે છે. પરંતુ રામ આ વાતને અવગણે છે પરંતુ પ્રજાજનોમાં ચાલતી સીતા અંગેની નિંદનીય બાબતોને તે અવગણી શકતો નથી.

એકવાર સાધુ માટે નિંદનીય પ્રચાર કરનાર સીતા આ ભવમાં પોતે જ એ નિંદાનો શિકાર બને છે. શીલવાન સીતાને ખોટા આરોપનો સામનો કરવો પડે છે, અર્થાત કરેલા કર્મોને ભોગવવા જ પડે, કોઈ પણ જન્મે. બીજી તરફ શીલવાન સીતાને શુદ્ધ અને પવિત્ર દોહદ થાય છે જેમાં દાન-ધર્મ વગેરે કરવાનું મન થાય છે.

લોકનિંદાનો ભોગ બનેલી સીતાનો રામ ત્યાગ કરે છે, તેને જંગલમાં મૂકી આવે છે ત્યારે ઋષિ નહિ પરંતુ વજ્રજંઘ નામનો રાજા, સીતાનો ધર્મનો ભાઈ બની તેને પોતાના મહેલમાં આશરો આપે છે. સીતાના સારા કર્મના પ્રબળ પ્રભાવને કારણે તેને દુઃખ પડ્યા પછી તેનો માર્ગ પણ નીકળી રહે છે. હવે સીતા અનંગલવણ અને મદનાકુશ નામના બે પુત્રોને જન્મ આપે છે, જેઓ મોટા થઈ રામ સાથે યુદ્ધ કરે છે. રામને આ બાળકો પોતાના હોવાની જાણ થતાં તે સીતા સહિત બાળકોને પોતાના ઘરે ફરવાનું આમંત્રણ આપે છે, અહી લવ અને કુશની ઓળખ નારદ દ્વારા પ્રગટ થાય છે, રામ જયારે સીતાને પછી બોલાવવા ભામંડળ, સુગ્રીવ અને વિભીષણને મોકલે છે ત્યારે સીતા પોતાનો મોહ હવે સંસાર પરથી ઉતરી ગયો હોવાનું જણાવે છે, તે માત્ર પોતાની પવિત્રતા સાબિત કરવા જ પાછા ફરવા ઈચ્છે છે. હવે સીતાના જીવનનો ધ્યેય પટરાણી નહિ પરંતુ વૈરાગ્ય છે પરંતુ તે પહેલા તે પોતાના શીલને સિદ્ધ કરવા ઈચ્છે છે. એ માટે અગ્નિ પરીક્ષાની તૈયારી કરાય છે, સીતા જયારે અગ્નિમાં પ્રવેશે છે, ત્યારે ઇન્દ્ર દેવની આજ્ઞાથી હરિણેગમેષી દેવ નિર્મલ શીલલંકારધારિણી સતી સીતાની સહાયમાં ઉપસ્થિત રહે છે. જયારે અગ્નિની પ્રચંડ જ્વાળા પ્રદીપ્ત થઇ ઉઠે છે ત્યારે સીતા એમાં પ્રવેશે છે અને એના શીલના પ્રભાવથી અગ્નિજ્વાળા પાણીમાં રૂપાંતર થઈ ઉઠે છે, સીતાનું સતીત્વ સિદ્ધ થાય છે, જળ પ્રવાહ એટલો સ્ફુટ થાય છે કે પુરની સ્થિતિ સર્જાય છે, લોકો એમાં ડૂબવા માંડે અને હાહાકારની સ્થિતિ સર્જાતા સીતા પોતાના હાથથી જળનો પ્રભાવ થંભાવી દે છે, સર્વજ્ઞ આનંદ પ્રસરી જાય છે, લોકો જુએ છે ક વાપી નદીના મધ્યમાં સ્વર્ણિમ પીઠીકા પર સહસ્ત્રદલ કમલાસન પર સીતા બિરાજેલી જોવા મળે છે. લોકો સીતાની પવિત્રતાનો અનુભવ કરે છે અને સીતા પોતાની મુઠ્ઠી દ્વારા કેશનું લોચન કરે છે, સીતા સાથે એના બે પુત્રો લવ અને કુશ પણ દીક્ષા લે છે.

જૈન ધર્મ અનુસાર કથામાં દર્શાવાતી ઘટનાઓનો કાર્ય કારણનો સંબંધ મહત્વનો છે. અહી સારા કર્મોના બદલામાં સારા કર્મોનો ક્ષય નથી થતો, એ ભોગવવા જ પડે છે, ચરિત્ર પણ ખુબ મહત્વનું છે, સંસાર પ્રત્યે ઘૃણા નહિ પરંતુ વૈરાગ દર્શાવાય છે. શ્રોતાઓને વૈરાગ્ય, ઉદાર , સહનશીલતાના ગુણોનો ઉપદેશ અપાય છે. ઘણી કથાઓમાં સ્ત્રીના પાત્રને કુટિલ અને દુરાચારી દર્શાવ્યું છે, પણ પ્રસ્તુત કથામાં સીતાનું સતીત્વ મહત્વનું હોવાથી તે આવા આરોપોથી

બચી ગઈ છે. અહી ધર્મ પતિના પગલે ચાલવામાં નહિ પરંતુ સ્વના કલ્યાણમાં, આત્માર્થમાં છે. બધા જ સંબધોની આસક્તિથી મુક્ત થવું અને પરમને પામવું એ કરતાય વધુ આત્માનો ઉદ્ધાર કરવો, એ ભાવ મહત્વનો છે. કથામાં લક્ષ્મણનું મૃત્યુ રામના મૃત્યુની ખોટી ખબર મળતાં થાય છે અને લક્ષ્મણ પ્રત્યેના ભ્રાતૃપ્રેમ વશ રામ પણ લક્ષ્મણના મૃત્યુને સ્વીકારવા તૈયાર થતા નથી, તેથી તે લક્ષ્મણના મૃતદેહની અંતિમ ક્રિયા કરતા નથી, દેવના સમજાવવાથી રામને તો વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને ઘણા સમય પછી લક્ષ્મણ સીતા દ્વારા બોધ પામે છે, આમ અંતે કથા વિતરાગ રસમાં પરિવર્તિત પામે છે, સંબંધોના બંધનથી મુક્ત થઇ પોતાના અસ્તિત્વને મહત્વ આપવું, પોતાના સ્વને મહત્વ આપવું, એમાં સ્વાર્થ નથી. પણ પ્રત્યેક વ્યક્તિના કર્મો અને પરિણામો માટે પોતે જ જવાબદાર છે, એ સત્ય પર કથા ચાલે છે, પ્રસંગોપાત ધર્મબોધ છતાં રસમાં તે વિઘ્નરૂપે નથી લાગતું કારણ કથાના તાણાવાણા એવા સુદ્રઢ અને રોચક હોય છે કે, વાચકને રસ પડે છે. મૂળ કથાના આધાર પર લખાયેલી હોવા છતાં સર્જકની સર્જકતાનો અનુભવ અનેક નાના પ્રસંગો અને વર્ણનોમાં જોવા મળે છે.

પ્રસ્તુત ગ્રંથ એક ચરિત્રાત્મક પ્રબંધ કાવ્ય છે, ચૌપાઈ ઉપરાંત અન્ય છંદનો પણ અહી ઉપયોગ કરાયો છે. મધ્યયુગની રાજસ્થાની ભાષામાં લખાયેલું કાવ્ય છે. કવિ અનેક સ્થળે ભ્રમણ કરતા હોવાને કારણે સિંધી, ઉર્દુ, ફારસી, ગુજરાતી વગેરે શબ્દોનો ઉપયોગ એમની કૃતિમાં આવે છે. લીધઉં, પામઉ, ક્રાજરઉ, સાથઈ, ચાલઈ, સોહઈ જેવા ઇ'કારાંત અને ઉ'કારાંત શબ્દોનો પ્રયોગ અહી કરાયો છે. ફૌજ, બલિમ, દિલગીર જેવા ફારસીનો પ્રયોગ પણ કૃતિમાં આવે છે, સ્થળવર્ણન કરતા વધુ પાત્રવર્ણનમાં કવિની કલમ ખીલી ઉઠી છે, લંકામાં રામના વિરહમાં રાક્ષસોની વચ્ચે ઘેરાયેલી સીતાની અવસ્થા કેવી દયનીય છે, તે જુઓ,

*જેહવી કમલની હિમ બલિ, તેહવી તનુ બિછાય,*
*આંખે આંસુ નાખતી, ધરતી દ્રષ્ટિ લગાય,*
*કેસ પાસ છુટઈ થકઈ, ડાવઈ ગાલ દે હાથ,*
*નિસાસા મુખ નાખતી, દીઠી દુખ ભર સાથ !*

(પા.નં ૮૯)

એ જ રીત , આગળ જતા રામ વિલાપ કરતા, સીતાના ગુણોનું વર્ણન કરે છે,

*સપને રંભા વિલાસ ગૃહ કામ-કાજ*
*દાસી માતા અવિહડ નેહ*
*મંગિવી બુદ્ધિ નિધાન ધરિત્રી ક્ષમા નિધાન,*
*સકલ કળા ગુણ નેહ.*

(પા.નં ૬૭)

કવિ સમયસુંદરે ભાવ-વિભોર, અલંકારમય સુંદર કૃતિનું નિર્માણ કર્યું છે, સંપૂર્ણ ગ્રંથ રાજસ્થાની લોકગીતોની વિભિન્ન ઢાળ અને રાગો પર આધારિત છે. આ કૃતિ માત્ર જૈન કથાકૃતિ નહીં પરંતુ રૂપાંતર અને આંતરસંબંધની દ્રષ્ટીએ એક નવી દ્રષ્ટિનો પરિચય કરાવે છે. એક કૃતિ અન્ય કૃતિના સંદર્ભો લઇ કઈ રીતે વિકાસ પામે છે, કૃતિના પોતાના નીજી દ્રષ્ટિકોણ અને એક સર્વસામાન્ય સ્વીકૃત દ્રષ્ટિકોણથી આ બેની વચ્ચે સર્જકતા કેવા નવા પરિમાણ સર્જે છે, એ જોવાનું મહત્વનું બની રહે છે. રામકથાના ભિન્ન પરિમાણો, તેની વિરાટતાને હાનિ પહોંચાડ્યા વિના માત્ર પ્રાદેશિક કે ભાષા પુરતી આ કૃતિને સીમિત ન રાખતા, તુલનાત્મક દ્રષ્ટીએ આ કૃતિનું નવું સ્વરૂપ જોવા મળે છે.

સંદર્ભગ્રંથ:


૧. સંઃ નાહટા અગરચંદ, નાહટા ભંવરલાલ, સીતારામ ચૌપાઈ, સમયસુંદર, રાજસ્થાની રીસર્ચ ઇન્સ્ટિટયૂટ, બીકાનેર, પ્ર.આ.૧૯૬૩ (Ed. Nahta Agarchand, Nahta Bharvalal, Sitaram Chupai, Samysunder, Rajeshthani Research Institute, Bikaner. 1st ed. 1963)

૨. વિમલસુરિ, પઉમચરિય, અનુવાદક-સંપાદક : આ. શ્રી. હેમસાગરસુરિ, શ્રી ગોડીજી દહેરાસરનું ટ્રસ્ટી મંડળ, મુંબઈ,૧૯૧૪. (Vimalsuri, Paumchariya, Trans., Hemsagarsuri, Shree Godiji Dehrasarnu Trusty Mandal, Mumbai,1914.

૩. જેસલપુરા શિવલાલ અને પંડ્યા રાજેશ, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨,ખંડ-૧ અને ૨, સંપાદકઃ સોની રમણ,ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨જી શોધિત વર્ધિત આ. (Jesalpura Shivlal & Pandya Rajesh,Gujarati Sahitya no Itihas:2 Vols, Parts 1 & 2, Ed. Soni Raman, Gujarati Sahitya Parishad, Ahemdabad, 2nd ed.)



❑ **ડૉ. સેજલ શાહ**
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)



તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

# ઉપનિષદમાં ઉદ્‌ગીથ વિદ્યા

ડૉ. નરેશ વેદ

બધાં ઉપનિષદો વ્યષ્ટિ અને સમષ્ટિનું, જીવ, જીવન અને જગતનું સચરાચર સૃષ્ટિનું રહસ્ય સમજાવવાનો ઉપક્રમ રાખે છે. આ જીવાતી જિંદગી અને આ બ્રહ્માંડમાં રહેલાં પદાર્થો અને શક્તિઓ, તેમના પારસ્પરિક સંબંધો કેવા છે અને શા માટે છે, એમના અસ્તિત્વની આખરી વાસ્તવિકતા શી છે, એમનું સર્વોચ્ચ સત્ય શું છે - એ વાત સમજાવવાનો એમના સ્રષ્ટાઓનો ઉદ્દેશ છે. પરંતુ આ વાત એમણે એ કાળની ભાષામાં અને એમને હસ્તગત હતી એવી અભિવ્યક્તિની રીતિમાં રૂપકો, પ્રતીકો, દૃષ્ટાંતો, કથાનકો વગેરેનો ઉપયોગ કરીને રજૂ કરેલી છે. આપણે એમની કાવ્યમય સાંકેતિક ભાષા મુદ્રા અને અભિવ્યક્તિ તરાહથી અજાણ હોવાથી, આજે આપણે એમણે રજૂ કરેલી વાત આસાનીથી સમજી શકતા નથી. પરંતુ આપણે જો એમની શૈલી લઢણને સમજીને ઉકેલીએ તો જીવન જીવવાની કળા અને એનું વિજ્ઞાન બંને પામી શકીએ.

આગલાં પ્રકરણોમાં આપણે આવો પ્રયત્ન કરીને કેટલીક વિદ્યાઓથી માહિતગાર થયા. આ પ્રકરણમાં આપણે આવી જ એક અગત્યની વિદ્યા 'ઉદ્‌ગીથ વિદ્યા'થી પરિચિત થઈશું. આ વિદ્યાનું નિરૂપણ મોટાં કદનાં બે ઉપનિષદો - 'છાંદોગ્ય' અને 'બૃહદારણ્યક'માં વિસ્તારથી થયું છે. 'છાંદોગ્ય ઉપનિષદ'ના પહેલા અધ્યાયના એકથી બાર ખંડોમાં અને 'બૃહદારણ્યક ઉપનિષદ'ના પહેલા અધ્યાયના ત્રીજા ખંડમાં એનું નિરૂપણ થયેલું છે.

ઋક્, યજુર, સામ્ અને અથર્વ - એ ચારેય વેદોમાં સામવેદ ગાન અને સૂરનો મહિમા કરનારો વેદ છે અને 'છાંદોગ્ય ઉપનિષદ' સામવેદનું છે એટલે એમાં પણ બ્રહ્મનું ઉચ્ચ સ્વરે કરવામાં આવેલું ગાન છે. માટે એમાં નિરૂપાયેલી વિદ્યાને ઉદ્‌ગીથ કહી છે. ઉદ્‌ગીથ એટલે ઉચ્ચા સ્વરે થતું ગાન. વૈદિક ઋચાસ્ત્રો અને છંદોનું ઉચ્ચ સ્વરે થતું ગાન એને ઉદ્‌ગીથ કહે છે. પણ અહીં 'છંદ' અને 'ઉદ્‌ગીથ' બંને સંજ્ઞાઓ સમજવી પડશે.

છંદ એટલે સ્વર અને વર્ણના ઉચ્ચારણનું બંધારણ અથવા સ્વર અને વર્ણના લયબદ્ધ અને તાલબદ્ધ તેમ જ અર્થાનુસારી ઉચ્ચારણ માટેનું સંવિધાન. છંદમાં ત્રણ તત્ત્વો મહત્ત્વનાં છે : લય, તાલ અને ધ્વનિ. સમગ્ર બ્રહ્માંડમાં રહેલાં જડ અને ચેતન તમામ પદાર્થો અને શક્તિઓમાં લયબદ્ધતા અને તાલબદ્ધતા છે. એટલે કે એક શિસ્ત છે, નિયમ છે. આ શિસ્ત કે નિયમને કારણે જ ગ્રહો-ઉપગ્રહો પરિભ્રમણ કરે છે, ઋતુચક્ર ફરતું રહે છે, જીવજંતુ, પશુ-પંખી, વનસ્પતિ-ઔષધિ, મનુષ્યનું જન્મ-મરણનું ચક્ર ચાલતું રહે છે. વ્યક્તિગત કક્ષાએ તેમ જ સમષ્ટિગત કક્ષાએ પદાર્થનું શક્તિમાં અને શક્તિનું પદાર્થમાં રૂપાંતર થયા કરે છે, અને તે પણ વૈશ્વિક કે જાગતિક કક્ષાના કોઈ મહા નિયમ કે ધોરણને અનુસરીને નિયમિતરૂપે અને વ્યવસ્થિતપણે થયાં કરે છે. આ પદાર્થ અને શક્તિને આપણે દાર્શનિક ભાષામાં સત્ અને ઋત્ કહીએ છીએ. સત્ એટલે સનાતન અસ્તિત્વ અને ઋત્ એટલે સનાતન મહાનિયમ.

'છાંદોગ્ય' અને 'બૃહદારણ્યક' આ બંને ઉપનિષદોમાં આ સત્ અને ઋત્‌ની જે રમણા છે તેને આ વિદ્યા દ્વારા સમજાવવાનો પ્રયત્ન થયો છે. આ સૃષ્ટિમાં અને આ બ્રહ્માંડમાં જેનું સનાતન અસ્તિત્વ છે તે બ્રહ્મ છે અને જે સનાતન મહાનિયમ કામ કરી રહ્યો છે તેને કહે છે ગતિ, દ્યુતિ અને ઉષ્મા. બ્રહ્માંડની કક્ષાએ મહાનિયમરૂપે આ કાર્ય કરી રહ્યો છે સૂર્ય. એ સમગ્ર બ્રહ્માંડમાં અને આ જગતમાં રહેલાં તત્ત્વોને તેજ, ગતિ અને હૂંફ આપે છે, જ્યારે વ્યક્તિગત ભૂમિકાએ આપણા શરીરમાં એ કાર્ય કરે છે પ્રાણ. તે આપણા શરીરને તેજ, ગતિ અને ઉષ્મા આપે છે. એ જ રીતે જગતમાં પણ સનાતન મહાનિયમરૂપે એ જ કાર્ય કરે છે. આપણા શરીરમાં શ્વાસોચ્છ્વાસ, રૂધિરાભિસરણ, ચયાપચય, સર્જન, ઉત્સર્ગ વગેરે જે ક્રિયાઓ થાય છે તે તેની સહાયથી તો થાય છે. એ જ રીતે જગતમાં સરિતા, સરોવર, સમુદ્રના જળનું બાષ્પીભવન, એથી બંધાતા વાદળો, વાદળોની વૃષ્ટિ, પરિપ્લાવિત ધરતીમાંથી થતું અંકુરણ, એમાંથી થતો છોડ અને વૃક્ષરૂપે વિકાસ, એમાંથી પાકતા ધાન્યો, ફૂલનું ફળમાં, એક ઋતુનું બીજી ઋતુમાં પરિવર્તન, દિવસ અને રાત્રિ, સૂર્ય અને ચંદ્રના ઉદય અને અસ્ત - મનુષ્યના જન્મ અને મૃત્યુ - આ બધું એને કારણે તો થાય છે.

મનુષ્યમાં રહેલી આ પ્રાણશક્તિ તેની વાક્‌શક્તિને પણ પરિપોષે છે. એટલે મનુષ્ય જ્યારે પ્રાણથી સંપોષિત એવી વાક્‌શક્તિ વડે ઉંચા સ્વર વડે જ્યારે વેદમંત્રોનું ગાન કરે છે તેને ઉદ્‌ગીથ કહે છે. આ ઉદ્‌ગીથ સંજ્ઞાની સંધિ છૂટી પાડીએ તો ઉત્ + ગી + થ એમ થાય. આનાથી સૂર્ય અને પ્રાણની ત્રણ સ્થિતિગતિ સૂચવાય છે. 'ઉત્'થી ઉદય, 'ગી'થી સ્થિરતા અને 'થ'થી અસ્ત. એ કારણે પ્રાચીનકાળમાં ત્રિકાળ સંધ્યારૂપે સૂર્યને અર્ઘ્ય આપવાની પ્રથા હતી. પ્રાતઃ સંધ્યા, મધ્યાહ્‌ન સંધ્યા અને સાયં સંધ્યા. ત્રણ કાળે ત્રણ મંત્રો સાથે સૂર્યને જલાંજલિ આપવાની વિધિમાં મનુષ્યપ્રાણનો સૂર્ય સાથે અનુબંધ સાધવાની ચેષ્ટા હતી. ચારેય યોનિના જીવોમાં ગતિ, સ્ફૂર્તિ અને ઉષ્મા આ પ્રાણતત્ત્વ અને સૂર્યતત્ત્વને કારણે જ આવે છે. પ્રાણ અને સૂર્ય ચેતનદાયી શક્તિ છે. માટે એ બંનેને છંદોબદ્ધ મંત્રગાનથી અંજલિ આપવાની પ્રક્રિયાને ઉદ્‌ગીથ કહે છે. જો ઉદ્‌ગીથનો પ્રતીકાર્થ લઈએ તો 'ઉત્' એટલે મન, 'ગી' એટલે પ્રાણ અને 'થ' એટલે અન્ન. અન્ન વડે પ્રાણ અને મન પોષાય છે.

બીજી રીતે કહીએ તો જેમાંથી સમસ્ત ભાવો અને શક્તિઓનો ઉદય થાય છે તે ઉદ્ગીથ. આવા ભાવો અને શક્તિઓનો ઉદય શેમાંથી થાય છે એમ વિચારતાં ખ્યાલમાં આવે છે કે એ છે સત્, એટલે કે સનાતન અસ્તિત્વ, એટલે કે બ્રહ્મ. આ બ્રહ્મ તો નિરંજન, નિરાકાર, નિર્ગુણ અને અવ્યક્ત છે. એની અમૂર્તતા હઠાવી એને ઓળખવા માટે ઋષિઓએ 'ૐકાર'નું પ્રતીક યોજ્યું છે. એ માત્ર બ્રહ્મનું સૂચક, વાચક, પ્રતિનિધિરૂપ સ્થૂળ પ્રતીક નથી. એ અ, ઉ અને મ - એમ ત્રણ અક્ષરોનો બનેલો એક પ્રાણવાન અને સમર્થ ધ્વનિ છે. એટલું જ નહિ, એ સત્ત્વ રજ અને તમરૂપ સૃષ્ટિના મેધાભાવ (ચૈતન્યાત્મકતા)નું દ્યોતક પ્રતિરૂપ પણ છે.

ઉપનિષદના ઋષિઓને આ જગતને છોડી પરલોકની ચિંતામાં રસ નથી. એમને તો ઈહલોકના જીવનમાં, મનુષ્યના દીર્ઘાયુષ્યમાં એની સમૃદ્ધિમાં અને એની પ્રસન્નતામાં રસ હતો. તેથી એમની દૃષ્ટિએ મનુષ્ય જીવન મનુષ્ય સંબંધોમાં વ્યક્ત થતાં વૈશ્વિક ક્રમ અને સંવાદિતાને જ ધર્મ માનતા હતા. એમને મન ધાર્મિકતા એટલે આંતરસમૃદ્ધિ. આવી સમૃદ્ધિ વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે, સ્થૂળનો સૂક્ષ્મ સાથે સંવાદ સધાય ત્યારે આવે. આવો સંવાદ આ બે વચ્ચે નથી સધાતો ત્યારે મનુષ્ય જીવનમાં બીમારી, પીડા, વેદના આવે છે. એમાંથી બચવું હોય તો મનુષ્યે કેવી રીતે જીવવું જોઈએ, સચરાચર સૃષ્ટિ અને બ્રહ્માંડ સાથે કેવા સંબંધ રાખવા જોઈએ તે શીખવું જોઈએ, પોતાની જીવનશૈલીને ઓળખવી પડે. જો એ આમ કરી શકે તો તે પોતાના શારીરિક બંધારણમાં દીર્ઘાયુષ્ય મેળવી શકે, મનોશારીરિક બંધારણમાં સમૃદ્ધિ પામી શકે, અને પ્રેમ અને કરુણા દ્વારા પ્રસન્નતા પામી શકે.

તો વ્યષ્ટિ સમષ્ટિ સાથે, સ્થૂળ સૂક્ષ્મ સાથે, આધિભૌતિક જીવન આધ્યાત્મિક જીવન સાથે ક્યારે સંવાદ સાધી શકે? કેવી રીતે સાધી શકે? એ સમજાવવા માટે એમણે ઉદ્ગીથ વિદ્યા દ્વારા સામગાનનો બોધ કર્યો છે. કાં તો સામવેદના મંત્રોનું મધુર સ્વરચના દ્વારા ગાન કરે અથવા ૐકારનો જપયજ્ઞ કરે. જ્યાં સુધી મનુષ્ય વૈશ્વિક સનાતન મહાનિયમ સાથે તાલમેલ (tuning) સાધતો નથી ત્યાં સુધી એના જીવનમાં અલ્પાયુષ્ય, આજારી, દરિદ્રતા અને ખિન્નતા રહે છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણે આ બ્રહ્માંડમાં જે વૈશ્વિક લયતાલ (rythm) ચાલી રહ્યો છે એની સાથે આપણા જીવનના લયતાલ જોડવાના હોય છે. કવિ કલાપીએ ગાયેલું કે 'આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની.' વૈશ્વિક કક્ષાએ જે નાદનો ગુંજારવ થઈ રહ્યો છે તેની સાથે આપણા અંતરનો તાર આપણે જોડવાનો હોય છે. અનંતનું જે સંગીત બજી રહ્યું છે એની સાથે આપણા સૂરને આપણે મેળવવાનો હોય છે. સમગ્ર બ્રહ્માંડમાં સર્વત્ર લયબદ્ધ ગુંજન ચાલી રહ્યું છે. નદીના વહેતા જળપ્રવાહનો નિનાદ, સમુદ્રમાં ઉછળતાં અને ઓસરતા મોજાઓનો ઘોષ, હળુહળુ વાતા પવનમાં વહેતો સૂર, પંખીઓના કલરવમાં, અરે વનની વનરાઈઓમાં અને પહાડોની ચટ્ટાનોમાં, ગહન ગુફાઓમાં અને ગોરંભાયેલા આકાશમાં - બધે જ ગુંજન થઈ રહ્યું છે. અમેરિકાની નાસા સંસ્થાએ તો નિઃસીમ અને નિઃસ્તબ્ધ અરણ્યમાં અને પર્યાવરણમાં ગુંજતા ધ્વનિને રેકોર્ડ પણ કર્યો છે. એ ધ્વનિનું સામ્ય ૐકાર સાથે છે. જ્યારે આપણે ૐકારનું ગાન કરીએ છીએ ત્યારે સમગ્ર ધ્વનિ અને બ્રહ્માંડના પદાર્થો આપણી સાથે ગાન કરતા જ હોય છે. ચૈતન્યસત્ત્વ સમો આ ધ્વનિ સ્વયંભૂ અને પવિત્ર છે. 'છાંદોગ્ય ઉપનિષદ' ઉદ્ગીથ વિદ્યા દ્વારા સાર્વત્રિક રૂપે બજાતા આ પવિત્ર અને આંતરસંગીતની સર્વસમર્થકતાનો ઉદ્બોધ કરે છે. એનું વિશ્લેષણ કરીને ઉપનિષદકાર સાત પ્રકાર ગણાવ્યા છે. એ છે : હુકાર, ઈહકાર, ઓહઈકાર, અથકાર, હિમકાર, હુંમકાર અને ૐકાર. આ ધ્વનિઓને આધાર બનાવીને ભારતીય સંગીતકારોએ સાત સ્વરની રચના કરી, એમાં સ્વરની ફેરબદલી અને મિશ્રણો દ્વારા અનેક રાગોની રચના કરેલી છે. આ ૐકારનો જપ કે સામગાન આપણી neurological system અને neuro-chemical system ને અસર કરે છે.

આ ઉદ્ગીથને સમજાવવા માટે ઋષિઓએ ભારે જહેમત કરી છે. ક્યારેક નાસિકા સંચારિ સ્થૂળ પ્રાણને ઉદ્ગીથ કહ્યો છે. ક્યારેક પાંચ ઈન્દ્રિયોથી ઉપર જે છઠ્ઠો મુખ્ય પ્રાણ અથવા મધ્યપ્રાણ છે, તેને ઉદ્ગીથ કહ્યો છે. ક્યારેક એને અંગિરસ કહીને ઓળખાવ્યો છે. કારણ કે મુખ્ય પ્રાણ બધાં અંગો અને બધી ઈન્દ્રિયોમાં રસનો સંચાર કરે છે. આપણા જીવનમાં આપણે ખારો, ખાટો, તીખો, કડવો, તૂરો, મધુર અને મીઠો - એમ સાત રસનો અનુભવ કરીએ છીએ. પણ ઋષિએ આ અંગિરસને સાતેયની ઉપર આઠમા રસ તરીકે ઓળખાવ્યો છે. ક્યારેક ઉદ્ગીથને પૃથ્વી અને અગ્નિના યુગ્મરૂપે, અંતરિક્ષ અને વાયુના યુગ્મરૂપે, તો ક્યારેક દ્યુલોક અને સૂર્યના યુગ્મરૂપે ઓળખાવ્યો છે. તો ક્યારેક ત્રણેય લોક તેમજ તેમના અધિષ્ઠાનરૂપ દેવતાઓના યુગ્મરૂપે પણ ઓળખાવ્યો છે.

હજુ એક અન્ય રીતે પણ આ ઉદ્ગીથને સમજી શકાય. સમગ્ર બ્રહ્માંડમાં ચૈતન્યનો વિલાસ છે, એની રમણા છે, ત્યાં ત્યાં સ્પંદન છે, થડકાર છે. જેમ આપણા શરીરમાં હૃદય ધબકાર છે, નાડી ધબકાર છે. આ સ્પંદન સમયના સરખા અંતરે આવૃત થતું હોવાથી, એમાં એક તાલ અને લય પેદા થાય છે. આ લયતાલ તે જ ઉદ્ગીથ છે. જ્યાં સુધી આપણે આ મૂળભૂત વાત સમજીને એ ચૈતન્ય તાલ સાથે તાલ નથી મિલાવતા ત્યાં સુધી આપણા જીવનમાં તંદુરસ્તી, પ્રસન્નતા અને સમૃદ્ધિ આવતાં નથી. આ ચૈતન્ય એક શક્તિ છે, ઊર્જા છે. એ બ્રહ્માંડના વિશાળ સ્તરે પણ છે અને પિંડના સીમિત સ્તરે પણ છે. આ સ્થૂળ અને સૂક્ષ્મ, ભૌતિક અને

આધ્યાત્મિક ઊર્જાનું સંધાણ કરવું આવશ્યક છે. એ થઈ શકે મંત્રયોગ, લયયોગ, રાજયોગ અને હઠયોગ વડે. મનુષ્ય જીવનની ચાર ચંચળતાઓ - જીભની, બુંદની, પ્રાણની અને મનની - આ યોગ દ્વારા નિવારી શકાય છે. અન્નની શુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે. મનની શુદ્ધિથી બુદ્ધિ સાત્ત્વિક બને છે. બુદ્ધિ સાત્ત્વિક થવાથી જેનાથી આપણે વિખૂટા પડી ગયા છીએ, પણ પુનઃ જેની સાથે જોડાવવું જોઈએ એની સ્મૃતિ જાગૃત થાય છે. આવી સ્મૃતિનો ઉદય થતાં અહંનું વિગલન કરી આત્મા-પરમાત્માનું મિલન સાધવાનો ઉપાય જડે છે. સૂર્ય જેમ જાતે બળીને જગતને ચૈતન્ય આપે છે, તેમ આપણે જાતે પરિશુદ્ધ થઈ જીવનને ઊર્ધ્વગામી બનાવવું જોઈએ, એ વાત આ વિદ્યા શીખવે છે.

એટલે આ ઉપનિષદ કહે છે વેદો આપણામાં જ રહેલા છે. જેમકે, આપણી વાક્શક્તિ એ ઋક્વેદ છે, આપણો પ્રાણ સામવેદનો ધારક છે, જ્યારે આપણાં અંગો, ઈન્દ્રિયો, વગેરે યર્જુર વેદના ધારક છે. અને એ રીતે જોતાં આપણું મનુષ્ય શરીર અને આ બ્રહ્માંડ ઋગ્વેદ, યર્જુરવેદ, સામવેદના ધારકો છે.

આમ, આ વિદ્યા બ્રહ્માંડવિદ્યા અને માનવિદ્યા (Cosmology and humanology) ની શક્તિઓ અને એમના આંતર સંબંધો ઉપર પ્રકાશ પાડતી અને આપણું વ્યવસ્થિત માર્ગદર્શન કરતી વિદ્યા છે. જીવનનું ધ્યેય health, happiness અને harmony પ્રાપ્ત કરવાનું છે અને એ ધ્યેય cosmos સાથેના આપણા સાચા શુદ્ધ સંબંધોથી જ સાધી શકાય. અન્યથા અનેક પર્યાવરણીય પ્રશ્નો જીવનમાં ઉભા થાય, એ વાત આ વિદ્યા સુંદર રીતે સમજાવે છે.

❑❑❑

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
(પિન કોડ : ૩૮૮૧૨૦)
મો. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# રસ્તા અને આપણે

**ડૉ. રમણ સોની**

**આ**પણે સૌ, હજારો વર્ષોથી, ચાલતાં ચાલતાં કેટકેટલા શબ્દોમાં હરતા ફરતા રહ્યા છીએ ? 'માર્ગ'માં અને વળી 'મારગ'માં; પેલો 'મારગડો' પણ કેમ ભુલાય? વળી 'પથ'માં વિસામો કર્યો ને પાછો કેટલો 'પંથ' કાપ્યો? પછી 'રસ્તા' આવ્યા. આવ્યા તો ક્યાંથી? આપણા માર્ગમાં જ એમણે રસ્તા બનાવ્યા ને આપણને આપ્યા. 'રાહ' પણ ચીંધ્યો. પણ છેવટે તો આપણે રસ્તો સ્વીકાર્યો. એટલે હવે તો સૌથી વધુ વપરાશનો શબ્દ 'રસ્તો' છે; ને સૌથી વધારે વપરાશ પણ આપણે રસ્તાનો જ કરીએ છીએ ને?

જુઓને, આ રસ્તો? આપણને એના મૂળ અર્થમાં - એના સીધા સાદા પહેલા અર્થમાં મુકામ કરવા જ દેતો નથી! કંઈ કેટલાય રસ્તા જ બતાવ્યા કરે છે! તમારા ધ્યેયના રસ્તે, વિકાસના રસ્તે ચાલો ત્યાં તો વળી સામે બે રસ્તા છે. - આ લેવો કે પેલો લેવો? રમણભાઈ નીલકંઠ નામના આપણા વિદ્વાન નાટ્યકારે 'રાઈનો પર્વત' નામનું જે સરસ નાટક લખ્યું છે, એમાં, નીતિના રસ્તે ચાલનાર પેલો રાઈ પણ એકવાર તો વિકલ્પના ત્રિભેટે આવીને ઊભો રહે છે. પોતાની જાતને સંબોધીને એ કહે છે -

બે રહ્યા તુજ સમીપ માર્ગ જ્યાં,
તું ગ્રહે ઉભયમાંથી એક ત્યાં.

આ એકની પસંદગી કપરી હોય છે. ત્યાં જ કસોટી છે. બરાબર વિચારો ને સાચે રસ્તે પડો. ખરેખર રસ્તા કસોટી કરતાં હોય છે.

આ કરે જ છે ને કસોટી - વરસાદ પછીના આપણા રસ્તા! શહેરના મોટા, સરસ, સપાટ રસ્તા પણ ખાડા-ગાબડાંથી આપણને અને આપણાં વાહનોને નૃત્ય કરાવી દે છે. જીવસટોસટનો ખેલ આ રસ્તાના પ્રવાસો. અને કોઈ કૃપાળુઓ જ્યારે એ ખાડા પૂરે છે ત્યારે વળી નાના નાના ટેકરા અથડાય છે આપણને. નૃત્ય એનું એ જ, પ્રકાર બદલાય છે. 'ખાડે પડો' ને પછી ઝટ 'રસ્તે પર' - બંનેના અર્થ એક જ થાય છે અહીં તો!

આપણા આવા રસ્તા જોઈને, વળી કોઈ અમેરિકા કે યુરોપ જઈ આવેલાઓ શેખી કરવાના - અરે જુઓ તમે ત્યાંના રસ્તા! વિશાળ, ને દર્પણ જેવા લિસ્સા. પાણીના રેલાની જેમ તમારી કાર સરકે છે ત્યાં...

અરે પણ ભલા માણસ, દર્પણ જેવો રસ્તો જોઈને જ બેસી રહેવાનું ? અમેરિકામાં તમે રસ્તા જ જોઈ આવ્યા કે રસ્તાની આસપાસ પણ જોયું? બંને બાજુ ઘેરાં લીલાં જંગલોને અને ક્યારેક રંગબેરંગી વૃક્ષો જ વૃક્ષો ને વચ્ચે રસ્તો. રસ્તો તમને આવા સૌંદર્યલોકમાં ન ફેરવે તો એ આપણો રસ્તો નહીં. રસ્તે જતાં જતાં વળી આવાં સૌંદર્ય સ્થાનોમાં આપણી આંખ કોઈ નવી કેડી કોતરી લે તો તમે હવે સાચા રસ્તે છો. લો, જોયું ને ? આપણે કેડીને તો ભૂલી જ ગયા! વિકાસની વાત કરતા વિદ્વાનો એક રૂપકની મદદ લે છે. કહે છે : નાનકડી કેડી જોતજોતાંમાં રાજમાર્ગ બની ગઈ. પણ કેડીની માયા પણ કંઈ ઓછી છે? કેમકે એ કેડી આપણે કોરી છે - આપણે જાતે કેડીમાંથી રસ્તો કર્યો છે. તૈયાર રસ્તે તો સૌ ચાલે, પણ રસ્તો ન હોય ત્યાં પણ રસ્તો કાઢે એ ખરો શોધક, અને

એ જ સાચો રસિક. ઉમાશંકર જોશીએ કહેલું એમ - ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી. આ કુંજો જોવા માટે કેડી જોઈએ. રસ્તા જો અસંખ્ય છે તો કેડી અનંત છે. તમારો પગ પૂરા વિશ્વાસથી આગળ જાય તો નવી કેડી પડે ને પછી નવો ચીલો પડે.

આવા તો કેટકેટલા રસ્તા આપણા પગની છાપને ઝંખતા ઊભા હોય છે! આપણામાં ઈચ્છા જોઈએ ને સ્ફૂર્તિ જોઈએ. સૌંદર્યનો આનંદ પામવા અનેક રસ્તે ફરી વળેલાને વળી નવા નવા રસ્તાની અભિલાષા જાગે.

કવિ ઉશનસ્‌ની કાવ્યપંક્તિ યાદ આવી જાય છે. કવિ કહે છે - 'અરે કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા'.

નવે નવે રસ્તે આપણાં ચરણની મુદ્રા, એની છાપ અંકાય એ સંકલ્પ સાથે અહીં સ્હેજ પથનો વિસામો લઈએ ને?

❑❑❑

ફોન : ૯૨૨૮૨૧૫૨૭૫

# ઈશ્વરીય અનુભૂતિની ક્ષણો

**અભિજિત વ્યાસ**

**ભ**ગવાન છે કે નહીં એ એક આસ્થાનો પ્રશ્ન છે. તેમાં માનવું ન માનવું તે પણ વ્યક્તિગત બાબત છે. એટલે એવી બધી બાબતોમાં નથી જતો. મારા માતુશ્રી જેટલા ધાર્મિક છે, તેટલાં જ મારા પિતાશ્રી આ બધામાં ન માનનારા.

મારા આવી બધી બાબતો પ્રત્યેના વિચારો થોડા અસંમજસ ભરેલા છે. એટલે મને ઈશ્વરમાં શ્રધ્ધા નથી અને મને ઈશ્વરના દર્શન થયા છે તેમ બન્ને હું કહી શકું તેમ છું. મને મહાભારત વાંચવું અને તેના વિશે સાંભળવુ ગમે છે. પણ અન્ય ધાર્મિક ગ્રંથો પ્રત્યે હું ખાસ આકર્ષાયો નથી. એટલે જેઓ ધાર્મિક કે આસ્થાવાન છે તેવો તો હું બિલકુલ નથી જ. તે છતાં કેટલાક એવા પ્રસંગો બનેલા જેને હું ઈશ્વરીય અનુભૂતિ જેવા કે ખુદ ઈશ્વરના દર્શન કર્યા હોય તેવા ગણું છું.

૧૯૮૫માં હું અમદાવાદ હતો અને ત્યાં 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં કાર્યરત હતો. એ વર્ષના મે-જૂન મહિનાઓ દરમ્યાન ત્યાં અનામત વિરોધી આંદોલન થયેલું જે પછીથી હિંસક હુલ્લડમાં ફેરવાઈ ગયું હતું. અમારી ઓફિસની નજીક આવેલા 'ગુજરાત સમાચાર'ના પ્રેસને કેટલાક તોફાની તત્વોએ આગ લગાડીને બાળી નાખ્યું હતું. બધે જ તોફાનો ચાલતા હતા. અમારી 'ઈન્ડિયન એક્સપ્રેસ'ની ઓફિસ પર પણ નજીક આવેલા મીરજાપૂરના કતલખાનાએથી હથિયાર લઈને આવેલા લોકોએ પથ્થરબાજી કરી હતી. મીલીટરીના માણસોએ ત્યાં આવીને ફાયરીંગ કરીને અમને સૌને સલામત સ્થળે ચાલ્યા જવા કહેલું. એવા સંજોગોમાં હું ઓફિસથી છૂટીને જઈ રહ્યો હતો. કોઈ વહાન મળવું મુશ્કેલ હતું. આશ્રમ રોડથી થોડો આગળ પહોચ્યો ત્યાં બહુ તોફાન ચાલતા હતા. લોકોનું મોટું ટોળુ હથિયારો લઈને ઊભું હતું અને તેઓ દુકાનોને આગ લગાડી રહ્યા હતા. હું ખૂબ મુંઝાઈ ગયો હતો. આવામાં બચીને જવું કઈ રીતે? આવું મનમાં ચાલતું હતું ત્યાં જ કોણ જાણે ક્યાંકથી એક માણસ સ્કુટર પર ઝડપથી આવ્યો અને મને કહે બેસી જાઓ. હું પણ કંઈ વિચાર્યા વગર બેસી ગયો. બહુ થોડી ક્ષણોમાં એ બધું બનતું હતું. સ્કુટર ખૂબ ઝડપથી ચલાવીને એક સલામત સ્થળે મને ઉતારી કહ્યું, 'હવે અહીંથી કોઈ તકલીફ નહીં પડે. તમે ભાગી જાવ. અને આટલું કહી તે અલોપ થઈ ગયો. થોડું હાલ્યો ત્યાં મને એક રીક્ષા વાળો મળી ગયો જે મને મારા સ્થાને મૂકી ગયો.

મનમાં અનેક વિચાર આવી ગયા. એ માણસ જ તોફાનીઓમાંનો એક હોત તો મારું શું થાત? કઈ જાતનો કે ધર્મનો હતો તે પણ નહોતી ખબર. અરે, તેનો ચહેરો યાદ કરવાની કોશિશ કરી તો પણ તે યાદ ન આવ્યો કે તે કોણ હતો. તો પછી ખરેખર તે કોણ હતો? અને આમ અચાનક આવીને મને બચાવી ગયો. અને તે ન આવ્યો હોત તો પછી મારું શું થાત એવો પણ મનમાં પ્રશ્ન થયો. આ માણસને શું કહેવું? એ ઈશ્વર કે પછી ભગવાન નહીં તો બીજું કોણ હતું! ભગવાન એટલે પીતાંબર અને મૂગટ પહેરેલા જ હોય તેવું થોડું માની લેવાય?

તે દિવસે માનસિક શારીરિક રીતે હું એટલો બધો થાકી ગયો હતો કે વહેલો સૂઈ ગયો. મારી વાત સાંભળીને પણ કેટલાયને વિસ્મય થયું હતું. મને એવી તો નીંદર આવી કે હું સૌ કોઈને ભૂલી ગયો હતો. તે રાત્રે શ્રી કનુભાઈ જાનીના પત્ની મધુબહેન મારી તપાસ કરવા આવ્યા ત્યારે એમણે બારીમાંથી મને ઘસઘસાટ સૂતો જોઈને ચાલ્યા ગયા. અદભૂત હતી એ રાત્રી. મને કોણ બચાવવા આવ્યું હતું?'

આ બનાવ ૧૯૯૮ના વર્ષનો છે. મારા બનેવીને ટાઈફોડ થઈ ગયો હતો અને એમને બરોડાની હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. મારી બહેને મને ખાસ ફોન કરીને તેડાવ્યો હતો કે હોસ્પિટલના કામમાં હું મદદરૂપ થઈ શકું. ફોન આવતા જ ત્રણેક જોડ કપડા લઈને હું નીકળી પડેલો.

વડોદરા પહોંચીને હું સીધો જ હોસ્પિટલ ગયો. આખો દિવસ હું ત્યાં બહેન પાસે જ હતો. એમનો સ્પેશિયલ રૂમ હતો તેથી હું અને બહેન આખો દિવસ રૂમમાં જ બેઠા હતા. સામાન્ય રીતે મુલાકાતીઓને માટેનો સમય બહુ થોડો હોય છે. પણ સ્પેશિયલ રૂમ હતો તેથી હું બધો વખત ત્યાં હાજર રહી શક્યો. રાત્રે હું

બહાર હોસ્પિટલના કંપાઉન્ડમાં એક બાંકડા ઉપર સૂઈ જવા આડો પડયો. ત્યાં જ એક અજાણી અને સાવ સામાન્ય વ્યક્તિએ આવીને મને ચાદર ઓઢાડી. હું એટલો બધો થાકી ગયો હતો કે ઠંડો પવન હતો તેનો કોઈ ખાસ ખ્યાલ પણ નહોતો. મને ચાદર ઓઢાડતા પેલો માણસ બોલેલો, 'તમે માંદા પડશો તો તમે જેના માટે આવ્યા છો એ દર્દીનું કોણ કરશે?' મને વિશેષ કંઈ ખબર નહોતી અને થાકને કારણે મને તો તરત નીંદર આવી ગઈ. આજૂ બાજૂ બીજા પણ અનેક લોકો સૂતા હતા.

થાક્યો એવો હતો કે રાત ક્યારે પૂરી થઈ તેનો ખ્યાલ ન રહ્યો. સૂર્ય પણ ઉગી ગયો હતો. પણ મારી નીંદર હજી ઉઠી નહોતી. મનમાં એમ પણ ખ્યાલ નહોતો કે કોઈકની ચાદર ઓઢીને હું સૂતો છું. પણ સૂર્ય કિરણો માથા પર આવતા મારી નીંદર ઉડી. ત્યારે આજૂબાજૂના બધા ઉઠીને જતા રહ્યા હતા. એક માત્ર હું જ સૂતો હતો. અને નજીકમાં મને ચાદર ઓઢાડનાર માણસ બેઠો હતો. એને કયાંક જાવું હશે તો પણ એ મારા ઉપરથી ચાદર લઈને ચાલતો ન થતાં મારી ઉઠવાની રાહ જોઈને બેસી રહ્યો હતો. મેં ઉઠીને એમને ચાદર આપતા આભાર માન્યો ત્યાં તો તે ચાદર લઈને ચાલતો થઈ ગયો. એ કોણ હતો, કેવો હતો, ક્યાંથી આવ્યો હતો તે બાબત કશું જાણતો નહોતો. પણ આવી રાત્રીએ એણે મને ચાદર ઓઢાડીને અવર્ણનીય ઉંઘનો અનુભવ કરાવ્યો હતો.

હોસ્પિટલના રૂમમાં બેન પાસે ગયો ત્યારે તે મારી ચિંતા કરતી હતી કે તું કંઈ ઓઢવાનું તો લઈ જતા ભૂલી ગયો હતો. પણ આ બધી ઘટનાની વાત કરી ત્યારે તેને પણ આશ્ચર્ય થયું. કોણ હતું એ જેણે મને આમ ચાદર ઓઢાડી હતી?

આ કંઈ ચમત્કાર નહોતા. પણ જે બન્યું તે કંઈક જૂદો જ અનુભવ કરાવતા પ્રસંગો હતા. એની અનુભૂતિ કંઈક વિશિષ્ટ જ હતી. ❑❑❑

ફોન : ૯૨૨૮૧૨૮૭૨૮

# ગોપનું પ્રાચીનતમ મંદિર

**સવજી છાયા**

જગતના આશ્ચર્ય વચ્ચે પાંચમી શતાબ્દિનું ભારતીય સ્થાપત્ય ગોપનું મંદિર આજે બચવા પામ્યું તે આશ્ચર્યજનક ઘટના ગણાય. અલબત તે એક સમયે ખંડેર હાલતમાં હતું તેથી તેના પર ભારતીય પુરાતત્ત્વ વિભાગે અનેક વખત સમારકામ કર્યાનું જણાય છે. ભારતવર્ષની કેટલીક પ્રાચીન ગુફાઓ જેમ સૌરાષ્ટ્ર-ગિરનાર સાચવી બેઠા છે. તો બરડો ડુંગર પણ તેની કોતરોમાં આજે પણ પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય-મંદિરાનું રક્ષણ કરી રહ્યો છે. પુરાતત્ત્વવિદ પ્રભાશંકર સોમપુરાના મત પ્રમાણે ''પ્રાચીન અવશેષોનું નિરીક્ષણ કરતા પ્રારંભિક કાળના અવશેષો પ્રાપ્ત થવા દુર્લભ છે પરંતુ ઈ.સ. પૂર્વેની પહેલી-બીજી શતાબ્દિનાં થોડા અવશેષો પ્રાપ્ત થયા છે તે અવશેષો ગુફાઓ સ્વરૂપે મળે છે ઈ.સ. ની ત્રીજી-ચોથી સદી કે ગુપ્તકાળના મંદિરો જો કે અલ્પ છે તે સમયના અને પછીના કેટલાક વિશિષ્ટ મંદિરો સૌરાષ્ટ્રમાં આવેલા છે.'' તે પૈકીનું આ પાંચમી સદીનું ભારતભરનું એક માત્ર જીણાવાળી ગોપ ગામનું મંદિર ગણાય છે. તે આપણી સમક્ષ હયાત એક માત્ર હિન્દુ ધર્મનો જૂનામાં જૂનો અવશેષ ગણી શકાય. ત્યારપછીના કાળના મંદિરોમાં સૌરાષ્ટ્રે બીલેશ્વર, વીસાવાડા, કિન્દરખેડા, કણસાર, ભણસાર, પિંડારા, વસઈ, ધ્રાસણવેલ, ધ્રેવાડનાં મગ તથા કાલિકાના દહેરા ગણી શકાય.

ગોપનું મંદિર ગુપ્તકાલીન હોવાથી તે ઊંચી અને વિશિષ્ટ જગતી પર આવેલ છે. તેના પ્રદક્ષિણા માર્ગના બાહ્ય મંડોવરની દીવાલો ભગ્ન છે. પીઠ પર દેવી-દેવતાઓના સ્વરૂપો છે, જેનું કાળના મારને કારણે મૂર્તિવિધાન શક્ય નથી. મંદિરના મૂળ ગર્ભગૃહની આંતર કે બાહ્ય દીવાલો ઉપાંગો વગરની તદ્દન સાદી છે. તેનો પ્રદક્ષિણા પંથ ત્રાંસી છતથી આચ્છાદિત છે. ગર્ભગૃહ પર વલ્લભી-ચૈત્યબારીની આકૃતિઓ બે કપોત-વરંડિકાના થરો વચ્ચે આવેલ છે. મથાળે આમલક કે કળશ જોવા નથી મળતા. ગોપના આ સ્થાપત્ય માળખાને વિગતથી જોતા તે વિશાળ ૮૫x૯૦x૧૧ફૂટ ઊંચી જગતી પર આરૂઢ છે. મંદિરનું સમચોરસ ગર્ભગૃહ અંદરથી ૧૦ ફૂટ-૯ઈંચ છે. દીવાલોની જાડાઈ ૨ફૂટ-૬ઈંચ છે. અને ઊંચાઈ ૧૭ ફૂટ છે. એક સમયે ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા પંથ હશે તેમ ગર્ભગૃહની દીવાલમાં નિયમિત અંતરે ૧૪ ફૂટની ઊંચાઈએ દેખાતા ચોરસ ખાડાઓ પરથી જાણી શકાય છે. જગતીના અંદરની પૂર્વે સોપાન શ્રેણી હતી તે હવે વિદ્યમાન નથી. ગુજરાતના તમામ મંદિરો કરતા આ મંદિરની જગતી સૌથી ઊંચી છે, તેના વિષે રસપ્રદ વર્ણન શ્રી નાણાવટી અને ઢાંકીએ તેમના પુસ્તક 'ધી મૈત્રક એન્ડ સૈંધવ ટેમ્પલ્સ ઓફ ગુજરાત'માં કર્યુ છે. જગતી વાજન, કપોત તથા કંઠ જેવા થરોની બનેલ છે. તેમાં ભદ્ર ગવાક્ષો પણ શોભે છે. જગતી પર ચોરસ મંદિર અને તેના પર બે ભારે ભૂમિવાળું ફાનસાકાર શિખર ઉભુ છે. તેની પ્રથમ ભૂમિ પર બે અને તેની ઉપરની ભૂમિ પર એક એમ ચારે દિશાએ ત્રણ-ત્રણ ચંદ્રશાલાઓ (ચૈત્યબારી) તક્ષણ પામી છે. તેમાં રત્નોથી આભૂષિત શુરસેનની અદ્ભૂત રચના છે. ગર્ભગૃહનું દ્વાર સાદું છે. અહીં બ્રાહ્મી લીપીમાં સાત અક્ષરોનો લેખ કોતરેલ છે. દ્વાર પર છાજય છે. પહેલાના વખતમાં ઉત્તરની ચંદ્રશાલામાં ઉતાનપાદ્ અદિતિ તથા પશ્ચિમની ચંદ્રશાલામાં ગણેશની મૂર્તિઓ હતી તે સમારકામ

વખતે ઊતારી ગર્ભગૃહમાં મૂકેલ જણાય છે. મંદિરનું ગર્ભદ્વાર પશ્ચિમાભિમૂખ છે. ગર્ભગૃહમાં બે ગુપ્તકાલીન પ્રતિમાઓ પાછળથી લાવી મૂકેલ જણાય છે. તેમાં એક ચતુર્ભૂજ વિષ્ણુ જેમણે પારદર્શક ધોતી પહેરેલ છે તેની ગાંઠ જમણી બાજુ કેડ પર બાંધેલી છે. તેમના હાથ ખંડિત છે. ઉપરના બંને હાથમાં ચક્ર તથા ગદાના ભગ્ન આયુધો સમજી શકાય છે. માથા પર રત્નખંચિત મુગટ તથા પાછળ બૌધકાલીન સ્થાપત્ય પ્રમાણેની આભાવલય છે. પગ પાસે બે પ્રતિહારો છે. અન્ય પ્રતિમા સ્કંદની હોવાનું મૂર્તિ વિધાને ઈતિહાસવીદોનું માનવું છે. સ્કંદને બે હાથ છે. ડાબો હાથ કેડ પર ટેકવેલ છે. બીજા હાથમાં ભાલો છે. શિર પર જટાયુક્ત મુગટ છે. બેશક આ પ્રતિમાઓ પ્રાચીન કાળની છે પણ તે આ મંદિરની સેવ્ય પ્રતિમાઓ હોય તેમ જણાતું નથી. તે અન્ય સ્થળેથી અહીં મુકાયેલી જણાય છે. કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે આ મંદિરનું માળખું પ્રાચીનકાળનાં સૂર્ય મંદિર જેવું છે. વળી અદિતિની ગર્ભગૃહમાં પડેલી પ્રતિમા તેમાં સાથ પુરાવે છે. કારણ સૂર્ય અદિતિ પુત્ર આદિત્ય ગણાય છે.

મંદિરના સમયકાળ વિષે ઈતિહાસકાર 'જેમ્સ બર્જસ'નું કહેવું છે કે 'મંદિરના દ્વાર પર બ્રાહ્મી અક્ષરો છે તેનો સમય શુ હશે તે કહેવું મુશ્કેલ છે. પણ મને એમ માનવા મન થાય છે કે કાઠિયાવાડમાં આ પ્રકારનું આ સૌથી પ્રાચીન સ્થાપત્ય છે. અને સંભવતઃ છઠ્ઠી સદી પછીનું તો નથી જ' પ્રાચીનકાળના આ મંદિરમાં જે તે સમયનાં સ્થાપત્યોનું દર્શન થાય છે. ગુપ્તકાળની અસર ધરાવતું આ મંદિર ગુજરાતને આંગણે કેમ બંધાયું હશે? તે પુરાતત્ત્વવિદોને મુંઝવતો પ્રશ્ન છે. એક વિગત પ્રમાણે ઉત્તર ગુજરાતના શામળાજીમાં ગુપ્તકાલીન આભૂષણોથી ખચિત કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. શામળાજીથી સૌરાષ્ટ્રના આ કાઠે સમ્રાટ અશોક તથા ગુપ્ત સમ્રાટોની એક સમયે અસર હશે તે આ મંદિરના સ્થાપત્ય પરથી ફળીભૂત થાય છે. અશોકનો શિલાલેખ જૂનાગઢમાં હોવાનું સર્વવિદિત છે.

નોંધ : આ મંદિરની ચૈત્યબારી પીપળાના પાનના આકારની છે, તે જુનાગઢ તથા અજંતાની બૌધ ગુફાઓના પ્રવેશદ્વાર જેવી છે. ગોપ શબ્દનો એક અર્થ સૂર્ય થાય છે. એટલે પણ ઘણા વિદ્વાનો તેને સૂર્ય મંદિર કહે છે.

૧. ચૈત્યબારીનું સ્પષ્ટ આલેખન દર્શાવતું જીણાવારી ગોપના મંદિરનું શિખર.
૨. વિશાળ જગતી સાથે ગર્ભગૃહનું મુખદ્વાર તથા ગુપ્તકાલીન અસર ધરાવતું મંદિર-સ્થાપત્યનું માળખું.
૩. કોણથી દેખાતું મંદિરનું માધુર્ય.
૪. વૃક્ષ આચ્છાદિત ગોપનું મંદિર.
૫. ગર્ભગૃહમાં પડેલ વિષ્ણુ, સ્કંદ, અદિતિ તથા ગણેશની પ્રતિમાઓ.

❑❑❑

જગત મંદિર સામે,
ધનેશ્વરી શેરી,
દ્વારકા-૩૬૧૩૩૫
મો. નં. ૯૮૭૯૯૩૨૧૦૩

સંદર્ભ :ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ -૨
સ્વાધ્યાય, ઓક્ટો, ઈ.સ. ૧૯૬૮ અંક -૧
કુમાર, સપ્ટે ઈ.સ. ૧૯૭૯ અંક-૯

# પંડિતવર્ય આચાર્યકલ્પ શ્રી ટોડરમલજી

**ડૉ. રશ્મિ ભેદા**

પંડિતપ્રવર ટોડરમલજી દિગંબર જૈન ધર્મના પ્રભાવક વિશિષ્ટ મહાપુરૂષ હતા. હિંદી સાહિત્યના દિગંબર જૈન વિદ્વાનોમાં તેમનું નામ ખાસ ઉલ્લેખનીય છે. હિંદીના ગદ્યલેખક વિદ્વાનોમાં તેઓ પ્રથમ કોટિના વિદ્વાન ગણાય છે. તેઓ જ્ઞાનસાધના અને સાધુતાના પ્રતીક હતા. એ ન તો ત્યાગી હતા કે ન કોઈ ધુંરધર આચાર્ય, પરંતુ સાચા પુરૂષાર્થી અને વીતરાગ વિજ્ઞાનદર્શી હતા. પંડિત ટોડરમલજી એવા દાર્શનિક સાહિત્યકાર તેમજ ક્રાંતિકારીઓમાંના એક હતા જેમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં આવેલી વિકૃતિઓનો સાર્થક અને સમર્થ રીતે કેવળ ખંડન જ ન કર્યું પણ એમને જડમૂળથી ઉખાડી ફેંકી. પંડિતજીનો સમય વિ.સં. ૧૭૭૬-૭૭ થી ૧૮૨૩-૨૪ સુધીનો છે. એ જયપુરના નિવાસી હતા અને એમનો અધિકાંશ જીવન ઢૂંઢાડ પ્રદેશમાં વ્યતીત થયો. એ સમય સંક્રાન્તિકાલનો યુગ હતો જ્યારે રાજનીતિમાં અસ્થિરતા, સંપ્રદાયોમાં તણાવપૂર્ણ વાતાવરણ, સાહિત્યમાં શૃંગાર, ધર્મના ક્ષેત્રમાં રૂઢિવાદ. આર્થિક જીવનમાં વિષમતા અને સામાજિક જીવનમાં આડંબર આ સર્વ ચરમ સીમાપર હતું. આ બધા સામે પંડિતજીએ પોતાના પ્રાણોનું બલિદાન આપીને સંઘર્ષ કર્યો. જૈન જગતમાં દાર્શનિક અને વૈચારિક ક્ષેત્રમાં તેમજ તત્સમય તંત્ર-મંત્ર, કર્મકાંડ અને ભૌતિકતાની વિચારધારામાં ઉભરાતો ભટ્ટારકવાદ અને એની સામાજિક માન્યતાઓના વિરૂદ્ધ પ્રબલ સંઘર્ષકર્તાના રૂપમાં પંડિત ટોડરમલજીનું વિશિષ્ટ મહત્વ છે. એમણે અતીતની વૈચારિક પરંપરાઓને પ્રબલ તર્કની કસોટી પર, કસીને જે તત્સમય દિગંબર શાસ્ત્ર-સમયસાર, ગોમ્મટસારના આધારે તેને

પરિપુષ્ટ કરી.

જે સમયે શ્રી નિર્ગ્રંથ વીતરાગ માર્ગના ગ્રંથોના પઠન પાઠનનો અભાવ થઈ રહ્યો હતો એવા સમયે પંડિત પ્રવર શ્રી ટોડરમલજીનો ઉદય થયો હતો. એમના પિતાનુ નામ જોગીદાસ અને માતાનું નામ રંભાદેવી હતું. તેઓ ખંડેવાલ જાતિના હતા અને એમનું ગોત્ર 'ગોદિકા' હતુ. એ વિવાહીત હતા પરંતુ પત્નીનો કાંઈ ઉલ્લેખ મળતો નથી. એમને બે પુત્ર હતા. હરિચંદ અને ગુમાનીરામ. ગુમાનીરામ પણ એમની જેમ ઉચ્ચકોટિના વિદ્વાન અને પ્રભાવક આધ્યાત્મિક પ્રવક્તા હતા. એમના શિક્ષાગુરૂનુ નામ બાબા બંશીધરજી હતું. તીવ્ર બુદ્ધિશક્તિના કારણે ટોડરમલજી શાસ્ત્રપાઠ અને તેના અર્થનું શીઘ્ર અવધારણ કરી લેતા. કુશાગ્ર મેધાના લીધે નાની ઉંમરમાં ટુંકા સમયમાં જૈન સિદ્ધાન્ત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, કોષ આદિ વિવિધ વિષયોમાં દક્ષતા પ્રાપ્ત કરી હતી. તત્કાલીન સમાજમાં ધાર્મિક અધ્યયન માટે અત્યારની જેમ વિદ્યાલય ન હતા. લોક શૈલીઓના માધ્યમથી જ્ઞાનપ્રાપ્તિ કરતા. સૈલી એટલે તત્કાલીન સમાજમાં જ્યાં આધ્યાત્મિક ચર્ચા થતી એ મંડળીને સૈલી કહેવાતી. પંડિત ટોડરમલજીનો અભ્યાસ પણ જયપુરના એક આધ્યાત્મિક તેરાપંથી સૈલીમાં થયો જ્યાં બાબા બંસીધરજી એ સૈલીના સંચાલક હતા. એમનું પ્રાકૃત, સંસ્કૃત અને હિંદી આ ભાષા ઉપરાંત કન્નડ ભાષા પર પણ પ્રભુત્વ હતું. દિગંબર મૂલગ્રંથોને એ કન્નડ લિપિમાં વાંચી, લખી શકતા હતા. આ ભાષાનું જ્ઞાન એમણે પોતે જ મેળવ્યું, કારણ એ સમયે ઉત્તર ભારતમાં કન્નડ ભાષાના અધ્યાપનની વ્યવસ્થા ન હતી. કન્નડ દ્રવિડ પરીવારની લિપિ છે અને દ્રવિડ પરિવારની બધી લિપિ શીખવું મુશ્કેલ છે, એમાં પણ બીજાની સહાયતા વગર એ ભાષા શીખવી એનાથી પણ મુશ્કેલ છે. છતા પંડિતજીએ કન્નડ ભાષાનું જ્ઞાન જાતે જ મેળવ્યું. અને કન્નડ ગ્રંથો પર એમણે જૈન સભાઓમાં પ્રવચન આપેલા. પોતાની કુશાગ્ર બુદ્ધિથી તેમણે ષડ્દર્શનના ગ્રંથો, બૌદ્ધ, મુસ્લિમ તેમજ અન્ય અનેક દર્શનના ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. શ્વેતામ્બર-સ્થાનકવાસીના સૂત્રો તથા ગ્રંથોનુ પણ અવલોકન કર્યું હતું, તેમજ દિગંબર જૈન શાસ્ત્રમાં શ્રી સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદમનન્દિપંચવિંશતિકા, શ્રાવકમુનિધર્મના પ્રરૂપક અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી એમની બુદ્ધિ ઘણીજ પ્રખર બની હતી. શાસ્ત્રસભા, વ્યાખ્યાનસભા અને વિવાહસભામાં તેઓ ઘણાજ પ્રસિદ્ધ હતા. આ અસાધારણ પ્રભાવકપણને લીધે તેઓ તત્કાલીન રાજાને પણ અતિશય પ્રિય થયા હતા. અને એ જ રાજપ્રિયતા તથા પાંડિત્યપ્રખરતાના કારણે અન્યધર્મીઓને તેમના પ્રત્યે મત્સરભાવ થયો હતો, કારણ અન્ય ધર્મીઓના મોટા મોટા વિદ્વાનો પણ પરાભવ પામતા હતા. આ મત્સરભાવ અને વૈરભાવને કારણે જ પંડિતજીનો અકાળે દેહાન્ત થયો હતો.

આત્મસ્વરૂપની પ્રાપ્તિ અને આધ્યાત્મિક તત્ત્વપ્રચાર એ જ એમના જીવનનું એકમાત્ર લક્ષ્ય હતું. જીવનનું મુખ્ય ધ્યેય સ્વ અને પરનું કલ્યાણજ હતું. લૌકિક કાર્યોમાં પણ એમને કોઈ રૂચિ ન હતી. અંતરંગમાં ક્ષયોપશમ વિશેષથી અને બાહ્યમાં તર્કવિતર્કપૂર્વક અનેક શાસ્ત્રોના અધ્યયનથી એમનો વીતરાગભાવ એટલો બધો વધી ગયો હતો કે સાંસારિક કાર્યોથી તેઓ પ્રાયઃ વિરક્ત જ રહેતા હતા. આ વિષયમાં એક જનશ્રુતિ એવી પણ છે કે જે કાળમાં તેઓ ગ્રંથ રચના કરી રહ્યા હતા તે કાળમાં તેમના માતુશ્રીએ ખાદ્ય પદાર્થોમાં છ મહિનાસુધી મીઠાલુણ નાખ્યું ન હતું. છ મહિના પછી શાસ્ત્રરચનામાંથી એમનો ઉપયોગ કંઈક ખસતા એમણે માતુશ્રીને પૂછ્યું, 'માજી, આજે દાળમાં મીઠાલુણ કેમ નથી નાંખ્યું. એ સાંભળી માજીએ કહ્યું, 'હું તો છ મહિનાથી મીઠાલુણ નાખતી નથી.' આવી રીતે એમણે પોતાના જીવનનો અધિકાંશ સમય સ્વાનુભવ પ્રાપ્તિનો પુરૂષાર્થ તેમજ શાસ્ત્રાભ્યાસ, મનન, ચિંતન, લેખન, તત્ત્વોપદેશ અને તત્ત્વસંબંધી સાહિત્ય નિર્માણમાં ગાળ્યો. અધ્યયન અને ધ્યાન એ જ એમની સાધના હતી. એના ફલસ્વરૂપ 'હું ટોડરમલ છું'ની અપેક્ષા 'હું જીવ છું'ની અનુભૂતિ એમનામાં અધિક પ્રબલ થઈ હતી. એટલેજ 'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા'ના પ્રશસ્તિમાં પોતાનો પરિચય સહજ રીતે એમણે આ પ્રમાણે આપ્યો છે. ''હું તો જીવ દ્રવ્ય છું, મારૂં સ્વરૂપ ચૈતન્ય (જ્ઞાન, દર્શન) છે. હું અનાદિ કર્મોથી લેપાયેલો છું. કર્મોના નિમિત્તથી મારામાં રાગ, દ્વેષની ઉત્પત્તિ થાય છે. રાગ, દ્વેષ મારો સ્વભાવ ભાવ નથી. ઔપાધિક ભાવ છે. એના નિમિત્તથી આ શરીરનો સંગ થયો છે. હું તો રાગાદિ અને શરીર બંનેથી ભિન્ન જ્ઞાનસ્વભાવી જીવ તત્ત્વ છું.'' આટલા પ્રતિભાસંપન્ન હતા અને આટલી રચનાઓ કર્યા છતા જરા પણ કર્તૃત્વભાવ ન હતો. પોતાના લેખન તત્ત્વોપદેશ સંબંધી તેઓ લખે છે.' બોલવું, લખવું એ તો જડ પુદ્ગલની ક્રિયા છે, પાંચે ઈંદ્રિયો અને મન પણ પુદ્ગલના જ બનેલા છે. એની સાથે આપણા જીવ દ્રવ્યને કાંઈ સંબંધ નથી કારણ હું તો ચેતન દ્રવ્ય આત્મા છું, એનો કર્તા હું કેવી રીતે હોઈ શકું? આ ટીકા ગ્રંથોની રચના કાગળરૂપ પુદ્ગલ સ્કંધો પર શાહીના પરમાણુઓથી થઈ છે. મેં તો માત્ર તેને જાણ્યું છે, હું માત્ર જાણનારો છું.''

પંડિત ટોડરમલજી આધ્યાત્મિક સાધક હતા, સરળ સ્વભાવના સાધુ પુરૂષ હતા. એમણે જૈનદર્શન અને સિદ્ધાન્તોનું કેવળ અધ્યયન જ નથી કર્યું પરંતુ તત્કાલીન જનભાષામાં લેખન કર્યું છે, એમનો ઉદ્દેશ્ય દાર્શનિક ચિંતનને જનસાધારણ સુધી પહોંચાડવાનો હતો. પંડિતજીએ પ્રાચીન જૈન ગ્રંથોની વિસ્તૃત, ગહન પરંતુ સુબોધ ભાષામાં ટીકાઓ લખી છે. એમની રચનાઓને બે ભાગમાં વહેંચી

શકાય. (૧) મૌલિક રચનાઓ (૨) વ્યાખ્યાત્મક ટીકાઓ. મૌલિક રચનાઓ ગદ્ય અને પદ્ય બેઉમાં છે. ગદ્ય રચનાઓ ચાર શૈલીમાં છે - (૧) વર્ણાત્મક શૈલી (૨) પત્રાત્મક શૈલી (૩) યંત્ર-રચનાત્મક (ચાર્ટ) શૈલી (૪) વિવેચનાત્મક શૈલી.

- વર્ણનાત્મક શૈલીમાં સમોવસરણ આદિનું સરળ ભાષામાં વર્ણન કર્યું છે.
- પંડિતજી પાસે જિજ્ઞાસુ લોકો દૂર દૂરથી પોતાની શંકાઓ પત્ર દ્વારા મોકલતા હતા એના સમાધાનમાં જે લખતા એ લેખન પત્રાત્મક શૈલીના અંતર્ગત આવે છે. એમાં તર્ક અને અનુભૂતિનો સુંદર સમન્વય જોવા મળે છે. આ પત્રોમાં એક પત્ર ઘણોજ મહત્વપૂર્ણ છે. સોળ પાનાનો આ પત્ર 'રહસ્યમય ચિઠ્ઠિ' નામથી પ્રસિદ્ધ છે.
- યંત્ર રચનાત્મક શૈલીમાં ચાર્ટ દ્વારા વિષયને સ્પષ્ટ કર્યો છે.
- વિવેચનાત્મક શૈલીમાં સૈદ્ધાન્તિક વિષયોનું પ્રશ્નોત્તર પદ્ધતિથી વિસ્તૃત વિવેચન કરેલું છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' આ શ્રેણીમાં આવે છે.

પદ્યાત્મક રચનાઓ બે વિભાગમાં છે - (૧) ભક્તિપરક (૨) પ્રશસ્તિપરક

વ્યાખ્યાત્મક ટીકાઓ પણ બે વિભાગમાં કરી શકાય -

(૧) સંસ્કૃત ગ્રંથોની ટીકાઓ (૨) પ્રાકૃત ગ્રંથોની ટીકાઓ

સંસ્કૃત ગ્રંથોની ટીકાઓમાં આત્માનુશાસન ભાષા ટીકા અને પુરૂષાર્થસિદ્ધિ ઉપાય ભાષા ટીકા છે. પ્રાકૃત ગ્રંથટીકામાં 'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા' છે. ગોમ્મટસાર વગેરે કરણાનુયોગના ગ્રંથો એવા ગહન છે કે જેમનું પઠન પાઠન વિશેષ બુદ્ધિ અને ધારણાશક્તિવાળા વિદ્વાનોને પણ કષ્ટસાધ્ય છે. (ગોમ્મટસારમાં જે સૂક્ષ્મ સૈદ્ધાન્તિક વિચારો દર્શાવેલા છે એના કારણે ટોડરમલજીના પાંચસો વર્ષ પહેલા ગોમ્મટસારજીનું પઠન અને પાઠન લગભગ લુપ્ત જેવું થઈ ગયું હતું) ટોડરમલજીએ એના પર 'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા' આ ટીકા લખી અધ્યયનનો માર્ગ ખોલ્યો.

'મોક્ષમાર્ગપ્રકાશક' પંડિત ટોડરમલજીનો મહત્વનો ગ્રંથ છે. દિગંબર જૈન સાહિત્યમાં આચાર્ય કુંદકુંદદેવરચિત સમયસાર અને સિદ્ધાન્તચક્રવર્તી નેમિચંદ્રાચાર્ય રચિત ગોમ્મટસાર પ્રમાણ, પૂજ્ય અને સર્વમાન્ય શાસ્ત્ર છે. બેઉ શાસ્ત્ર પ્રાકૃત ભાષામાં રચાયેલા છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' એ જૈનોની સૈદ્ધાન્તિક વિચારધારા તેમજ ગોમ્મટસાર અને સમયસાર સાથે સમન્વય સ્થાપિત કરવાવાળો વિલક્ષણ સૈદ્ધાન્તિક ગ્રંથ છે. જૈન સમાજમાં વ્યાપક રૂપથી માન્ય અને પ્રચલિત છે. પંડિત ટોડરમલજીની મેધા, વિદ્વત્તા અને જ્ઞાનનું આના પરથી અનુમાન કરી શકાય છે. પ્રાપ્ત મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવ અધિકાર છે. પ્રારંભના આઠ અધિકાર તો પૂર્ણ કરેલા છે પરંતુ એમના અકાળે દેહાંતથી નવમો અધિકાર અપૂર્ણ છે. આ અધિકારમા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનના આઠ અંગ અને પચ્ચીસ દોષ બતાવેલા છે પરંતુ એનું સાંગોપાંગ વિવેચન થયેલું નથી. આ ગ્રંથ વિવેચનાત્મક ગદ્ય શૈલીમાં લખાયેલો છે. પ્રશ્નોત્તર દ્વારા વિષયને ઊંડાણથી સ્પષ્ટ કરાયેલો છે. જે જે વિષયો લીધેલા છે એના સંબંધી ઉઠવાવાળી શંકાઓનું સમાધાન પ્રસ્તુત કરેલું છે. એવી અદ્‌ભુત શૈલી છે કે અપરિચિત વિષય પણ સહજતાથી હૃદયંગમ થઈ જાય છે. એમણે વીતરાગતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપેલી છે. એમના પ્રમાણે મોક્ષમાર્ગ એટલે બીજુ કાંઈ નહીં પરંતુ આત્મવિજ્ઞાન છે જેને વીતરાગ વિજ્ઞાન કહે છે. પંડિત ટોડરમલજી કેવળ ટીકાકાર જ નહિ પણ અધ્યાત્મના મૌલિક વિચારક પણ હતા. જે વિચારધારાઓ અધ્યાત્મિકતાના વિપરીત હતાં એના પર એમણે તીખા પ્રહાર કર્યા. જૈન સાધનાના બાહ્ય આડંબર - ક્રિયાકાણ્ડ, ભટ્ટારકવાદ, શિથિલાચાર વગેરેનું એમણે તલસ્પર્શી અને વિદ્વતાપૂર્વક ખંડન કર્યું છે.

મહાકવિ તુલસીદાસે લોકભાષા કાવ્યશૈલીમાં 'રામચરિતમાનસ' લખીને જે કાર્ય કર્યું છે તે જ કામ એમના બસો વર્ષ પછી ગદ્યમાં જીન અધ્યાત્મમાં પંડિત ટોડરમલજીએ કર્યું. એટલે એમને આચાર્યકલ્પ કહ્યું છે. એમનું કાર્ય કોઈ જૈન આચાર્યોથી ઓછું નથી. પરંતુ દિગંબર જૈન પરંપરામાં 'આચાર્ય' પદ નગ્ન દિગંબર સાધુનેજ પ્રાપ્ત થાય છે એટલે તેઓ આચાર્ય ન કહેતા 'આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી' કહેવાયા છે.

આવા સાધુપુરૂષ અને વિદ્વાન એવા ટોડરમલજીનો અંત એક અત્યંત દુઃખદ ઘટના હતી. સં. ૧૮૧૮ પછી જયપુરમાં જ્યારે જૈનધર્મનો વિશેષ ઉદ્યોત થવા લાગ્યો ત્યારે જૈનધર્મ પ્રત્યે દ્વેષભાવ રાખનાર બ્રાહ્મણો તે સહી શક્યા નહિ, તેથી તેમણે એક ગુપ્ત 'ષડ્યંત્ર' રચ્યું. તેમણે શિવપિંડી ઉખાડીને જૈનો ઉપર 'ઉખાડી નાખવાનો' આરોપ લગાડયો અને રાજા માધવસિંહને જૈનો વિરૂદ્ધ ભડકાવીને ક્રોધિત કર્યા. રાજાએ સત્યાસત્યની કાંઈ પણ તપાસ કર્યા વિના ક્રોધવશ બધા જૈનોને રાત્રે કેદ કરી લીધા અને તેમના પ્રસિદ્ધ વિદ્વાન પંડિત ટોડરમલજીને પકડીને મારી નાખવાનો આદેશ દિધો. તદનુસાર એમને હાથીના પગ નીચે કચરાવીને મારી નાખ્યા અને તેમના શબને શહેરની ગંદકીમાં હટાવી દીધું. જ્યારે પંડિતજીને હાથીના પગ તળે નાખવામાં આવ્યા અને અંકુશના પ્રહારપૂર્વક હાથીને, તેમના શરીરને કચરી નાખવા પ્રેરિત કરવામાં આવ્યો ત્યારે હાથી એકદમ ચિલાઈને થંભી ગયો. એ રીતે બે વાર મહાવતે તેને અંકુશના પ્રહાર કર્યા. અંકુશનો ત્રીજો પ્રહાર, તેના ઉપર પડવાનાં તૈયારી હતી ત્યારે પંડિતજીએ હાથીની દશા જોઈ કહ્યું, 'હે ગજેન્દ્ર, તારો કોઈ અપરાધ નથી, જ્યાં પ્રજાના રક્ષકે જ અપરાધી-નિરપરાધીની તપાસ કર્યા વિના મારી નાખવાનો હુકમ દીધો, ત્યાં તું અંકુશના પ્રહાર વ્યર્થ કેમ સહી રહ્યો છે? સંકોચ છોડ અને તારૂં

કામ કર.' આ શબ્દો સાંભળી હાથીએ પોતાનું કામ કર્યું. રાજાને જ્યારે આ ષડ્યંત્રની ખબર પડી ત્યારે તેમને ખૂબ દુઃખ થયું અને પોતાના અધમ કૃત્ય પર તે ઘણા પસ્તાયા.

આવી રીતે પંડિત ટોડરમલનું જીવન ચિંતન અને સાહિત્ય સાધના માટે સમર્પિત જીવન હતું. નિરંતર આત્મસાધના અને સાહિત્યસાધનામાં રત આ મહાપુરૂષને દુર્ભાગ્યથી જીવનના મધ્યવયમાંજ સાંપ્રદાયિક વિદ્વેષનો શિકાર થઈ જિંદગીથી વિદાય લેવી પડી.

❑❑❑

૬૦૨, રીવર હેવન, ગુલમોહર ક્રોસ રોડ નં. ૬,
જુહૂ, વિલેપારલા વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૪૯.
email id : rashmi.bheda@gmail.com | M. 9867186440

સંદર્ભ ગ્રંથ -
(1) पंडित टोडरमल, व्यक्ति और कर्तृत्त्व - लेखक : डॉ. हुकमचंद भारिल्ल
(2) मोक्षमार्गप्रकाशक लेखक : आचार्यकल्प पंडित टोडरमलजी अनुवाद : श्री मगनलाल जैन
(3) આચાર્યકલ્પ શ્રી પંડિત ટોડરમલજી કૃત શ્રી મોક્ષમાર્ગપ્રકાશક (ગુજરાતી ભાષાનુવાદ)
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

# શ્રાવકની સાધના

**ઉષા નરેશ સંઘવી**

**પ્રા**તઃસ્મરણીય ગુરુદેવાય નમઃ

धर्मः सर्वसुखाकरो हितकरो, धर्मं बुधाश्चिन्वते, धर्मेणैव लभ्यते शिव-सुखं धर्माय तस्मै नमः
धर्मान्नास्त्यपरः सुहृद्‌भव भृतां, धर्मस्य मूलं दया, धर्मे चित्तमहं दधे प्रतिदिनं, हे धर्ममां पालय

ધર્મ શું છે? તેનું ફળ શું છે? તે ઉપરના શ્લોકમાં સાત વિભક્તિનો ઉપયોગ કરી બહુ સારી રીતે સમજાવ્યું છે. બીજી રીતે પણ તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે ''वत्थु सहावो धम्मं'' વસ્તુનું સ્વરૂપ જ એટલે સ્વભાવ તે ધર્મ છે જેમકે આત્માનો સ્વભાવ જોવું અને જાણવું તે સિવાય તે કાંઈ જ ન કરે તે તેનો સ્વભાવ છે પણ રાગ-દ્વેષ કરીને વિભાવરૂપે પરિણમન કરીને સંસાર પરિભ્રમણ કર્યા કરે છે. જ્યારે બીજી રીતે ધર્મને ''चारित्र खलु धम्मो'' ચારિત્ર-આચરણ એ ધર્મ છે એમ પણ કહ્યું છે. એક જગ્યાએ ''दसणं मूक्तो धम्मो'' સમ્યગદર્શન ને ધર્મનું મૂળ કહ્યું છે અને ''अहिंसा परमो धर्म'' એક એવું સૂત્ર આપીને તેનું મહાત્મ્ય બતાવીને ભગવાને અનંત ઉપકાર કર્યો છે. અહિંસાને ધર્મનું મૂળ કહી તેના પાયા પર જ મુક્તિનો મહેલ બંધાયેલો હોય તેમ જણાવ્યું છે. જો કે બધા જ ધર્મમાં દયા-કરૂણા તે જ ધર્મ છે તેમ જાણવા મળે છે. ''जीओ और जीने दो'' આ સૂત્રનો આશરો લઈને સૂક્ષ્મ જીવ થી મોટા કીડી-મકોડાં કે પશુ-પક્ષી, મનુષ્યો બધાજ જીવોને કોઈપણ જાતની હાનિ પહોંચાડયા વગર જીવન જીવવાનું એમ ઉપદેશમાં કહ્યું છે અને તેના માટે જીવનમાં નિયમો-વ્રતોનું પાલન થવાથી આપણે થોડા ઘણાં અંશે અહિંસાનું પાલન કરી શકાય.

ભગવાને મોક્ષમાર્ગ પર ચાલવા માટેનાં ૨ માર્ગ બતાવ્યાં ૧) શ્રમણ માર્ગ - મહાવ્રતીઓ માટેનો ૨) શ્રાવક માર્ગ - અણુવ્રતીઓ માટેનો જ્યારે કોઈ જિજ્ઞાસુ જીવ પોતાનું કલ્યાણ કેવી રીતે કરવું તેમ ભગવાનને પૂછતાં તેને ઉત્તમ માર્ગ બતાવ્યો કે સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈ ત્યાગ કર. પણ કોઈ જીવ તે માર્ગ પર ચાલવા માટે અસમર્થ હોય તો તેને શ્રાવકનો ધર્મ બતાવી મોક્ષ સુખની પ્રાપ્તિ કરી શકશે તેમ પણ કહેવામાં આવ્યું. તેના માટે પાપથી બચવા માટે સૌ પ્રથમ ''રાત્રિ ભોજન નો ત્યાગ''નું કહ્યું કારણ કે સૂર્યાસ્ત થઈ ગયા પછી જે ખોરાક ખાવામાં આવે છે તેમાં તે જ રંગના પ્રસકાય જીવોનો વરસાદ થતો હોય તેમ બહુ જીવોના ઘાતવાળો ખોરાક બને અને તે ખાવાથી જીવ પાપકર્મનો બાંધનાર બની નરકગામી ન બને તે માર્ગ બતાવ્યો છે. આ મહાપાપ બધાંજ ધર્મોમાં કહ્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સૂર્યાસ્ત પછી જમીએ ત્યારે આયુષ્યનો બંધ પડે તો નરકઆયુનો બંધ પડે છે જ્યાં એટલું દુઃખ છે કે હજારો વર્ષનું આયુષ્ય હોય ત્યાં સુધી ખાવા માટે એક કણ નથી મળતું અને પીવા માટે પાણી નથી મળતું માટે સમજુ અને ભવથી ભય પામેલો જીવ આ પાપથી બચવા જરૂર પુરુષાર્થ કરે છે.

શ્રાવકનું બીજું મુખ્ય વ્રત પાણી ગાળીને જ પીવું જોઈએ. પાણીને જાડા કપડાંથી ગાળીને તેને એક મુહુર્ત - ૪૮ મિનિટમાં વાપરવાથી ત્રસજીવોની હિંસાથી બચી શકાય છે. તેને જો ઉકાળીને વાપરીએ તો ૨૪ કલાક સુધી તેમાં જીવોની ઉત્પત્તિ નથી થતી. પણ ન ઉકાળીએ તો એક મુહુર્ત પછી તેમા ત્રસ જીવોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે અને તે પાણી વાપરીએ તો મહાહિંસોનો દોષ લાગે છે માટે ગળ્યા વગરનું પાણીની બોટલો, બજારનાં ઠંડા પીણાં વાપરીને પાપના ભાગીદાર બનવાથી અળગણ પાણીનો ઉપયોગ ત્યાગવા યોગ્ય છે. પાણીને ગાળીને તે ગરણાંને ઉંધું કરી ગાળેલું

પાણીથી તેને સંખારો કાઢવો જોઈએ અને તે સંખારાનું પાણી જે જગ્યાથી પાણી લાવીએ તે ત્યાં પહોંચાડીએ તો જ આ પાપથી બચી શકાય અને એટલે જ કૂવાના પાણીનો અથવા વરસાદનું સંગ્રહ કરેલું પાણી વાપરીએ તો દોષથી મુક્તિ મળે.

એ જ રીતે શ્રાવકે પાપથી બચવા કંદમૂળ જેમકે બટેટા, કાંદા, ગાજર, મૂળાં, બીટ વગરેથી બચવું જોઈએ. કંદમૂળનું કણ સોયની અણીપર આવે તેટલું લઈએ તો તે શરીરમાં અનંત નિગોદ જીવોનો વાસ હોય છે તેનું ઉદાહરણ રૂપે શાસ્ત્ર કહે છે કે તે જીવો જો કબૂતર જેવડું શરીર બનાવે તો આખા ભારતની ધરતી પર જેટલાં કબૂતર રહી શકે તેટલાં જીવો તેટલાં કણમાં હોય છે અને તે આપણે ખાઈએ તો કેટલું પાપ લાગે તેનો વિચાર આપણે કરી શકીએ છીએ. તેમ જ કઠોળ અને દહીં-છાશ નું મિશ્રણ થયેલો ખોરાક પણ ત્રસ જીવોની ઉત્પત્તિનું સ્થાન કહ્યું છે. અને તેવો આહાર બહુ જીવના ઘાત નો દોષ આપણને નીચલી ગતિમાં પહોંચાડે છે જ્યાં થોડાં સુખ માટે ખાધેલા ખોરાકને કારણે અસહ્ય દુ:ખ ભોગવવા માટે જવું પડે છે. એજ રીતે આથેલાં અથાણાંમાં જીવોની ઉત્પત્તિ થતી રહે છે અને પાપ બાંધતા આપણે રોકાવું - તે સમજણ આપતાં તેનો નિયમ લેવાં તૈયાર થવું જોઈએ.

ઘણાં દિવસનો લોટ, મસાલાં વગેરેમાં પણ જીવોની ઉત્પત્તિ થવા માંડે છે એટલે જ વ્રતી લોકો મર્યાદીત દિવસ પછીનું વધેલું નાસ્તા, ખોરાક કે મસાલાનો ઉપયોગ નથી કરતાં કારણ કે હિંસાથી બચીને પાપબંધથી દૂર રહે છે. બજારમાં મળતી ચીજો કેવી રીતે બનાવવામાં આવે છે તેની ખબર હોવા છતાં બહારના નાસ્તા હોટલોની ચીજો ખાવાનું છોડવા માટે ગભરાતા હોય છે. પણ પાપથી ગભરાતા નથી તે એક મોટું આશ્ચર્ય છે. અને સાધુસંતો ને કરુણા હોવાથી વારંવાર આપણને ઉપદેશ આપી સજાગ રહેવા કહે છે પણ જીવ એવાં કવચ થી ઢંકાયેલો રહે છે કે સભાન-જાગૃત થવાનું વિચારતો જ નથી.

ઘણીવાર જોવામાં આવે છે કે કેટલાંક લોકોને એટલી પણ જાગૃતિ રહેતી નથી કે મેં ચાલુ કરેલી લાઈટ-પંખા, એ.સી. ની સ્વીચ રૂમ ની બહાર નીકળીએ ત્યારે બંધ કરવું જોઈએ. પાણીની જરૂરત કરતાં વધારે નકામું ન જવા દેવું, જરૂર વગરનાં પાંદડા કે ફૂલનો ઉપયોગ ન કરવો, ધર્મના સ્થાન જેવાં કે મંદિર-ઉપાશ્રયમાં તો લાઈટ-પંખાનો ઉપયોગ ન કરવો જોઈએ. જ્યાં ધર્મ કરવા માટે જઈએ ત્યાંજ પાપનો બંધ કરીએ તે કેવું આશ્ચર્ય છે? કહેવાય છે કે બીજે કરેલા પાપો તો ધર્મના સ્થાન પર પસ્તાવાથી ધોઈ શકાશે પણ ધર્મક્ષેત્રમાં કરેલાં પાપ તો એવા ચીકણાં બંધાય છે કે તે જલદીથી દૂર થતાં નથી. આમ અનર્થ દંડ થી બચવાં હંમેશા જાગૃત રહેવું જરૂરી છે.

શ્રાવકે ઉપર કહ્યાં અનુસાર અહિંસાવ્રતનું થોડું પાલન કરી શકે છે તેવી જ રીતે બીજું અસત્ય પાપથી બચવા પણ જાગૃત રહેવું જોઈએ. ઘણીવાર જૂઠુ બોલવાની જરૂર ન હોય, સત્ય બોલવાથી નુકશાન પણ ન જતું હોય તો પણ જૂઠું બોલવું સ્વાભાવિક બની જાય છે ત્યારે વિચાર નથી આવતો કે સત્યનો સહારો લઈને પણ કાર્ય થઈ શકે છે પણ તેની મહત્તા જ અત્યારે સમજાતી નથી. એવી જ રીતે કોઈની વસ્તુ કેમ જપ્ત કરવી માયાચારી અથવા દાદાગિરિથી કરવી તે સહજ બન્યું છે. કોઈની પડી ગયેલી કે ભૂલી ગયેલી વસ્તુ પણ ન લેવી તેવું અચૌર્ય વ્રત કહે છે. શાસ્ત્રમાં તો કોઈને પૂછયા વગર તેની વસ્તુ વાપરી પાછી આપી ને ખુશ થવું તેને પણ ચોરી કહ્યું છે. દુકાનદાર ઘરાક ને વસ્તુ બતાવે કાંઈક અને આપે કાંઈક તેમજ વજનમાં ઓછું આપવું અથવા ભાવ વધારે લેવો તે બધું ચોરીનું પાપ કહેવામાં આવ્યું છે. ચોથું બ્રહ્મચર્ય વ્રત જે પોતાની પત્ની સિવાયની સ્ત્રીઓને મા, બહેન અથવા દીકરી માનવું તે બતાવે છે અને જે આ વાતનો વિચાર વગર જીવીને બીજાની સાથે અસભ્ય વ્યવહાર કરે છે તેને પાપનો સંચય થયા વગર રહેતો નથી.

અને પાંચમું પરિગ્રહ પરિમાણવ્રત - જે મહાવ્રતી માટે તો પોતાના માટે દોરાનો ધાગો એટલે કે નિર્વસ્ત્ર જ રહેવું તેમ જણાવ્યું છે પણ શ્રાવક તો પરિગ્રહનું પરિમાણ કરી શકે છે. તેનાથી જીવનમાં સંતોષ શાંતિ અને સુખનો થોડો તો અનુભવ જરૂર થાય છે. કપડાં, ઘર, સોનું, ચાંદી, બંગલા, ગાડી, દાસી-દાસ વસ્તુ દરેકની સીમા કરી શકાય છે અને તેમ કરતાં આપણું જીવન બરાબર વ્યવસ્થિત ચાલી શકે છે તો શા માટે તેની સીમાનું નક્કી ન કરવું? પણ આવા આધુનિક-મશીન જેવાં યુગમાં જીવને આટલું પણ વિચારવા માટે સમય જ નથી.

આ મુખ્ય પાંચવ્રતના સહયોગી ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રતનું પણ પાલન કરી શકાય છે. જેમકે રોજ હું મારા ગામની બહાર આજના દિવસ માટે જવાનો ત્યાગ કરું છું. જીવનમાં એક પણ વાર ભારતની બહાર નહીં જાઉં કે આ એક જ દેશ (અમેરિકા)માં એક જ વાર જઈશ એવાં નિયમ થી આપણે આપણને લાગતાં કર્મથી બચીને મોક્ષમાર્ગમાં ચાલી શકીએ છીએ. વગર જરૂરી યાત્રા નહીં કરૂં, અનઆવશ્યક ચીજોનો ત્યાગ કરી આશ્રવથી બચવું તે જ આપણું લક્ષ્ય રહેવું જોઈએ. અને આ સાથે સામાયિક પાળીને બધા જ જીવોને અભયદાન પણ આપી શકાય છે. બાર પ્રકારના તપમાંથી આપણી શક્તિ અનુસાર તપ કરીને પણ કર્મની નિર્જરા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ આપણે નર એટલે મનુષ્ય બન્યા છીએ તો નર થી નારકી થવા માટે નહીં પણ જૈન બન્યા છે તો જિનેન્દ્ર થવા માટે જૈન કુળ મળ્યું અને જૈન કુળ મળ્યાં પછી પણ જૈનને યોગ્ય એવું આચરણ નહીં કરીએ તો કર્મ નો માર એવો પડે કે ફરીને જૈન કુળ કે નહીં તે પણ પ્રશ્ન બની રહે. માટે વહેલાસર ચેતીને ભગવાનની આજ્ઞાને અનુસરી જીવન જીવવાની શરૂઆત કરવી જોઈએ.

ઘણાં લોકો એમ વિચારતાં હશે કે ધર્મ તો મોટી ઉંમર થશે ત્યારે કરશું અત્યારે ખાઓ પીઓને મોજ કરો. પણ આયુષ્યનો કોઈ ભરોસો છે નહીં તે આસપાસ બધે દેખાય છે. અને ખુશીની વાત તો એ છે અત્યારે નાના યુવક તથા યુવતીઓ જે ઉચ્ચ શિક્ષણ પામેલા એવા લોકો પણ ઉપર બતાવેલા વ્રતોનું ઉપર કહ્યું તેનાથી પણ સૂક્ષ્મ રીતે પાલન કરી રહ્યાં છે. આચાર્યશ્રી વિદ્યાસાગરના શિષ્યો ૪૦ થી ૫૦ એવાં છે જેણે ઉંચી ડીગ્રી લઈ મુનિ પંથને અંગીકાર કર્યું છે અને બીજા એવા લગભગ ૧૫૦ થી ૨૦૦ બ્રહ્મચારી ભાઈઓ આ વ્રતો જીવનભરના લઈને પાલન કરે છે તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ૩૦૦ જેટલી બ્રહ્મચારી બહેનો આ વ્રતો નું જે શાસ્ત્રમાં ''પ્રતિમા''નું નામ છે તેનું પાલન કરે છે. તેમાંથી ઘણી ૨૫-૩૫ વર્ષની બહેનો જીવનભર માટે વસ્ત્રનું પરિમાણ અને તે પણ સફેદ સાડી-બ્લાઉઝ પહેરી પોતાના વાળને પણ ઢાંકી એટલે કે માથે જ ઓઢીને સ્કૂલમાં વગર વેતનથી વિદ્યાર્થીનીઓને સંસ્કારિત કરી રહ્યાં છે. સાદગી ભર્યું જીવન જે પોતાનું તથા બીજાનું પણ કલ્યાણ કરી શકાય તેવું સાક્ષાત આ સમયે પણ જોવા મળે છે તે ઘણું સુખદાયક અનુભવી શકાય તેમ છે. જો એક વાર મળેલો મનુષ્યભવ ફરીને ક્યારે મળશે તે કાંઈ ખબર નથી અને આવો ધર્મ પણ ફરીને ક્યારે મળશે? માટે આનો સદુપયોગ કરી લેવો એ જ સમજદારી ભર્યુ પગલુ કહેવાશે. થોડા સુખ માટે એવું પાપ ન કરવું કે તેનું ફળ હજારો વર્ષ સુધી ભોગવવું પડે અને એટલે જ કહ્યું છે હસતાં કર્મ બાંધેલા ને ભોગવતાં આંસુ પણ ઓછા ન પડે તો જલદીથી ચેતી જઈએ.

❑❑❑

૯, વિરલ એપાર્ટમેન્ટ, ૫મે માળે, ગારોડિયા નગર,
ઘાટકોપર, મુંબઈ - ૪૦૦૦૭૭. ફોન : ૯૮૯૨૪૪૧૮૭૨

# ધ્યાનના પ્રકાર

**સુબોધીબેન સતીશ મસાલીઆ**

(ગતાંકથી ચાલુ...)

**આ**ર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનું સ્વરૂપ જાણ્યા પછી એ જાણીએ કે ધર્મધ્યાન એટલે શું?

આત્મા એ અકારણ પારિણામિક દ્રવ્ય છે. એટલે કે જેનું કોઈ કારણ પણ નહી હોય, કાંઈ લેવાદેવા પણ નહી હોય એવા કેટલાય વિચારોમાં જીવ પરિણમન કર્યાજ કરશે. ફક્ત એક ૨૪ કલાક બરાબર આત્મ નિરિક્ષણ કરશોને તો પણ તમને બરાબર સમજાઈ જશે કે જીવ એવા કેટલાય વિચારોમાં, વસ્તુમાં, વ્યક્તિમાં, ભૂતમાં, ભવિષ્યમાં પરિણમન કરે છે જેની સાથે કાંઈ લેવા-દેવા નથી.. જેનું કોઈ કારણ પણ નથી. તો આત્મા માં સ્થિરતા કરવી, મન અને આત્માની જોડ કરી (મનને મક્કમ કરી), જ્ઞાનસ્વભાવી આત્મામાં શ્રધ્ધા કરી, આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે. પોતાના આત્માના આશ્રયથી જે વીતરાગી ધ્યાન પ્રગટ થાય છે તે ધર્મધ્યાન છે. ધર્મધ્યાનનું ફળ દેવગતિ અથવા મનુષ્યગતિ (પ્રાયેઃ કરીને) છે. શુભ ચિંતવનથી પુણ્ય કર્મનો આશ્રવ થાય છે. જો શુભ ચિંતવન આત્મામાંથી ઉદ્ભવે તો તેનો સમાવેશ ધર્મધ્યાનના પહેલા પાયામાં થાય છે.

બે-ચાર ઉદાહરણ સાથે શુભચિંતવન સમજો. શુભચિંતવન જેવું કે..... સર્વજ્ઞ ભગવંતે ધર્મતત્ત્વ વિષે જે કાંઈ કહ્યું છે તે સત્યજ છે અને તેમાં કોઈ શંકા નથી... રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અપેક્ષા, અહમ આ બધા આત્માના દુશ્મનો છે, જે આત્માનેજ દુઃખ ઉત્પન્ન કરનાર છે...હું જે જે દુઃખ સહન કરૂં છું, તે બધા મારાજ કર્મનો ઉદયકાળ છે. એને માટે હું બીજા કોઈને દોષ દઈ શકું નહી.... સમ્યક્ વગરની કરેલી કરણીથી આ ત્રણેય લોક સર્વ સ્થાનક આ જીવે, અનંત વાર સ્પર્શીને મુક્યા છે. એટલે કે આ ત્રણેય લોકમાં કોઈ જગ્યા એવી નથી કે જ્યાં તેં જન્મ નથી લીધો. જીવ હવે તો વિરામ પામ...આવા પ્રકારનું શુભ ચિંતવન આત્મામાંથી ઉદ્ભવવું તે પણ ધર્મધ્યાનનો પહેલો પાયો છે.

સામાન્યથી જીવ ધર્મધ્યાનમાં પ્રવેશ પામ્યો છે તે ક્યારે ખબર પડે? ધર્મધ્યાનના આલંબન પણ જાણો. વીતરાગ ભગવાનની આજ્ઞા અંગિકાર કરવાની અંદરથી રૂચિ ઉપડે, સૂત્ર શ્રવણ કરવા, મનન કરવા, ભાવથી પઠન કરવાની રૂચી જાગે, તીર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળવાની રૂચિ જાગે, શ્રુત સહિત ચારિત્ર ધર્મ અંગિકાર કરવાની અંદરથી રૂચી પામે, આ બધા ધર્મધ્યાનના લક્ષણ છે.

વિનય સહિત જ્ઞાન ગુરૂ કે સત્પુરૂષ પાસે સુત્રતત્વનું વાંચન લેવું, શ્રવણ કરવું, કોઈ શંકા થાય તો ગુરૂ આદિને પુછીને તેનું સમાધાન કરવું, વીતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણિત કર્યા છે, તેવા ભાવ લઈને કર્મની નિર્જરા માટે સભામાં તે ભાવ તેવા પ્રણીત કરવા આ બધા ધર્મધ્યાનના આલંબન છે.

ધર્મધ્યાન સવિકલ્પ છે કે નિર્વિકલ્પ? પરમાત્મધ્યાન કરવાનું કીધું છે તે કેવી રીતે જાણો. વ્યવહાર ધર્મધ્યાન સવિકલ્પ છે. પછીથી તે વિકલ્પ પણ છૂટીને નિજસ્વરૂપમાં ઉપયોગ જામે તે વાસ્તવિક ધર્મધ્યાન કહેવાય અને તે નિર્વિકલ્પ ધ્યાન છે. ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) પીંડસ્થ (૨) પદસ્થ (૩) રૂપસ્થ (૪) રૂપાતીત...પીંડસ્થ એટલે પીંડમાં રહેલ, દેહમાં રહેલ આત્મામાં સ્થિર થવું, પદ એટલે શબ્દ-વાચા-વાણી-દ્વારા શુધ્ધઆત્મામાં સ્થિર થવું તે પદસ્થ, રૂપસ્થ એટલે સશરિરિ અરિહંત પરમાત્મામાં મનને સ્થિર કરવું. રૂપાતીત એટલે અક્ષરિરિ સિધ્ધ પરમાત્મામાં

ધ્યાનને સ્થિર કરવું, એકાગ્ર કરવું. આ ચાર પ્રકારના સ્વરૂપને અનેક રીતે ચિંતવન કરી, બીજા સ્થૂલ વિકલ્પોથી છૂટીને મનને એકાગ્ર કરવું તે વ્યવહાર ધર્મધ્યાન સવિકલ્પ છે, પછીથી તે વિકલ્પ છૂટીને નિજ સ્વરૂપમાં, પોતાના આત્મામાંજ ઉપયોગ જાણે તે જ ખરેખરૂં ધર્મધ્યાન છે અને તે નિર્વિકલ્પ છે. પરમાત્માનું ધ્યાન કરવાનું કહીને પોતાના જ આત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. પોતાનાથી ભિન્ન પરમાત્માનું નહિ. પરમાત્માના જેવોજ પોતાનો સ્વભાવ પરિપૂર્ણ રાગાદિથી રહિત છે તેને ઓળખી તેનુંજ ધ્યાન કરવું એજ પરમાત્માનું ધ્યાન છે. સજ્ઝાયમાં બોલો છોને કે ... 'આપ સ્વભાવમાંરે અવધૂ સદા મગનમેં રહના'... અવધૂ એટલે આત્મા... ''હે આત્મા...તું હંમેશા તારા પોતાના સ્વભાવમાંજ મગ્ન રહેજે... સદા તારા સ્વરૂપમાં જ રહેજે... સદા આત્મામાંજ રહેજે...''

પોતાના આત્માનો ઉપયોગ આત્મામાંજ રાખવો તેજ શુક્લધ્યાનનો એક પ્રકાર છે. તમારો વિચાર ઉપયોગ કોઈપણ વસ્તુ કે વ્યક્તિમાં ગયો તો તે અતિક્રમણ છે. એનું પ્રતિક્રમણ જરૂરી છે. આ પંચમ કાળમાં આ સંઘયણ દ્વારા આત્માનો ઉપયોગ આત્મામાંજ રાખવો અતિ કઠીન છે. છતાં પ્રયત્ન કર્યા કરવાનો. સજગ રહેવાનું કે ''હું મારા આત્મામાંજ રમણતા કરૂં. મન-વચન-કાયાનું કંપન થયું તો કાં શુભમાં જશો કાં અશુભમાં. કાં પુન્ય બાંધશોકાં પાપ. પણ કર્મની નિર્જરા નહી થાય. નિર્જરા માટે... ન શુભમાં ન અશુભમાં શુધ્ધમાં જરૂરી છે. ''શુધ્ધ ઉપયોગને સમતાધારી...જ્ઞાન-ધ્યાન-મનોહારી.''

આજે જ એક ભાઈનો ફોન આવ્યો તેમના એક-બે સવાલ છે.

(૧)આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ આ ચારેય પ્રકારના ધ્યાનનું પ્રતિક્રમણ કેમ? ધર્મ અને શુક્લ તો શુભ ધ્યાન છે''

કેમકે પહેલાં બે ધ્યાન આર્ત અને રૌદ્ર તેનો નિષેધ છે, છતાં કર્યા હોય ને છેલ્લા બે ધ્યાન ધર્મ અને શુક્લ જે કર્તવ્ય છે છતાં ન કર્યા હોય માટે ચારેયનું પ્રતિક્રમણ કરવાનું છે. ધ્યાનના વિષયમાં શંકા કરી હોય કે વિપરીત પ્રરૂપણા કરી હોય તેનું પ્રતિક્રમણ કરવાનું છે. અતિચારમાં આવે છે ને કે ''આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન, શુક્લ, ધ્યાન ધ્યાયાં નહિ.''

(૨)એકજ વસ્તુમાં ચિત્તની સ્થિરતા ફક્ત એક અંતર્મુહુર્ત રહે છે. (વધુમાં વધુ ૪૮ મિનિટ) તો કલાકો સુધી ધ્યાન કરે છે તે કેવી રીતે? અંતર્મુહુત માટે થતી મનની એકાગ્રતાને ધ્યાન કહેવાય છે. ત્યાર પછી વચ્ચે મન ચલિત થઈને ફરી ધ્યાન આવે તો પહેલાના અને પછીના ધ્યાન વચ્ચેના સમયમાં જે ચિંતા, ભાવના કે અનુપ્રેક્ષા થાય તેને ધ્યાનાંતરિકા અથવા ધ્યાનાંતર કહેવાય છે. એમ વારા ફરતી ધ્યાન અને ધ્યાનાંતરીકા ચાલે તો કલાકો સુધી ધ્યાન થઈ શકે પણ ધ્યાનાંતરિકા વિના એક ધારૂં ધ્યાન તો કેવળ અંતર્મુહૂર્ત નુંજ હોય છે. એટલેજ તો સામાયિકનો સમય પણ ૪૮ મિનિટનો છે. આ ૪૮ મિનિટ ચિત્તને સુસ્થિર કરવાનું છે. ચિત્તની એકાગ્રતારૂપ ધ્યાન તો આપણે અનંતી વાર કર્યું છે. પણ તે આર્ત રૌદ્રના ઘરની હતી માટે આત્માનું હિત થવાને બદલે અહિત થયું.

ઘણાને એમ કહેતાં સાંભળ્યા છે કે....

અમારે મહાવીરની જેમ આટલા દુઃખો સહન કરીને મોક્ષે નથી જવું...

મહાવીરે જે દુઃખો સહન કર્યા તે તેણે પોતેજ ભૂતકાળમાં આચરેલા કર્મનું ફળ હતું. કોઈ બીજાએ કરેલા કર્મનું ફળ મહાવીરે નથી ભોગવ્યું. તેમાંય હળવા કર્મો તો તપ-જપ-મૌન-ધ્યાનથી ખપી ગયા ફક્ત નિકાચીત કર્મો (જે કર્મ ભોગવ્યા વગર ન છૂટે તે) જ એમને ભોગવવા પડયા. એ એમણે સમતા પૂર્વક સહન ન કર્યા હોત તો એનો ગુણાકાર થઈ અનંતગણા દુઃખો ભોગવવા પડયા હોત. યાદ રાખો કર્મના ઉદયથી આવેલ પરિસ્થિતિનો પ્રેમથી સ્વીકાર નહી કરીએ તો કર્મ સત્તા બળાત્કારે પણ પરિસ્થિતિનો સ્વીકાર કરાવશે. જો સ્વેચ્છાએ સહન નહી કરો તો પરાધીન પણે સહન કરવું પડશે. હસતા હસતા સહન નહિ કરો તો રોતા રોતા સહન કરવું પડશે.

જીવો પ્રતિકૂળતાથી છૂટવા અને અનુકૂળતા મેળવવા માટેજ તરફડીયા મારે છે. માટેજ જીવનમાં આર્ત-રૌદ્ર ઘર કરી ગયું છે. આર્તધ્યાન અને તેના કારણોનું સ્વરૂપ સમજાઈ જાય અને તેનાથી બચવાનો નિર્ધાર થાય તો આવેલ પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું શક્ય બને. જો આવેલ પરિસ્થિતિનો સ્વીકાર ન કરાય તો કર્મસત્તા ફરજીયાત એવી ગતિમાં લઈ જશે અને એવી દુઃખદ, વિષમ પરિસ્થિતિનો સ્વીકાર કરવાની ફરજ પાડશે જ્યાં એનાથી બચવાનો કોઈ માર્ગજ નહિ હોય. તમે કહેશો કે દેવગતિને નરકગતિને બધું આપણે કયાં જોવા ગયા છીએ? આપણે તો અહીં ખાઈ-પીને જલસા ન કરીએ?

અરે પણ દેવગતિ નરકગતિ ભલે તમે જોવા ન ગયા હો પણ આ તિર્યંચગતિની અવદશા તમને આંખ સામે નથી દેખાતી? જીવ તે જીવ જ ચામડી ઉતારે, જીવતે જીવ જ શેકવામાં આવે, જીવતે જીવજ વેરવામાં આવે. જીવતે જીવ જ પારાવાર અખતરા નહી કોઈ બચાવનાર, સાંભળનાર કે જોનાર. જે પશુ પોતે ખોરાકની શોધમાં નીકળે તે પોતેજ કોઈકનો ખોરાક બની જાય. ન ક્યાંય આસરો, ન કયાંય વિસામો, ભૂખ, તરસ, ઠંડી ગરમી, ડાંસ અને મચ્છર, સતત ઉપદ્રવો ચાલુ, નિરાધાર અસહાય દશા. વરસાદમાં ભીંજાવાનું, પાણીમાં તણાવાનું, કીચ્ચડમાં ખૂંપવાનું, આગમાં બળવાનું, હવા વિના ગુંગળાવાનું, રિબાઈને મરવાનું, જન્મ થાય ત્યારથી જ મોત એમનો કોળિયો કરવા તૈયાર હોય. કોઈકવાર ભૂખી થયેલી માં પોતેજ પોતાના બચ્ચાને ફાડી ખાય-સર્પ કે વીંછી કરડી ખાય... શરીરમાં જીવાતો પડે, ચાર-દિવસના ભૂખ્યા તરસ્યા હોય તો પણ કોઈને કહી પણ ન શકે. કૂતરાના કાનમાં જીવાતો

પડે તે તમે જોયું હશે? સહન થાય કે ન થાય. ડંખ માર્યાજ કરે એ બધાથી બચવા માટે જાય કયાં? તમારા, મારા કે આપણા કોઈને માટે પણ આવી પળ આવી શકે .. અરે... અનંતીવાર આવા દુઃખો પરાધીન પણે ભોગવીને આવ્યા છીએ અને જેમ લુહાર લોઢાને ટીપે એમ આ જીવ અનંતીવાર ટીપાયો ઈ. ચારેગતિમાં ભ્રમણ કરતાં આ જીવે એટલા આંસુ પાડયા છે કે એ એકઠા કરવામાં આવે તો આખો સમુદ્ર ભરાઈ જાય. આ કોઈ અતિશયોક્તિ નથી. ભગવાને કહ્યું છે કે, ૮૪ લાખ યોનિમાંથી કોઈ યોનિ બાકી નથી કે ત્યાં તેં જન્મ ન લીધો હોય કે એક તસુભાર પણ ક્ષેત્ર-ભૂમિ બાકી નથી કે તું ત્યાં જન્મ્યો ન હોય.

આ બધાનો સાર એ છે કે, 'કર્મજન્ય દુઃખદ પરિસ્થિતિ નો સમજપૂર્વક સહજભાવે સ્વીકાર કરવો.' ભૂતકાળમાં બાંધેલા કર્મ વહેલા કે મોડા તો ભોગવવાના તો છે જ. મળેલા મનુષ્ય જન્મનો સદુપયોગ કરીને જૂના કર્મ નહી ખપાવે ને જલસા કરીને ઓર વધારે કર્મોના ઢગલા કરીશ તો તો છૂટવાની તો કોઈ વાતજ નથી... પરંતુ વધારે ને વધારે લેવાતો જઈશ... Now choice is yours. ભગવાનની જેમ સમતાભાવે સહન કરી મોક્ષાનંદ મેળવવો છે કે દુઃખના ગુણાકાર કરી સંસાર સાગરમાં ડૂબવું છે? ચાર પ્રકારના ધ્યાનને સમજ્યા પછી એ નિર્ણય આપણે કરવાનો છે.

હવે આપણે એ જોઈએ કે, મહારોગ આવ્યે આર્તધ્યાનથી કેમ બચવું.

આવેલા રોગનો પ્રતિકાર કરવોએ કર્મબંધનું કારણ છે અને એ રોગને સહજતાથી સ્વીકારી લેવો એ કર્મ નિર્જરાનું કારણ છે. આવેલા રોગના દૃષ્ટા બની સમતામાં સ્થિર થવા પ્રયત્ન કરવો. નીચેપ્રમાણે ચીંતવન કરવું.

(૧) આ શરીર તો રોગનું જ ઘર છે. રૂપ, લાવણ્ય, કાંતિ શરીર અને ધન આ બધું જ સંસારમાં ચંચળ છે. જે નિત્ય નથી રહેવાનું અનિત્ય જ છે તેની અનિત્યતાને હું સ્વીકારૂં છું.

(૨) આ રોગ પણ જે ઉત્પન્ન થયો છે તે અનિત્ય જ છે. કાયમ માટે આ દુનિયામાં કાંઈજ રહેતું નથી. કોઈ જનમમાં મેં જીવદયા નથી પાળી, તો મારા જીવને સંકલેશ ઉપજાવે તેવા રોગો આવવાનાજ છે તેને હું સહર્ષ સ્વીકારૂં છું.

(૩) આ રોગો મને કેમ આવ્યા? આ મને ન જ જોઈએ, ન જ જોઈએ... એવી અતિશય અંદરની તીવ્ર અભિલાષાને વશ નહી થાઉં કેમકે તે આર્તધ્યાન મને દુર્ગતિના દુઃખોમાં પટકી દેશે... જો આટલા રોગના દુઃખો સહન નથી થતાં તો દુર્ગતિના દુઃખો કેવી રીતે સહન થશે?

(૪) શરીર ઢીલું પડે છે પણ આશાઓ ઢીલી પડતી નથી. રૂપનાશ પામે છે પણ પાપ બુદ્ધિ નાશ પામતી નથી. શરીરમાં વૃધ્ધાવસ્થા પ્રગટે છે. પણ જ્ઞાન પ્રગટતું નથી. શરીર ધારીઓની આ અવદશાને ધિક્કાર છે.

(૫) હે દેવાધિદેવ ભલે આ રોગ થકીપણ મને આત્માની પ્રતીતિ થાઓ, આત્મ સ્વરૂપ પ્રગટાવવાની તાલાવેલી જાગો, આત્મા અને દેહનું મને ભેદજ્ઞાન થાઓ.

(૬) જીવોના રોગ બે પ્રકારના છે. દ્રવ્યરોગ અને ભાવરોગ. એટલે કે શરીરના રોગ અને આત્માના રોગ. તેમાંથી ક્રોધ-માન-માયા-લોભ એ જીવોના ભાવરોગ છે. આ રોગ હજારો જન્મ સુધી જીવનો કેડો છોડતા નથી. આ દ્રવ્ય રોગ તો આ એક જ ભવના છે પણ હે પ્રભો આ ભાવરોગમાંથી મારી મુક્તિ થાઓ.

(૭) આજ સુધી હું એમ માનતો હતો કે આ રોગ જ આર્તધ્યાનનું કારણ છે, પણ આજે ખબર પડી કે આ રોગ નહિ પણ રોગને દૂર કરવાની, રોગમુક્તિની તીવ્ર અભિલાષા જ આર્તધ્યાન છે.... માટે હે પ્રભો સહજતાથી આ રોગને સહન કરવાની મને શક્તિ આપ.

(૮) મહર્ષિ સનત્ ચક્રવર્તિએ સાત સાત મહારોગોને સાતસો વર્ષ સુધી એકધારા સહન કર્યા, તેને દૂર કરવાની પોતાની પાસે શક્તિ હોવા છતાં, જો તેણે રોગ દૂર કરવાનો વિચાર શુદ્ધાં પણ ન કર્યો હોય તો એમનું દેહ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન કેટલું? હે પ્રભુ હું આંશિક તો આવા ભેદજ્ઞાનને પામું...

(૯) સમતાભાવે પ્રતિકૂળતાને સહ્યા વિના કર્મ ખપશે નહિ. ને ભવિષ્યમાં આનાથી કઈ ગુણા દુઃખો સહન કરવાનો વારો આવશે. માટે હે જીવ! દૃષ્ટાબની આવેલા કર્મને વેદી લે.

(૧૦) અનેક મહાપુરૂષોએ તો કર્મનાશ માટે સામેથી દુઃખને આમંત્રણ આપી બોલાવ્યું છે. મારૂં એવું તો સત્વ નથી. પણ સહજપણે આવી પડેલી પરિસ્થિતિનો સ્વીકાર કરી તેનો ભોક્તા નહી પણ દૃષ્ટા બની રહું, અનિત્ય ભાવનામાં સ્થિર રહી કર્મો ની નિર્જરા કરી મુક્તિ મેળવી શકું એવી હે પ્રભો મને શક્તિ આપ, મને એવું સત્વ આપ...

(૧૧) હે જીવ! શરીરમાં ૩ાા કરોડ રૂંવાટા છે. પ્રત્યેક રૂંવાટે પોણાબે રોગ થવાની સંભાવના છે. મારો એટલો પુણ્યોદય છે કે મને હજી એટલા બધા રોગ ઉત્પન્ન થયા નથી તો મારે શા માટે મુંઝાંવું જોઈએ.

(૧૨) રોગ કાઢવો કે રાખવો તે મારા હાથની વાત નથી. તેનો પોપાદયની તીવ્રતા. મંદતા ઉપર આધારીત છે. પણ એનો સ્વીકાર કરવો કે ન કરવો તે મારા હાથની વાત છે. મારા મનથી આ રોગનો સ્વીકાર કરી હું મારા કર્મો અહીંજ ભોગવવા માંગુ છું. તેનો અસ્વીકાર કરી, આર્ત ધ્યાનમાં ડૂબી મારે તીર્થ યગતિનો બંધ નથી કરવો.

(૧૩) આ રોગો ફક્ત મારા શરીરને પીડા કરી શકે છે, મને કે મારા આત્મસ્વરૂપને જરાપણ પીડા કરવાને સમર્થ નથી એમ વિચારી હે જીવ! તું સ્વસ્થ થા.

(૧૪) આ રોગ કેમ આવ્યો? ક્યારે જશે? હું નહી હોઉં તો

મારા કુટુંબ કબિલા નું શું થશે? આવા બધા વિચારોને વાગોળીને મારે આર્તધ્યાનમાં ડૂબવું નથી. હે જીવ... તું નહોતો ત્યારે પણ આ દુનિયા ચાલતી હતીને તું નહી હોય ત્યારે પણ આ દુનિયા આમજ ચાલશે. નાહકનો અહંકાર કરે છે કે મારા વગર કુટુંબ નું શું થશે? અરે... બે ક્ષણ માટે પણ જો કોઈ તને જ્ઞાનચક્ષુ આપી દે તો તને ખબર પડી જાય કે જેને તું તારૂં કુટુંબ માને છે તેમાંથી કેટલાના મનમાં એક વિચારો ચાલી રહ્યા છે કે તું જલ્દી મરે તો સારૂં હે જીવ આ મોહમાંથી બહાર નીકળ, બહાર નીકળ.

(૧૫) અનુકૂળતા હોય તોજ આરાધના સારી થાય તે માન્યતા તો મિથ્યાત્વના ઘરની છે. ભગવાન મહાવીરે તે ધર્મસાધના માટે બાવીસ પરિસહ સમતા ભાવે સહવાના કહ્યા છે. માટે હે જીવ... તારૂં એવું સત્વ પ્રગટાવ કે આવી પડેલ રોગ ને સમતાભાવે વેદી શકું, અનિત્યભાવમાં સ્થિર થઈ શકું તો એજ ઉત્તમ ધર્મસાધના છે.

(૧૬) આ શરીર છે માટે રોગ છે. હે સિદ્ધભગવંતો મારે તમારા જેવું અશરિરી બનવું છે. આવેલ રોગને સમતાપૂર્વક સહી, અનિત્ય ભાવનામાં સ્થિર થઈ, આત્માના ઉપયોગને અંતર્મુખ કરી, દેહાદિ થી આત્માને ભિન્ન જાણી અનુભવી કર્મ ખપાવવા છે... હે... અનંતાઅનંત સિદ્ધ ભગવંતો... મને આપના પગલે ચાલવાને સમર્થ બનાવો. સમર્થ બનાવો... એજ મારી અંતરપ્રાર્થના. અભિલાષા છે તમે કહેશો કે.

આ બધું તો બરાબર સમજાય છે, પરંતુ જ્યારે પોતાના પર કોઈ મહા રોગ કે કષ્ટ આવે ત્યારે સહન કરવાની શક્તિ રહેતી નથી ને આર્તધ્યાનમાં ડૂબીજ જવાય છે તો શું કરવું?

વાત તો સાચી છે, એટલે જ કહેવત પડી છે કે કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે. પણ સાથે એવાત પણ ધ્યાનમાં રાખશો કે પ્રયત્ન સાચી દિશામાં હશે તો સાવ અશક્ય પણ નથી. જો મક્કમ નિર્ધાર હશે તો જગતની સર્વ શુભ ભક્તિ જરૂર મદદ કરશે. હવે આપણે એ જોઈએ કે આવું કેમ બને છે. એના બે મુખ્ય કારણો ધ્યાનમાં આવે છે. એક તો આ પાંચમાં આરાનું આપણું સંઘયણ (શરીરનું બંધારણ) એટલું નબળું છે કે જરા જરા વાતમાં હલી જવાય છે. નબળા શરીરમાં નબળું મન એટલે રોગો ને શરીર સુધીજ રાખી મન પર તેની અસર ન થવા દેવી એવું સત્વ પ્રગટતું નથી.

બીજું મુખ્ય કારણ છે કે આપણે જીંદગીમાં ક્યારેય નાના સામાન્ય કોટિના રોગોને ય સમતાભાવે સહન કરવાની ટેવ પાડી નથી. જેમ જેમ સહન કરવાની ટેવ પડે તેમ તેમ સહન શક્તિ વધે ને પરિણામે મોટા રોગોને સહન કરવાની શક્તિ પણ પ્રગટતી હોય છે. ઠંડી ગરમી જેવા નાના નાના કષ્ટોને દૂર કરવાની વાત ન કરતાં એને સહન કરવાની ટેવ પાડી ને તેની મન પર અસર ઉભી ન થાય તેવું સત્વ પ્રગટાવવું જોઈએ. યોગવિંશિકા વૃત્તિમાં લખ્યું છે કે તિતિક્ષા ભાવના દ્વારા એને જીતવું મતલબ કે ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ડાંસ મચ્છર, આક્રોશ, રહેવાની જગ્યાની અસુવિધા જેવા નાના કષ્ટોને વારંવાર સમતાભાવે સહન કરવાની ટેવ પાડવી જેથી મહારોગ આવે એની મનપર અસર ન થાય.

જેણે જીંદગીભર પાણીજ વલોવ્યું હોય તે છેલ્લે માખણની આશા કેવી રીતે રાખી શકે? માટે દરરોજ એક કલાક એકજ ગ્યાએ કાયાને સ્થિર કરી બેસવું કે ઉભા રહેવું. તે એક કલાક સંપૂર્ણ મૌન પાળવું, મનની જાગૃત અવસ્થામાં મનને પણ વિચારોથી મુક્ત કરવા પ્રયત્નશીલ રહેવું. મનને અંતરમુખ કરી આત્માના ઉપયોગને બહાર જવા દેવો નહિં. આ એક કલાક દરમ્યાન શરીરમાં કોઈપણ પરિસહ આવે, ખુજલી આવે, દુઃખાવો થાય, ધુજારી આવે, ભારીપન આવે, ડાંસ મચ્છર કરડે, બળતરા થાય, પસીનો થાય, જે કાંઈ પણ થાય તે સમતા ભાવે સહન કરવો, જોવો, પણ મન-વચન-કાયાનું હલન-ચલન થવા દેવું નહી... જો અત્યારથી આજથીજ દરરોજનું એક સામાયિક પણ આવું થાય તો મહારોગ આવે શરીરની-મનની સહન કરવાની શક્તિ જરૂર પ્રગટે ને કર્મ નિર્જરાનું કારણ બને.

જ્યારે કોઈ એકની પ્રગતિ થાય કે તેનું સારૂં બોલાતું હોય તે બીજાથી સહન થતું નથી અને ઈર્ષ્યા રૂપી આગમાં તે તેને બદનામ કરવા, નીંદા કરવા લાગી જાય છે. આ નીંદા પચાવવી ખૂબ અઘરી છે. તો તે માટે શું કરવું? નહી તો પાછા આર્ત-રૌદ્રમાં ઢસડાઈ જવાશે.

નિંદા સાંભળી માનસિક સમતુલન ગુમાવવું નહી પણ સંતોના વચનો યાદ કરવા તે આ પ્રમાણે.

(૧) જો ભગવાન મહાવીરની નિંદા કરવાવાળા, ગૌતમ બુદ્ધની નિંદા કરવાવાળા, ઈસુ ખ્રિસ્તની નિંદા કરવા વાળા આ પૃથ્વી પર છે તો હું તો કઈ વિસાતમાં? જેની નિંદા ન થઈ હોય એવો કોઈ સંત આ જગતમાં તમને શોધ્યો જડશે નહી... જીવતાં એની નિંદા ને મર્યા પછી પ્રશંસા જગતની આજ રીત છે.

(૨) સંતો કહે છે ''નિંદક નિયરે રાખીએ'' જો નિંદા કરવાવાળો તમારી બાજુમાં હશે તો તે તમારા માટે અરીસા સમાન છે... નિંદા નું તટસ્થ રહી વિશ્લેષણ કરો. એમાં તમારો જો કોઈ દોષ તમને દેખાઈ આવે તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરો... ને મનોમન એનો આભાર માનો કે જે દોષ મને આજ સુધી નહોતો દેખાયો તે દોષ તે મને દેખાડી દીધો. હવે હું તે દોષમુક્ત થવા પ્રયત્ન કરીશ.

(૩) જો તમને કોઈ દોષ નથી દેખાતો તો એની વાતોને મનમાં લઈને દુઃખી નહી થાઓ. વિચારો કે સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી સૂર્ય ને કોઈ ફરક નથી પડતો પરંતુ ઉડાડનારની આંખમાંજ ધૂળ પડે છે. હા.. થોડો સમય ધૂળના ગોટાને કારણે સૂર્ય થોડો ઝાંખો દેખાય પણ અંતે તો સૂર્યનું તેજ જ ઝળકી ઉઠે છે. તેવી રીતે હાથી પાછળ કૂતરાઓના ભસવાથી હાથીને કોઈ ફરક નથી પડતો પરંતુ

ભસી ભસીને અંતે થાકી ને કુતરાઓનેજ ચુપ થવું પડે છે.

(૪) વિચારો કે જો તેઓ મારા શરીરની નિંદા કરતા હશે તો લોહી-માંસને ગંદકી થી ભરેલા નાશવંત એવા આ શરીરની હું પણ નિંદા કરૂં છુ. અને જો તેઓ મારા આત્માની નિંદા કરતા હશે તો મારો ને તેમનો આત્મા તો એકજ છે. તો મારે ચિંતા કરવાની શું જરૂર છે?

(૫) કોલસા ને ગમે તેટલી વાર ધુઓ છતાં પણ તે તેની કાળાશ છોડતો નથી તેમ નિંદા કરનાર પોતાના દુઃસ્વભાવ ને છોડી શકતો નથી તેવીજ રીતે ચંદન ને ઘસી નાખો કે અગરબત્તીને બાળી નાખો તે તેનો સુગંધ આપવાનો સ્વભાવ છોડતો નથી.. તેમ હે જીવ.. તુ કોલસા જેવો નહી પણ ચંદન જેવો બનજે. વૃક્ષને પથ્થર મારો તોય તે તમને મીઠા ફળજ આપે છે તેમ તું તારી નિંદા કરનાર પ્રત્યે પણ હૃદયમાંથી પ્રેમની ધારાજ વહેવડાવજે.

(૬) હે આત્મન! જ્યારે હૃદયમાં અસહ્ય પરિતાપ ઉપજે ને નિંદક પ્રત્યે દુર્ભાવના જાગી ઉઠે ત્યારે વિચારજે કે (જેવું કર્મ કર્યું હોય તેવુજ ફળમળે) મેં પણ કોઈ જન્મમાં જાણે-અજાણે એની નિંદા કરી તેને પરીતાપ ઉપજાવ્યો હશે. હવે એ કર્મ એનું ફળ આપવા આવ્યું છે ત્યારે સમતા ભાવે વેઠી લે. નહી તો એનો ગુણાકાર થઈ જશે. નિંદા કરવાવાળો તો ફક્ત નિમિત્ત છે. નિમિત્તને શું બચકા ભરવા? નિંદક પ્રત્યેક દ્વેષ ઉત્પન્ન ન થઈ જાય તે માટે સજાગ થઈ જા. ક્ષણે ક્ષણે એ જીવની અંતરથી ક્ષમાયાચના કર.

(૭) મારી નિંદા કરવાથી, તિરસ્કાર કરવાથી તેઓને સુખ થાય છે તો ભલે થતું... કારણકે પ્રેમથી, સમતાથી, દૃષ્ટાભાવે સહન કરવાથી મારા તો કર્મનો ક્ષય થઈ રહ્યો છે. પોતાના માથે જવાબદારી લઈ મારા કર્મક્ષયમાં નિમિત્ત બનનાર, વગર સાબુએ મારો મેલ ધોનાર તેઓ મારા પરમ ઉપકારી છે.

(૮) જે લોકો કઠોર વચનો દ્વારા, માયા પ્રપંચ દ્વારા મારા દુષ્કર્મોની ગ્રંથીને ભેદવાની ચિકિત્સા કરે છે તે મારા પરમ મિત્રો છે. જેઓ પોતાના પુણ્યનો વ્યય કરીને મારા પાપોને દુર કરે છે એના જેવા હિતચિંતક બીજા કોણ હોય? પણ આ વસ્તુ એમના અનંત સંસારનું કારણ બની જશે એનું મને અત્યંત દુઃખ છે.

(૯) હે જીવ! જો ખરેખર તને ધર્મરૂચ્યો છે, ને સાધના પથમાં આગળ વધવું છે તો આવી બધી અડચણો તો આવશે.. આવી બધી પરીક્ષાઓમાંથી પાસ થવુજ પડશે. તારે તારી પ્રશંસા સાંભળીને ન ખુશ થવાનું છે, તારી નિંદા સાંભળી ને ન દુઃખી થવાનું છે.

નિંદા, સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નહિ અણેરે, તે જોગીસર જગમેં પૂરા, નિત્ય ચડતે ગુણઠાણેરે

હવે તુંજ નક્કી કરકે તારે તારા આત્માને ઉપર ચઢાવવાનો છેકે ફરી એજ મિથ્યાત્વ ના ગુણઠાણી માં ધકેલી દઈ સંસારના ચક્કર ખાવા છે? Choice is yours.

હવે આપણે જોઈએ કે....

યોગ કેટલા? એમાં સૌથી શક્તિશાળી કયો? કેમ? પળે પળે આર્ત-રૌદ્રમાં સરકી જતાં મનને કેમ રોકવું?

યોગ ત્રણ છે. મનયોગ. વચનયોગ, અને કાયયોગ. એ ત્રણેયમાં સૌથી વધુ શક્તિ મન યોગની છે.

મન જે દિશામાં જાય ત્યાં એ વચન અને કાયાને ઘસડી જાય છે. માટે જ મનને જીતવાની જરૂર છે. મન જીતાયા પછી વચન અને કાયાને જીતતા વાર નથી લાગતી. મન ચંચળ છે, એ કયાંય ને કયાંક દોડવાનું અને કયાંક ને કયાંક સ્થિર થવાનું છે. આપણે આપણા મનની ભૂમિકાને જાણવી હોય તો સતત મનના વિચારો ને વાંચતા રહેવુ જોઈએ. મન ગતિશીલ છે તો કયા વિષયમાં પ્રવૃત્તિશીલ છે, ને સ્થિર છતાં કયાં વિષયમાં સ્થિર છે? આર્તમાં છે? રૌદ્રમાં છે? ધર્મ કે શુક્લમાં છે? પોતાના મનની સ્થિતિને સુધારવા માટે જાણવું બહુજ જરૂરી છે એ વિના આત્મિક ઉત્થાન શક્ય બની શકે નહી. એકવાર ઘરમાં પેઠેલા ચોરને જોઈ જાવ તો તે નિકળવાનોજ છે. નહિતો એ ઘરમાં રહીને જલસા કરશે. એમ મનનું અવલોકન કરતાં ખબર પડશે કે મન આર્ત તરફ જઈ રહ્યું છે તો તરત જાગૃત થઈ જાવ.. મનને રોકો કે હવે મારે તિર્યંચમાં નથી જવું અનંતાભવ તિર્યંચમાં રખડીને આવ્યો છું.. બસ બહુ થઈ ગયું હવે નહિં, તેમ રૌદ્ર તરફ જતાં મનને રોકો મનને ટોકો... હવે નરકમાં નથી જવું જીવતારી તાકાત છે નરકના દુઃખો સમભાવે સહન કરવાની જો નથી તો જીવ આ ચારે ગતિના ભટકણમાંથી બાર નીકળ... હવે તો મોક્ષથી ઓછું કાંઈ ન ખપે... આમ મનપર ચોકીપહેરો લગાવી પળે પળે આર્ત રૌદ્રમાં સરકી જતા મનને રોકો.

મનઃ એવં મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો..

મન એજ કર્મબંધનું કારણ છે, મન એજ મોક્ષનું કારણ છે. દેવગતિમાંથી મોક્ષ નથી પમાતુ કારણ જે ઊચ્ચસ્થિતિ સુધી મનુષ્યનું મન જઈ શકે છે તે હાઈ લેવલ સુધી દેવોનું મન જઈ શકતું નથી.. અને દેવ મરીને નરકમાં જન્મતો નથી કારણકે જે નિમ્નકક્ષા (નીચામાંનીચી સ્થિતિ) સુધી મનુષ્યનું મન નીચે ઉતરી શકે છે તેટલું દેવોનું ઊતરતું નથી. માટે આપણે જો આપણા મનને ઓળખીએ ને મનને જીતીએ તો કામ થઈ જાય. મન સાધ્યું એણે સઘળું સાધ્યું. પૂ. ઉપાધ્યાયજી મહારાજે પણ શ્રી વાસુપૂજ્ય સ્વામીજીના સ્તવનમાં કહ્યું છે કે ક્લેશે વાસિત મનસંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર. તો આવેલી સુખદ કે દુઃખદ પરિસ્થિતિનો સમભાવે સ્વીકાર કરી મનને નિયંત્રિત કરવું તે ધર્મસાધના છે.

આવેલી સુખદ કે દુઃખદ પરિસ્થિતિનો સમભાવે સ્વીકાર થાય તે માટે શું કરવું? કેમ કે તો જ આર્ત-રૌદ્રથી બચી શકાય.

તે માટે કર્મના સિદ્ધાંત પ્રત્યે અવિચળ શ્રદ્ધા હોવી જરૂરી છે. આ શ્રદ્ધામાંથી પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું બળ પ્રગટે છે. મને

જે કાંઈ થાય છે કે મારી સાથે જે કાંઈ થઈ રહ્યું છે તે ભૂતકાળમાં કરેલા મારાજ કોઈ કર્મનું ફળ છે. અગર સુખ આવ્યું તો મારાજ કરેલા કોઈ સુકૃતનું ફળ છે. એમાં નાંચવાનું શું છે?ખુશ થવાનું શું છે? અહંકાર કરવાનું શું છે?શું આ કાયમ રહેવાવાળું સુખ છે? આતો અનિત્ય છે. ક્યારે તે દુઃખમાં પલટી ખાશે તે ખબર નથી તો એ સુખમાં રાચીને હું તિર્યંચ ગતિનું આયુષ્ય શા માટે બાંધુ? અગર દુઃખ આવ્યું તો કોઈ વ્યક્તિને કે વસ્તુને જવાબદાર નગણતાં એને નિમિત્ત તરીકે જુઓ. આ તો ભૂતકાળમાં કરેલા મારાજ કોઈ કર્મનું કોઈ દુષ્કૃતનું ફળ છે. મારાજ દુષ્કાર્યની રીટર્ન ગીફ્ટ છે. કોઈ વ્યક્તિ તો મારી રીટર્ન ગીફ્ટ આપવા આવનાર દલાલ માત્ર છે. તેને જ તેનું કારણ માની મારે આર્ત-રૌદ્ર ધ્યાનમાં નથી સરકવું. હવે બહુ થયું, આ સમજ આવ્યા પછી હવે નરક-તિર્યંચ કે કોઈ ગતિજ ન જોઈએ... હવે તો હે નાથ... એવા બનવું છે કે મારે માથે કોઈ નાથ ન હોય... પરિસ્થિતિ સુખદ હોય કે દુઃખદ તેનો કર્તા હું પોતેજ છું. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકેજ નહિ. કર્મના સિદ્ધાંતને સમજે જાણે, તેમાં અવિહત શ્રદ્ધા જાગે, ને અનિત્ય ભાવના માં સ્થિર થાય તો આવેલ પરિસ્થિતિનો સમભાવે સ્વીકાર કરવાની શક્તિ જાગે.

આ બારેબાર પ્રકારના તપની આરાધના યોગ્ય રીતે કરવામાં આવે, બારેબાર પ્રકારના તપનો સમન્વય કરવામાં આવે તો સમક્દર્શન ના દરવાજા ખુલવાની શક્યતા વધી જાય.

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોક નગર, દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ)
મો. ૮૮૫૦૦૮૮૫૬૭

# પત્ર મૈત્રી

**જાદવજી કાનજી વોરા**

*ચાલ ફરીએ!*
*માર્ગમાં જે જે મલે, તેને હૃદયનું વહાલ ધરીએ!*
*બહારની ખુલ્લી હવા આવે અહીં, કયાં લઈ જવા?*
*જ્યાં પંથ નવા, પંથી નવા, એ સર્વનો સંગાથ છે,*
*તો નિત નવા કૈ તાલ કરીએ!*
*એકલા રહેવું પડી?*
*આ સૃષ્ટિ છે ના સાંકડી! એમાં મળી જો બે ઘડી,*
*ગાવા વિષે ન્હાવા વિશે, તો આજની ના કાલ કરીએ!*
*ચાલ ફરીએ!*

નિરંજન ભગત

વ્હાલા મિત્રો, નમસ્કાર. મજામાં છો ને! વરસાદનો આનંદ માણી રહ્યા હશો. ચાલો આપણે માણીએ પત્રશ્રેણીનો આ પત્ર ક્રમાંક ૩૮.

અમારા મુલુંડમાં જ રહેતા શ્રી ચંપકલાલભાઈ દેઢીયા તરફથી 'યે તો અસાચ ચાલતે' લેખ સંદર્ભે આપણા જીવનમાં સદાય યાદ રાખવા જેવો સુંદર સંદેશ મળ્યો છે. લખે છે કે, ''આ જીવનમાં આપણું શું છે?.... જન્મ કોઈકે આપ્યો, નામ કોઈકે આપ્યું, ભણતર અને ઘડતર કોઈક પાસેથી મળ્યા, પૈસા તથા આદર-સત્કાર કોઈક પાસેથી મેળવ્યા, પહેલું અને આખરી સ્નાન અને અંતિમ સંસ્કાર કોઈક જ કરશે. આપણી પાછળ અહી રહી ગયેલી માલ-મિલ્કત અને સમૃધ્ધિમાંથી આપણી સાથે શું ચાલશે? આપણું પોતાનું કહી શકાય એવું આપણી પાસે શું છે? તો પછી, આપણે ઘમંડ, અભિમાન કે અહંકાર શાનો કરીએ છીએ? ચાલો, આપણે સૃષ્ટિના તમામ જીવો સાથે અહંકારરહિત અને પ્રેમ, શાંતિ તથા આનંદપૂર્વક, સાદું અને સ્વસ્થ જીવન સદભાવનાપૂર્વક જીવીને માનવભવને સાર્થક કરીએ!''

અમદાવાદથી સ્મિતાબહેન શાહ લખે છે જેમાં આગળની ગાડી કાચબાની ગતિએ ચાલી રહી હોવાથી પાછળની ગાડીવાળા ભાઈ વારંવાર હોર્ન વગાડી રહ્યા હતા. કોઈ જ પ્રતિભાવ મળતો ના હોવાથી તે મનોમન અકડાતા હતા, ત્યાં ઓચિંતા જ તેમની નજર આગળના વાહનની પાછળ લગાડેલા સ્ટીકર પર પડતાં તેમણે વાંચ્યું કે, 'વાહક વિકલાંગ છે, ધીમેથી હાંકો!' એ ભાઈના મગજમાં ઝબકારો થયો. તે શાંત થઈ ગયા અને પોતાના વર્તાવ ઉપર પસ્તાવો થવા લાગ્યો. પછી તેમને પ્રશ્ન થયો કે, માત્ર સ્ટીકર જોઈને એ આટલા બધા કેમ શાંત પડી ગયા? તેમને વિચાર આવ્યો કે, શક્ય છે કે એમના અન્ય સહકાર્યકરોમાંથી કેટલાક એવા પણ હશે કે એ પણ કોઈક ને કોઈક સમસ્યાઓથી પીડાતા હોય. કોઈ બીમાર હોય, કોઈકની પત્ની કે સંતાનોને કે કોઈ સંબંધીઓને તકલીફ હોય, કોઈકનો ઘરમાં પૈસાનો કે એવો અન્ય કોઈક પ્રશ્ન હોય. જેમના જીવનમાં આવા કોઈક પ્રશ્નો હોય એ બધા જ માણસો કાંઈ પોતાના કપાળે કે પીઠ ઉપર પોતાના દુઃખદર્દોના આવા કોઈ સ્ટીકર કે લેબલ લગાડીને ફરતા હોતા નથી. આપણે સહુની સાથે ધીરજથી કામ લઈએ અને શાંતિથી વર્તીએ તો આપણું તથા આસપાસનાઓનું જીવન કેટલું સૌહાદપૂર્ણ બની જાય!

અમારા ગામના શ્રી ડૉ. ધીરજભાઈ છેડા લખે છે કે, ''આપના કાફલામાં દિન-બ-દિન જોડાતા જનારા સહૃદયી ચિંતકોની યાદી એ વાતની ખાતરી કરાવે છે કે લોકો વાંચે છે, વિચારે છે, દરેક દિશાએથી જીવનને ઉન્નત બનાવનાર બાબતોને ગ્રહણ કરવા ઉત્સુક છે. પત્રો એ એક વિશિષ્ટ પ્રકારનું ચુંબકીય ક્ષેત્ર રચ્યું છે એ આપને માટે એક મોટી ઉપલબ્ધિ તો છે જ પરંતુ, આ સારપના

સમુહને કારણે માનવજાતમાં શ્રધ્ધા અને આશાને બળવતર બનાવવાના પર્યાપ્ત કારણો અને કિરણો પણ છે.''

રાજકોટથી શ્રી ભરતભાઈ અંજારિયા લખે છે કે, ''પત્રમૈત્રી દ્વારા દોસ્તીને પ્રોત્સાહન મળે છે તથા વિચારોનું આદાનપ્રદાન થવાથી આપણા વૈચારિક મૂલ્યોમાં વૃધ્ધિ થાય છે. પુસ્તકોને દોસ્ત બનાવવા જોઈએ. પુસ્તકોના સહારે જીવન સુંદર રીતે પસાર થઈ જાય છે. પુસ્તકો જ્ઞાન, માર્ગદર્શન, મનોરંજન તથા ગમ્મત આપતા હોવાથી તેમનું સ્થાન ગુરૂસમ પણ ગણાવાયું છે. પત્ર લખવામાં કે પ્રત્યુતર આપવામાં હૃદયની ઉર્મિયો વ્યક્ત થતી હોવાથી એમાં અનેરો આનંદ પ્રકટતો હોય છે. પત્રમાં મનના મહેકતા મોરલા પોતાના પ્રતિભાવો ઠાલવતા રહે છે તે વાંચકોના પ્રેમ, લાગણી તથા ઉત્સાહની નિશાની છે. પત્રમિત્રો ક્યારેય પણ થાકતા નથી અને થાકવાના પણ નથી.''

ભાઈશ્રી જયંતિભાઈ ભેદા લખે છે કે, ''નિવૃતિ બાદ એક સદપ્રવૃતિ સમાન આ પત્રશ્રેણીમાં ઈર્ષ્યા, બદલો, ગુસ્સો, દંભ કે લોભ જેવા દુર્ગુણોની જગ્યાએ પ્રેમભાવ, વિશ્વાસ, સંતોષ અને નિર્મળ આનંદના ભાવો વ્યક્ત થઈ રહ્યા છે તથા સૂકાઈ રહેલું પત્રવ્યવહારનું માધ્યમ નવપલ્લવિત થઈ રહ્યું છે. માત્ર ૧૦૦ જેટલા મિત્રોથી શરૂઆત પામેલી આ પત્રશ્રેણીમાં હાલમાં ૪૦૦ જેટલા પત્રમિત્રો સહભાગી થઈ રહ્યા છે એનો આનંદ છે. આ પત્રશ્રેણીના પત્રો આપણને પોતાની અંદર ઝાંકવા માટે પ્રેરીને આત્મચિંતન કરાવે છે એ ખરેખર પત્રશ્રેણીના હેતુની સફળતા દર્શાવે છે.''

શ્રી રમેશભાઈ ઝવેરી પોતાની અનુભવવાણી લખતાં જણાવે છે કે, ''આપ આપનો સાહિત્ય-રસ જાળવી જ રાખશો જેથી આપને જીવનમાં આનંદ અને પ્રસન્નતાનો સતત અનુભવ થતો રહે. બહારના સંબંધો વધારે વધારવાથી આપણે પોતે જ બંધાઈ જતા હોઈએ છીએ. વ્યવહારિક સારા માઠા પ્રસંગો જાળવતાં અમૂલ્ય સમયનો ભોગ લેવાતો હોય છે. મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. બને ત્યાં સુધી એકાંત, આર્ય મૌન, ધ્યાન, વિપશ્યના વગેરે માટે વધારે સમય ફાળવીને આત્મ કલ્યાણ તરફ જ વધારે લક્ષ્ય ધરવું.''

ઉંઘ ઉડી જવાથી રાત્રે સાડા ત્રણ વાગ્યે ઉમરેઠથી શ્રી દામોદરભાઈ નાગરે સુંદર પત્ર લખીને પોતાના મનોભાવો વ્યક્ત કર્યા છે. સાથે તેમણે ૫૦૦૦ વરસ પહેલાં શ્રી રૂકમણીજીએ ભગવાન શ્રીકૃષ્ણને સંસ્કૃત ભાષામાં લખેલા અને તેનું હિન્દીમાં ભાષાંતર કરાયેલા પત્રની નકલ પણ મોકલાવી છે. કહેવાય છે કે શ્રી રૂકમણીજીનો આ પત્ર એ સર્વ પ્રથમ પત્ર છે અને આ પત્ર સાથે પત્રલેખન કલાની શરૂઆત થઈ હતી. (જો કોઈને આ પત્રની નકલ જોઈતી હોય તો મને લખશો તો હું આપને એ ચોક્કસ મોકલાવી આપીશ.)

આશરે અઢી મહિનાના લાંબા વિદેશ પ્રવાસ બાદ શ્રી ગોવિંદભાઈ ખોખાણી હવે માદરે વતન કચ્છમાં ફરી પાછા સેટલ થઈ ગયા છે. લખે છે કે, ''અમુક સામાજીક વ્યવહારો જાળવવા તથા આપણા પોતાના લોહીના સંબંધોને માણવા માટે કદાચ વિદેશની ધરતી પર વિચરણ કરવું પડે, પણ, હૃદયમાં તો માતૃભૂમિ પોકાર કરતી જ હોય. વિદેશની ધરતી ઉપર ભૌતિકતાની ભરમાર ગમે તેટલી હોય, પરંતુ, શાંતિનો અહેસાસ તો માદરે વતનમાં જ થાય. વિદેશની ધરતી પર રહેવાનું ગમ્યું. સમયસર જમવાનું, ફરવાનું વગેરે પણ, વચ્ચે વતનની મીઠી યાદ સળવળતી જ હોય. મિત્રો, પુસ્તકો, પત્રોની યાદ આવે અને વળી પાછા જ્યારે વિદેશથી વિદાય લેવાય ત્યારે ફરી વાર પુત્ર-પરિવારને છોડી જવાનું દુઃખ પણ એટલું જ થાય. આ જ તો જીવનની ઘટમાળ છે!''

રાપર, કચ્છથી શ્રી અરૂણભાઈ ગાવંડે લખે છે કે, ''રૂપીયા, પૈસા, બંગલા, ગાડીઓ, સતા કે કીર્તિ મેળવવા કરતાં પ્રેમાળ મિત્રોની કિંમત મારા મતે ખરેખર અમૂલ્ય છે. જીવનના દરેક ક્ષેત્રમાં દ્રડ્ઘથ્થ્ત્ઘ્ઙ નું મૂલ્ય મહત્વનું છે. મને જે મિત્રો મળ્યા છે તે જ મારી સાચી મૂડી છે. બધાં કહે છે કે આપણે શું લઈ જવાના છીએ? પણ હું તો કહું છું કે હું મારા મિત્રોનો પ્રેમ સાથે લઈ જવાનો છું.'' પ્રત્યુતરમાં મેં તેમને લખ્યું કે, વાહ અરૂણભાઈ, વાહ! ''આપકો પાકર ઔર કોઈ હો ન હો, હમ તો અમીર હો ગયે હૈં.!'' એમાં કયાંય કોઈ અતિશયોક્તિ જેવું ખરૂં? એ ગાંધીધામથી રાપર પાછા આવતા હતા ત્યારે જ્યોતિભાભીના ૯૩ વર્ષીય માસીને મળી આવ્યા એ વિશે એમણે કેટલું હકીકતસભર લખ્યું છે કે, ''મૃત્યુ પછી ખરખરામાં જવા કરતાં જીવતે જીવ મળવાનું મને વધારે ગમે છે. ખરખરા કરતાં પ્રેમપૂર્વકની મુલાકાત વધારે યાદગાર હોય છે. મૃત્યુ પછી ખરખરામાં જવું એ તો માત્ર વ્યવહાર જ છે.''

સદાય હસતા રમકડા જેવા વ્હાલા લાગતા શ્રી રમણીકભાઈ કેનીઆ લખે છે કે, ''ઘણી વાર એવું બને કે કોઈ મોટી હસ્તી પ્રત્યક્ષ મળે એના કરતાં કોઈ હસતી ચહેરાવાળી વ્યક્તિનું મિલન થાય તો આખો દિવસ સુધરી જાય, પછી ભલે ને તે પરોક્ષ રીતે મળે. મિત્રતા એક ઐસા રિશ્તા હૈ જો જીવનમેં હમેં સબ સે અધિક ખુશી દેતા હૈ. દોસ્તોં કા સાથ પાતે હી લોગ અપને દુઃખ કો ભુલ જાતેં હૈં. જીવન મેં સબસે પ્રેમભરા રિશ્તા મિત્રતા કા હોતા હૈ.''

મુરબ્બી વડીલ શ્રી ઈશ્વરભાઈ પરમારનો હૃદયથી આશીર્વાદો વરસાવતો અને પ્રેમરસથી છલકતો પત્ર મળ્યો છે. લખે છે કે, ''કેટલાક સંબંધો તો 'પરમ'ની જ સરજત હોય. પ્રયોજન કે આયોજન વિના, કોઈ પૂર્વે અ-પરિચિત વ્યક્તિ 'અપની' હો જાય! પ્રભુના વરદાન સમી બને રહે. જીવન ભાવના કેવી પ્રબળ અને પ્રેરક હોય છે તે 'ઠઙ્ઘ્ઘ્ઙ થ્ઙ ત્ઙ્ઘણ્ત્ઠ' આ ત્રણ શબ્દો દ્વારા સમજાય છે. ઘણા લોકોને આ 'ઠઙ્ઘ્ઘ્ઙ' શોધવાનું બાકી રહ્યું હોય

છે 'બીકોઝ' એમણે ધન અને ધનાધનમાં જ જીવનને ખર્ચી નાખ્યા કર્યું છે... બંધુ, તમે ઓછામાં ઓછું પત્રશ્રેણીના ભાવકોને તો જગાડતા રહો છો.!''

રાજકોટથી શ્રી મનહરભાઈ વૈષ્ણવે સકારાત્મક અભિગમ વિશે કેટલું સુંદર લખ્યું છે કે, ''બીજાઓ પાસેથી તમે જેવા વર્તનની અપેક્ષા રાખો, એવું સ્વયં આચરી બતાવો તો તે સકારાત્મકતા છે. સકારાત્મકતાનો પર્યાય છે સ્વીકારાત્મકતા એટલે કોઈની વાત - સારી કે નરસી - માટે પૃથ્થકરણ કરવાને બદલે સ્વીકારી લેવી. આ બે મુદ્દાઓ જીવનના પોઝીટીવ દ્રષ્ટિકોણ છે. ટૂંકમાં એમ પણ કહી શકાય કે, Love what you do & do what you love." આ છે સુખની by product કારણ કે સુખ કોઈ final product નથી.''

આપણી ભીતર આત્મનિરીક્ષણ અને આત્મમંથન જાગે અને અંદરથી બદલાવ આવે એને જ સર્વના શ્રેયનો પંથ ગણતા અને અતીત, સાંપ્રત અને અનાગત સંદર્ભે પ્રસ્તુત એવા ગાંધીજીના વિચારોના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત શ્રી રમેશભાઈ સંઘવી લખે છે કે, ''કેટલાં વર્ષ જીવ્યા તે કરતાં કેવું જીવ્યા તેની સાથે વધારે નિસ્બત છે. જે આયુષ્ય યાત્રા શેષ હોય તે સ્વસ્થ અને લોક કલ્યાણની સાથે આત્મકલ્યાણના કાર્યોમાં વીતે તો ભયો ભયો! ગાંધીજી કેટલા કાર્યો કરતા છતાં જળકમળવત - અનાસક્ત. તેમની જીવનયાત્રા જાગૃતિપૂર્વક ચાલી અને સાથે સતત ધ્રૂવબિન્દુ રહ્યું - મોક્ષપ્રાપ્તિ, સત્યનો સાક્ષાત્કાર અને રામનામ. એ રસ્તે થોડાં ડગલાં ભરાય તોએ ગનીમત.''

જાણીતા સાહિત્યકાર તથા હાસ્ય કલાકાર ભાઈશ્રી ડો. જગદીશભાઈ ત્રિવેદીએ જીવનના વનપ્રવેશની ક્ષણને વધાવવા માટે આજીવન સફેદ વસ્ત્રો ધારણ કરવા તથા અર્થોપાર્જનની પ્રવૃતિ પર પૂર્ણવિરામ મુકવાનો સંકલ્પ આશરે બે હજાર જેટલી જનમેદની સમક્ષ જાહેર કર્યો એ સરાહનીય છે. હવે પછી એમની સંપૂર્ણ આવક માત્ર લોકોના આરોગ્ય અને શિક્ષણ પાછળ ખર્ચાશે. આવા વિરલ સંકલ્પ બદલ આપણે એમને અભિનંદન આપીએ. આ પ્રસંગે તેમણે જીવન દરમ્યાન કરેલા સાહિત્યિક સર્જન સ્વરૂપ એકાવન જેટલા પુસ્તકોમાંથી સારાંશ તારવીને તેને ''અડધી સદીનાં ઓવારણા'' શીર્ષક હેઠળ 'અધ્યાત્મ, હાસ્ય, કવિતા અને નાટક' એવા પેટા શીર્ષકો ધરાવતા ચાર દળદાર ગ્રંથો દ્વારા પૂજ્ય મોરારી બાપુના હસ્તે વિમોચન કરાવ્યું એ માટે આપણે એમની જે પણ પ્રશંસા કરીએ એ ઓછી છે.

સ્વભાવે મૈત્રીના માણસ એવા જન્મજાત શિક્ષક શ્રી મોતીભાઈ પટેલે આત્મકથા, ''શિક્ષણઋષિની ભાવયાત્રા.... રેતી... છીપલાં અને મોતી'' લખી છે. આ ગ્રંથમાંથી પસાર થતાં એવું લાગ્યું કે, ખરે જ, કોઈક દરિયા કિનારે ટહેલતાં ટહેલતાં અને રેતીમાંથી છીપલાં વીણતાં વીણતાં જાણે કે સાચાં મોતી જ સાંપડયાં હોય એવો અલૌકિક અનુભવ થયો. અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે જન્મીને ત્યાંના ચકમકીયા સફેદ પથ્થરો સાથે ઘસાઈ ઘસાઈને સાચ્ચે જ એક સાચા મોતી બનીને એમણે માવિત્રોએ પાડેલા 'મોતીભાઈ' નામને સાર્થક કરેલ છે. શિક્ષકનું કામ જ પથ્થરને તલાસીને તેનું મોતીસ્વરૂપે ઘડતર કરવાનું હોય છે જ્યારે એ તો સ્વયં જ એક સાચા મોતી તરીકે નિર્માણ પામ્યા હોઈ એમનામાંથી અન્ય અનેક મોતીઓનું સર્જન થાય એમાં નવાઈ નથી. આ આત્મકથામાંથી પ્રેરણા લઈને નવી પેઢી એમના જીવનમંત્ર, ''વાંચવું... વિચારવું... વિહરવું અને વિકસવું'' ને સાક્ષાત કરે એવી અભ્યર્થના.

આદરણીય વડીલ શ્રી મનુભાઈ પંડિતનો અંતરનો સ્નેહ તથા આશીર્વાદો વરસાવતો સુંદર પત્ર તથા મૈત્રીની વ્યાખ્યા આપતા પૂજ્ય ગાંધીબાપુના હસ્તાક્ષરવાળા પત્રની નકલ મળ્યાં. એમણે કેટલું સુંદર લખ્યું છે કે, ''તમારી પ્રવૃતિને હું સંસ્કૃતિના વિકાસ બીજ તરીકે જોઉં છું. વિચાર વિના પ્રગતિ શક્ય નથી. તમે આજ સુધીમાં કેટલાંય સુંદર વિચાર-બીજ રોપ્યાં છે, એનો ફાલ તો જ્યારે ઊતરે ત્યારે ખરો!'' એમણે એમના ટેબલ ઉપર પૂજ્ય ગાંધીબાપુના હસ્તાક્ષરોમાં મિત્ર બનાવવા અંગેનું જે સૂત્ર રાખ્યું છે એ મને મોકલાવવા યોગ્ય જાણ્યો એ માટે હું એમને બે હાથ જોડી માથું નમાવી વંદન કરૂં છું. તા. ૧૧મી મે, ૧૯૩૨ ના દિને લખાયેલા આ સૂત્રમાં પૂ. બાપુએ કેટલું સરસ લખ્યું છે કે, ''આપણે બધાને મિત્ર ગણીને કાં ન વરતીયે? 'ખાસ' મિત્રાચારીમાંથી કડવાશ પણ થાય. પણ બધાને એક સમાન મિત્ર ગણીયે તો જીવન નિત્ય રસિક રહે!''

હકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતા અમારા જ ગામના મારા મિત્ર શ્રી દિનેશભાઈ નાગુ લખે છે કે, ''ઉંમર પ્રમાણે વિચારો અને મગજની ગરમી ઉપર સજ્જન માણસો કાબુ મેળવી લેતા હોય છે.'' જવાબમાં મેં તેમને લખ્યું કે, દિનેશભાઈ, સમય પ્રમાણે આપણે આપણી જાતને વાળીએ એમાં જ સાર છે ને! પત્રમાં તેમણે બહુ જ સુંદર ભાવના ભાવતાં લખ્યું છે કે, ''જાતીવાદ કરતાં વિચારવાદનો સમુહ વધુ ને વધુ નજીક આવે અને તંદુરસ્ત વિચારધારાના બીજ સૃષ્ટિ પર વવાય, સહુના સારાં કામો થાય અને વિશ્વમાં શાંતિ છવાય એવી જ આપણે સહુ ભાવના ભાવીએ.'' આપણે એમના વિચારોને બિરદાવીએ.

અમારે ત્યાં જ રહેતા શ્રી લહેરીભાઈ ભાનુશાલીએ લખ્યું છે કે, ''જીવનને જો સત્યના એક પ્રતિબિંધ તરીકે જોવું હોય તો જગતના વિચારોને સમજવા પડશે. આ વિચારો કોઈની પોતાની આત્મકથાના હોય કે લૌકિક સંપ્રદાયોના હોય અથવા દુનિયામાં સફળ નીવડેલા કોઈક લેખકના લેખસ્વરૂપે હોય. જ્યારે કોઈના

પણ વિચારોનું આત્મચિંતન કરીને તેનું પૃથ્થકરણ કરતાં તેને સહજ ભાવમાં રજુ કરવામાં આવે ત્યારે આ વિચારો એક યોગીની સાધનાસમ એના જીવનસંદેશ જેવા બની જતા હોવાથી તેનું જીવનમાં અવશ્ય પાલન અને અનુકરણ કરવા યોગ્ય બની જાય છે.''

ખરેખર એક માણસ ધારે તો ગમે તેવા ટાંચા સાધનોમાં પણ પોતાના મનગમતા શોખોનો કેટલી હદે વિકસાવી શકે છે તેનું ધારી જીલ્લાના ગોવિંદપુર ગામે રહેતા શ્રી નરેશભાઈ ભટ્ટી એક જીવતા જાગતા દાખલાસમ છે. જીવનનિર્વાહ માટે બાલદાઢીની નાનકડી દુકાન ધરાવવા તથા માત્ર સાતમા ધોરણનો અભ્યાસ કર્યો હોવા છતાં ય, નરેશભાઈ વાંચન, લેખન, પત્રમૈત્રી તથા આકાશવાણી સાથે પત્રવ્યવહાર કરવાનો શોખ ધરાવે છે જેના અંતર્ગત રાજકોટ તથા અમદાવાદ રેડિયો ઉપર 'સવિનય નિવેદન કે...' જેવા કાર્યક્રમોમાં તેમના પત્રને શ્રેષ્ઠ પત્રના પુરસ્કાર મળ્યા છે તથા એ કેટલાય લેખકો તથા પત્રમિત્રો સાથે સંપર્ક રાખે છે તથા તેમના કેટલાક લેખો, ટૂંકી વાર્તાઓ, નવલિકાઓ વગેરે અનેક સામાયિકોમાં પણ પ્રગટ થયા છે એ માટે આપણે એમને અભિનંદન આપીએ.

પરમ આદરણીય શ્રી પ્રભાશંકરભાઈ ફડકેની વય, કેટલાય સ્થળાંતરો તથા અનેક શારીરિક પ્રતિકુળતાઓ વચ્ચે પણ શરૂ થઈને પછી અટકતો અટકતો વચ્ચે ત્રણેક જેટલા વિરામ સહિતનો સાહિત્યિક અને પ્રેમાળ પત્ર મળ્યો છે. એ થોડુંક લખે અને થાક લાગે, વિશ્રામ લેવો પડે, તેની વચ્ચે પણ એમણે કુલ છ જેટલા પાનાં ભરીને સરસ માહિતીપ્રદ પત્ર લખ્યો છે. આટલી પ્રતિકુળતાઓ વચ્ચે પણ તેમણે આટલો સરસ પત્ર લખ્યો છે ત્યારે લાગે છે કે, ''હું કેટલો ભાગ્યશાળી! આ એક ઋણાનુબંધ છે!''

''પ્રતિભાવ-૨'' પુસ્તક વિશે એમણે લખ્યું છે કે, ''અફલાતુન....!'' પ્રકાશકે અને મુદ્રકે દિલ રેડીને નિર્મિત કર્યું છે. ભાગ્યશાળીને - પુણ્યશાળીને જ આવા પ્રકાશક અને મુદ્રક સાંપડે. મુખપત્ર પણ કેવું સોહામણું, કલાત્મક!''

વડોદરાથી એક સાચા અર્થમાં કલાના કદરદાન એવા શ્રી શાંતિભાઈ ગઢિયાએ પત્ર સાથે પાણીમાં કેટલાક મજાના પારેવડાઓનું ટોળું છબછબીયાં કરતાં કરતાં એક બીજાને ભીંજવી રહ્યું હોય અને આનંદ કિલ્લોલ કરી રહ્યું હોય એવું સુંદર ચિત્ર મોકલ્યું છે જે ચિત્રને પણ માણવાની મજા આવી ગઈ. જાણે એ દ્રષ્યમાં આપણી પોતાની પણ ત્યાં સાક્ષાત મોજુદગી હોય એવું અનુભવ્યું. પણ આ ચિત્ર સાથેનું એમનું લખાણ, ''સદીઓ વીતી, પૃથ્વી પર, માનવજાત અવતરી એને; પણ સામુદાયિક જીવનના પાઠ આ ભોળાં પારેવડાં પાસેથી શીખવા રહ્યા.'' તો માનવજાતને કેટલો મોટો સંદેશ આપી જાય છે. જો આપણે આપણી દ્રષ્ટિ ખુલ્લી રાખીએ તો સૃષ્ટિના દરેકે દરેક જીવ આપણને કંઈક સંદેશ આપી જ જતા હોય છે. જરૂરત છે એ પ્રકારની ગુણગ્રાહી દ્રષ્ટિ કેળવવાની! શાંતિભાઈની કલાકારિત્વમય દ્રષ્ટિને સલામ અર્પીએ!

શ્રી મેઘબિન્દુજીએ સાચું લખ્યું છે કે, 'યે તો અસાચ ચાલતે!' લેખ જીવન તરફ જોવાનો હકારાત્મક અભિગમ છે જે જીવન જીવવાનું અનેરૂં બળ પ્રદાન કરશે. જે મળ્યું છે તેને જ સ્વીકારશું તો આનંદ આનંદ થશે... એ નિશંક વાત છે.' તેમણે પત્રની શરૂઆત કેટલી સરસ રીતે કરી છે. લખ્યું છે કે, ''આપના સાંનિધ્યની એવી અસર થઈ, આ જિંદગી બસ ત્યારથી મહેકતી રહી....! નાહક હું અટવાઈને ઊભો રહ્યો, એક કદમ ચાલ્યો ને રસ્તો થઈ ગયો...! લેખ વિધાતાએ લખ્યા, એમાં ફરક ન થાય, સમજીને બસ જીવવું, ના બીજો ઉપાય...! ઘાયલ સાહેબ લખે છે, 'મિત્રો મજાના જવલ્લે મળે છે.' સાંપ્રત સમયમાં સંવાદ થઈ શકે એવા મિત્રો કયાં? આપણે નસીબદાર છીએ કે મિત્રોની મહેફિલો માણી શકીએ છીએ. એક અનોખો ભાવસભર પરિવાર રચાયો છે. ઈશ્વરને પણ પત્ર દ્વારા મનની વાત કહી શકાય છે. લખવાનો આનંદ અનેરો છે, માંહી પડયા તે મહાસુખ માણે... એટલે ફરી વાર કહું છું કે, ''લખતા રહેજો....!'' આપણે નસીબદાર છીએ કે આપણી લાગણી અને હૈયાની વાતને વ્યક્ત કરવા શબ્દોનો સહારો મળ્યો છે.''

ઉપરોક્ત પ્રતિભાવો ઉપરાંત, આ વખતે પ્રતિભાવ પાઠવનારા અન્ય મિત્રો છે, શ્રી દેવેન્દ્રભાઈ ઠાકર, કુલીનકાંતભાઈ લુઠીયા, નરોતમભાઈ પંચાલ, બળવંતભાઈ દેસાઈ, એલ. ડી. શાહ, મણીલાલભાઈ રૂઘાણી, ઠાકોરભાઈ પટેલ, નારાયણભાઈ શનિશ્વરા, અરવિંદભાઈ જોશી, કનુભાઈ શાહ, મધુકાન્તભાઈ જોષી, જીગરભાઈ જોષી, જગદીશભાઈ રાયમંગ્યા, ચિં. કવિતા ભાવેશ ગડા, મણીલાલભાઈ દંડ, ગોરધનભાઈ ભેસાણિયા, કુમારી મિનાક્ષીબેન સોની, સાહિલભાઈ તથા કૌમુદીબેન બક્ષી.

મિત્રો, હવે શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજીત કોબા તીર્થ, અમદાવાદ ખાતે યોજાનારા જૈન સાહિત્ય સમારોહમાં હું શ્રી ઉપાસક દશાંગ સૂત્રના બીજા અધ્યયન શ્રી કામદેવજી શ્રાવક વિશે એક શોધનિબંધ રજુ કરવાનો છું. એ પછી તા. ૨૦મી જુલાઈ. ૨૦૧૮ થી પર્યુષણ પર્વ પુરા થાય ત્યાં સુધી એટલે કે, તા. ૧૪મી સપ્ટેંબર સુધી કચ્છમાં જ રહેવાનું નિર્ધાર્યું છે. ત્યા સુધી, આવજો. આપનો જ,

*કેટલું સરળ છે સૌને ગમી જવું, અનિચ્છાએ પદ સદા નમી જવું!*
*માણસ છે, ગુસ્સો આવે તો, સહેજ તપી જવું, પછી શમી જવું!*
*ના ગમે કોઈ વાત, કંઈ નહીં, ધીરેકથી ત્યાંથી સરકી જવું!*
*બસ આવી જાય જો આટલું, સાવ સરળ છે, સૌને ગમી જવું!*

❑❑❑

૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોન : ૦૨૨-૨૫૬૦૫૬૪૦ ▪ મો. ૯૮૬૯૨૦૦૦૪૬
ઈમેલ : jkv1950@yahoo.co.in

# શ્રી જયેન્દ્ર ત્રિપાઠી લિખિત સંપા. પુસ્તક ''ધરતીનું અમૃત - મા''

પ્રા. ડૉ. મધુસૂદન મ. વ્યાસ

ઈ.સ. ૨૦૧૬ માં અમદાવાદના અગ્રણી પ્રકાશનગૃહ પાર્શ્વ પબ્લિકેશનમાંથી જેનું પ્રકાશન થયેલ છે, તેમજ માત્ર ૧૩૦/- ની કિંમતનું (મુઠ્ઠી ઉંચેરું મૂલ્ય ધરાવતું) પાકા પુંઠાનું એકસો બાર પાનામાં વિસ્તૃત થયેલું આ પુસ્તક ખરે જ વાંચવા જેવું છે. સુદીર્ઘકાળનો જેમને ગુજરાતી-હિન્દી-સંસ્કૃતના લેખન-સંપાદનનો અનુભવ છે. એવા શ્રી જયેન્દ્રભાઈ ત્રિપાઠીના હાથે લિખિત - સંપાદિત આ પુસ્તક તેમણે પોતાની સ્વર્ગસ્થ સુપુત્રીને આર્ત અને આર્દ્ર કલમે લખાયેલા સંપાદકીય લખીને અર્પણ કર્યું છે. તેમણે હૃદયસ્પર્શી વાત એ લખી છે કે - ''આજે મારી વહાલી દીકરી હયાત નથી, છતાંય તમામ દીકરીઓમાં એની સૂક્ષ્મ ઉપસ્થિતિનો અનુભવ કરું છું. જગતમાં માતાનું સ્થાન સક્રિય બ્રહ્મનું જ સ્થાન છે.''

અહીં પ્રથમ વિભાગમાં મૌલિક એવા એકવીસ જેટલા લેખો છે. તેનાં શીર્ષકો જ અવનવા માતૃવાત્સલ્યના સ્વરૂપોને કંડારનારાં જણાય છે. જુઓ - અંધકારમાં એક દીવો - મા (પૃષ્ઠ - ૧૪) 'મા' અજબગજબની મારી (પૃષ્ઠ - ૧૬) મા શીળો છાંયડો (પૃષ્ઠ - ૧૯), 'મા' નો અજંપો (પૃષ્ઠ - ૨૫), કંચન - 'બા' એ મારી - મા (પૃષ્ઠ - ૨૭) મા! નામ વગરનું સરનામું (પૃષ્ઠ - ૩૩), 'મા' પ્રેમનું વ્યાકરણ છે (પૃષ્ઠ - ૩૭), અનન્વય અલંકારનું ઉદાહરણરૂપ શીર્ષક - 'મા! એટલે મા! એટલે મા!' (પૃષ્ઠ - ૪૬) મારી આંખની કીકી (પૃષ્ઠ - ૫૫) આ સઘળાં શીર્ષકો એમની સર્જનશીલતાંના દ્યોતક છે.

સંપાદન અને લેખનના જુદા વિભાગો જ દર્શાવે છે કે જયેન્દ્રભાઈ પોતાના ગ્રંથકાર તરીકેના કર્તવ્યથી સાવધાન છે. અહીં સમગ્ર પુસ્તકમાં ઊર્મિશીલતા અને બૌદ્ધિકક્ષમતાનો મણિકાંચન સંયોગ છે, એક સાધકની દ્રષ્ટિ આમાં છે.

અત્રે સંપાદન વિભાગમાં બાવીસમા પ્રકરણથી એકતાલીસમા પ્રકરણ સુધીમાં વીસેક પ્રકરણોમાં અમિતાભ બચ્ચનથી માંડીને જયેન્દ્ર ત્રિપાઠી સુધીના વિવિધ લેખકોના માતૃવિષયક લેખોનું ચયન સંકલન છે. આમ પચાસથી પણ ઓછાં પૃષ્ઠોમાં માતાનો મહિમા અહીં અભિવ્યક્તિ પામ્યો છે. આપણાં વર્તમાનના અત્યંત અશાંત જીવનમાં આનું વાંચન દરેક વ્યક્તિને (પોતાની) માતાનું મહત્વ વિવિધ મુદ્દાઓમાં સમજાવશે. સરવાળે, સમાજના બધા વર્ગોને ઉપયોગી આ પુસ્તકને હૃદયસ્થ કરવાથી સ્ત્રીવિષયક અપરાધો ન્યૂન થશે. તેમજ માતૃવાત્સલ્ય જાગૃત થશે. સમાજના હીત માટે પણ આવી સંવેદના જાગૃત થવી ઈષ્ટ છે.

માણસની બૌદ્ધિક ક્ષમતા જેમ જેમ વધે તેમ તેમ માણસ વધુને વધુ હૃદયહીન બનતો જાય એવી આપણી સામાજિક વ્યવસ્થા અથવા સામાજિક ઢાંચો બની ગયો છે ત્યારે હૃદયની કેળવણીના સંદર્ભે પણ સમાજ કલ્યાણના હેતુથી આવા પુસ્તકોનો ખૂબ જ પ્રચાર - પ્રસાર થવો ઘટે. વિવિધ કોલમીસ્ટોએ એના વિશે છાપાઓમાં લખીને સામાજિક જાગૃતિ ફેલાવવી ઘટે. આમાંના પ્રકરણો નાનાં હોઈ દરરોજ એક પ્રકરણ પંદર મિનિટમાં વાંચી શકાય.

આ પુસ્તકમાં પ્રત્યેક પ્રકરણમાં માતા અને બાળકના વિવિધ સ્વરૂપો મુદ્દાઓ દર્શાવતા ફાટોગ્રાફસ મૂકીને પાર્શ્વ પબ્લિકેશનના સંચાલક બાબુભાઈ શાહે સોનામાં સુગંધ ભેળવી છે. ઉપરાંત માતાનો મહિમા દર્શાવનારાં સુવાક્યો - સદુક્તિઓ છેલ્લાં પ્રકરણમાં શ્રી જયેન્દ્રભાઈએ આલેખ્યાં છે. જેમાં દુનિયાભરની કહેવતો અને સુભાષિતોનો ખજાનો ખુલ્લો મૂકી દીધો છે. આમ માતૃમહિમાને વર્ણવનાર આ પુસ્તક ગાગરમાં સાગર ભરેલો જાણે કે દર્શાવે છે. એથી એના લેખક - પ્રકાશક બંનેને અભિનંદન.

**ગ્રંથપ્રાપ્તિસ્થાન**

બાબુભાઈ શાહ - મો. ૯૭૨૭૯૦૦૮૯૯
શ્રી પાર્શ્વ પબ્લિકેશન, ૧૦૨, નંદન કોમ્પલેક્ષ, મીઠાખળી ગામની રેલવે ફાટક સામે, મીઠાખળી, અમદાવાદ

❑❑❑

૯૭, જલદર્શન સોસાયટી,
માલપુર માર્ગ, મોડાસા. મો. ૯૪૨૭૬૯૩૫૫૪

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.**

**મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯**

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**૯૨૬, પારેખ માર્કેટ,**
**૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,**
**ઑપેરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.**
**મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯**
**પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.**

# પ્રેમનો સ્પર્શ એ જ જીવન

ડૉ. ભદ્રાયુ વછરાજાની

*(ગતાંકથી ચાલુ)*

**ચા**રેક મહીના વીત્યા. બન્નેનો પગાર આવે, ભલે ને ટૂંકો-બાંધ્યો પણ બેનો સરવાળો થાય એટલે સારો લાગે, અને ગાડું ગબડે.. ત્યાં જ જ પત્નીને બી.એડ.માં પ્રવેશ મળ્યો. બી.એડ્. કરવું અતિ આવશ્યક હતું. સ્કૂલે નામ મોકલ્યું ને પ્રવેશ નક્કી.. પણ એ સમયે નોકરી સાથે બી.એડ. ન થતું. નિયમો ચુસ્ત હતા અને તેનું પાલન તો કરવું જ જોઈએ એવું શાળા સંચાલકો પણ માને અને આ શિક્ષક દંપતિ પણ સ્વીકારે. પત્નીની નોકરી એક વર્ષ માટે બંધ થઈ. પગારનો સરવાળો અટક્યો. ખર્ચા તો એ જ હતા. બી.એડ. ભણવાનો ખર્ચ ઉમેરાયો અને આવક ઘટી! પતિને રાજીપો હતો કે હું તો બી.એડ. છું જ અને હવે એ પણ બી.એડ થશે. માત્ર એક પગાર, માસિક રૂા. ૪૨૫/- (તે સમયે પગાર ઓછા ને જીવનનો આનંદ ઝાઝો હતો) રૂમનું ભાડું રૂા. ૨૬૫/- રાજકોટના સદર બજારમાં ઝીંઝૂવાડીયાની ચાલીમાં, પાછળ બાકી જે વધે તેમાંથી બધું (એટલે બધું જ..)!! કભી ખુશી, કભી મૂંઝવણ.. ગમ કે દુઃખ તો સમજમાં જ ન હતું ત્યારે.. સાથે જીવતરનો અને કશુંક નવતર કર્યાનો સંતોષ જ એવરેસ્ટ જેટલો ઊંચો હતો. એટલે રસ્તો મળ્યો આર્થિક સંકટને ભેદવાનો...

સદરના કાશીવિશ્વનાથ પ્લૉટમાં મંજુમાસી રહે,.. એ ટિફિન બનાવી મોકલે. સાદું - સાત્વિક - ઘર જેવું જમવાનું. બે વખતના રૂા. ૧૬૦ માસિક! શરૂ કર્યુ ટિફિન, એટલે ગેસ બચ્યો, કરિયાણું બચ્યું, અન્ય આનુસંગિક ખર્ચાઓ બચ્યા. એક ટિફિનમાંથી બન્ને વ્હેંચીને જમે! 'પ્રેમ એટલે શેર એન્ડ કેર', નો પ્રેક્ટિકલ એપ્રોચ! રવિવારે મંજુમાસી ફિસ્ટ ન આપે પણ રજા રાખે! રવિવારે પેટ થોડી રજા પાળે? બન્ને ચાલતા આવે કાલાવાડ રોડ પરના મદ્રાસીના ધાબે.. લગભગ અગિયાર વાગે આવી ઈડલી-વડા-સાંભાર-ચટ્ટણીનું મારણ કરે. હલકી આઈટેમ-સસ્તી પણ.. થોડું ખાવ ને પેટ ભરચક્ક. માત્ર દસ રૂપિયામાં બ્રેકફાસ્ટ અ લંચ ઈ બ્રંચ અને રવિવાર પૂરો.!! શિક્ષક પતિના અક્ષર બહુ સરસ. એ સ્ટેનશીલ લખે સુંદર રીતે. ઢગલાબંધ પેપર્સ સ્ટેનશીલ પર લખે અને તેનું લીથો થાય, તેની કૉપી નીકળે. એ જમાનો હતો આ લીથો છપાઈનો અને એ જમાનો હતો આ શિક્ષકની સ્ટેનશીલ સ્કીલનો.. શિશક નોકરી કરે, શિક્ષિકાજી બી.એડ. કરે, સાંજે બન્ને લાગી પડે સ્ટેનશીલ યજ્ઞમાં. પત્ની બોલે, પતિ લખે. સીટી બસમેં આનેકા - જાનેકા ઔર પૈસા બચાનેકા! સ્ટેનશીલ લખવામાં ઉપરના પાતળા વેક્સ કાગળ નીચે લીસ્સી સ્લેટ રાખે સ્ટીલ પોઈન્ટ પેનથી તેને કાપવાની ને અક્ષર પાડવાના! ભાર દઈને લખવું પડે. આંગળીનાં ટેરવાંથી લઈને મગજની નસ સુધી બધું પ્રવૃત્ત થા.. પરિશ્રમ પુષ્કળ, પણ આનંદ ભરચક્ક. કારણ? બન્ને સાથે મળી કામ કરે. પતિની આંગળીને સોજો ચડી જાય તો પત્ની મીઠાંના પાણીનો. નાનો પારો બાંધી. આપે અને કામ આગળ ધપે. મોડી રાત્રે સાયક્લોસ્ટાઈલવાળા આવે ને લઈ જાય ને રોકડા દઈ જાય! ત્યારે એક પેઈજનો એક રૂપિયો મળતો, પણ આ દંપતિને એ એક હજાર જેવો લાગતો.

ટિફિનની વ્યવસ્થાએ પેટ ભર્યું. સ્ટેનશીલ લખાણે મન અને મસ્તી ભર્યાં. મિત્રો તો મજાકમાં કહેતા કે તમે તમારું મકાન બનાવો તો તેનું નામ 'સ્ટેનશીલ કૃપા' કે 'લીથો કૃપા' રાખજો!

પરણ્યાનાં પાત્રીસ વર્ષે એ હળાહળ શિક્ષક દંપતિના ઘરનું નામ 'પ્રેમમંદિર છે,.. આર્થિક સંકટ ખિસ્સાને નડે અને પર્સને કનડે!. પ્રેમનો સ્પર્શ હોય અને હિંમતનું આલિંગન હોય તો ભલભલાં સંઘર્ષ પાણી ભરે..

❑❑❑

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ /ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧

ઈમેલ : bhadrayu2@gmail.com

સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

**મો. ૯૧૩૭૭૨૭૧૦૯**

# શ્રમનું ગૌરવ : અનટુ ધિસ લાસ્ટ

સોનલ પરીખ

આ દિવસોમાં મારા ઘરમાં રિનોવેશનનું કામ ચાલે છે. કડિયા, સુતાર, ઈલેક્ટ્રીશ્યન, રંગકામ કરનારા કારીગરો સૌને નજીકથી જોઉં છું ત્યારે સમજાય છે કે એ લોકોનો શ્રમ કેટલો મહત્ત્વનો છે. આમાંના કોઈ કામ આપણને બિલકુલ આવડતા નથી હોતા એટલે એ બાબતોમાં એમણે પૂરા એમના આશ્રિત હોઈએ છે. જ્યારે એ લોકો પોતાના કોઈ કામ માટે આપણા આશ્રિત હોતા નથી. જે વિચારો, વાંચન કે લેખનની રાઈ આપણા મગજમાં ભરાયેલી છે એ બધા વિના એમનું ગાડું ખાસ્સું આરામથી ચાલ્યું જાય છે. આમ છતાં આપણે એમના 'શેઠ' હોવાનું ગુમાન રાખીએ છીએ. અને બીજી વાત, થોડા 'રફ' હોવા છતાં એ લોકો પોતાને રોજીરોટી આપતાં કામ નિષ્ઠાપૂર્વક કરે છે. જે ઘરમાં એ રહેવાના નથી એની દિવાલો શણગારે છે, એનું ફર્નિચર બનાવે છે, એના બારણાં-બારી બેસાડે છે. તેઓ જેવું-તેવું મટીરીયલ વાપરે કે ઉપરછલ્લું કામ કરે તો આપણે સામે બેઠા હોઈએ તોય પૂરું સમજી શકવાના ન હોઈએ છતાં તેઓ કામ સારું જ કરે છે, કેમ કે એ કામ એની જીવાદોરી હોય છે. આ માણસોને આપણે માન આપવાનું હોય કે તુચ્છકારવાના હોય?

આપણે 'આધ્યાત્મિક રાષ્ટ્ર' હોવાનું બહુ ગૌરવ ધરાવીએ છીએ, પણ માનવીનું, માનવીના શ્રમનું મૂલ્ય કરતા શીખ્યા નથી. માનવતાની દ્રષ્ટિએ તો આ ખોટું છે જ, પણ સમાજની રીતે, રાષ્ટ્રની દ્રષ્ટિએ પણ આ વૃત્તિ મોટું નુકસાન કરનારી છે.

મહાત્મા ગાંધીનું જીવન જેણે પલટી નાખ્યું એ પુસ્તક 'અનટુ ધીસ લાસ્ટ'નું કેન્દ્ર આ જ છે – શ્રમનું ગૌરવ, શ્રમિકનું કલ્યાણ. આ પુસ્તકના લેખક જ્હોન રસ્કિનનો જન્મ ૧૮૧૯માં આવતા વર્ષે તેની ૨૦૦મી વર્ષગાંઠ હશે. રસ્કિન મૂળ તો આર્ટિસ્ટ અને કલાવિવેચક પણ ચિંતક સ્વભાવ, અનેક વિષયો પર વિચારે, અનેક સ્વરૂપોમાં લખે, જુદા જુદા માધ્યમ લઈ ચિત્રો દોરે, મોટો દાનવીર. કલાવિવેચનથી શરૂ થયેલી એની લેખન કારકિર્દી ૧૯મી સદીના અંત ભાગમાં અને પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન આવેલાં પરિવર્તનોને જોઈ સામાજિક નિસબત અને ફિલોસોફી તરફ વળી મજૂરો માટે 'લેટર્સ ટુ ધ વર્કમેન' નામનું સામાયિક એણે ચલાવ્યું. જેવી ગુણવત્તા તેવી જ લોકપ્રિયતા હાંસલ કરી.

૧૯૦૪માં, મહાત્મા ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતા, ત્યારે એમના સાથી હેનરી પોલોકે એમને એક મુસાફરી દરમિયાન વાંચવા માટે એક નાની પુસ્તિકા આપી - 'અનટુ ધીસ લાસ્ટ' ત્યારે પોલાક કે ગાંધી કોઈને ખબર ન હતી કે આ પુસ્તિકા ગાંધીનું, દક્ષિણ આફ્રિકાનું ને ભારતનું ભાવિ ઘડવામાં નિમિત્ત બનવાની છે.

૧૯૬૦-૬૨ના ગાળામાં લખાયેલા આ પુસ્તકે તેના દરેક વાંચનારને વિચારતો કરી દીધો હતો. રસ્કિન લખે છે, ''જિંદગી અને પ્રેમ, કૃતજ્ઞતા, આનંદ જેવી જિંદગીની છટાઓ એ જ સૌથી મોટી સમૃદ્ધિ છે. આ બધાને અનુભવી શકે ને વહેંચી શકે તે માનવી સમૃદ્ધ છે. આવા માનવીનો પ્રભાવ અને તેની ગરિમા જુદાં જ હોય છે. જીવનની આ કલા શીખી શકાય છે; તે માટે ઈશ્વરના દરેક સર્જનને ભરપૂર પ્રેમ કરવો પડે. માણસ આમ પણ ફક્ત રોટી પર જીવન જીવી શકતો નથી. રોટી માત્ર તેનું શરીર ટકાવે છે. તેને માણસ તરીકે ઊંચો ઊઠાવવા માટે પ્રેમ અને સન્માન પણ જોઈએ.''

સમાજ અને માનવ સ્વભાવનું તેનું નિરીક્ષણ અત્યંત સચોટ અને વેધક છે : ''આપણે એવું ઈચ્છીએ છીએ કે અમુક લોકો વિચાર કરે અને બાકીના બધા પરિશ્રમ કરે. વિચારનાર બુદ્ધિમાન ગણાય, શ્રમ કરનારો બુદ્ધિ વિનાનો. વિચારનાર જેન્ટલમેન કહેવાય, શ્રમ કરનારો વર્કર. વિચારનાર સંસ્કારી-શિક્ષિત હોય, શ્રમ કરનાર અસભ્ય-અશિક્ષિત. પરાપૂર્વથી ચાલ્યા આવતાં આ વિચારો-માન્યતાઓ કેટલા ખોટા, અયોગ્ય છે તે કોઈને કેમ દેખાતું નથી? શ્રમ કરનાર વિચાર પણ કરે તે વિચાર કરનાર શ્રમ પણ કરે એમ થવું જોઈએ. અને બંને જેન્ટલમેન હોય. આપણી વ્યવસ્થા તો બેમાંથી કોઈને 'જેન્ટલ' રહેવા દેતી નથી. આપણી વ્યવસ્થામાં એક શોષક બન્યો છે, બીજો ઈર્ષા કરનાર થયો છે. કામ કરાવનારા ને કામ કરનારા આ બે વર્ગમાં સમાજ વહેંચાયો છે અને આ વહેંચણી પૈસાના જોરે થઈ છે. માનવતા, નીતિ કે સદ્ભાવને માટે કોઈ જગ્યા આપણે રહેવા દીધી નથી. શ્રમિકો બૌદ્ધિકોને આદરથી જુએ અને બૌદ્ધિકો શ્રમિકોને માન આપે એવી વ્યવસ્થા નીતિ અને વ્યવહાર બંનેની દ્રષ્ટિએ અનિવાર્ય છે. જ્યાં સુધી આ નહીં થાય ત્યાં સુધી વ્યક્તિ અને સમાજ બંને નુકસાનમાં છે એ ચોક્કસ સમજવું.''

આ પુસ્તિકાને 'બુક ઓન ઈકોનોમી' શબ્દોમાં વર્ણવાઈ છે. ૧૯૬૦ના ડિસેમ્બર મહિનામાં તે ચાર બૃહદ લેખ રૂપે પહેલી વાર કોર્નહિલ મેગેઝિનમાં પ્રગટ થઈ. રસ્કિન કહે છે, ''આ લેખોની કડક ટીકા થઈ. પ્રકાશકને ધમકીઓ મળી. લેખોનું પ્રકાશન રોકવામાં આવ્યું. રસ્કિને વિરોધની પરવા ન કરી અને ૧૯૬૨માં પુસ્તકરૂપે આ લેખો પ્રગટ કર્યા. આ છેવાડાના લોકો સુધી પહોંચવાની વાત

માત્ર નથી. મેં મારા અને તમારા સુધી પણ પહોંચવા ધાર્યું છે.'' પુસ્તકના 'લાસ્ટ' એટલે અગિયાર કલાક મજૂરી કરતા શ્રમિકો. એમની નિયતિ એ ધર્મનો નહીં, ભૌતિકવાદનો, અર્થકારણ અને સમાજકારણનો વિષય છે એવું કહીને રસ્કિન સામાજિક અર્થકારણનો નવપ્રણેતા બને છે. પ્રાકૃતિક વિશ્વ પર ઔદ્યોગિક સંસ્કૃતિનું આક્રમણ એને પસંદ નથી : ''મિત્રો, હું તમને ખોટા નથી કહેતો, માત્ર એટલું કહેવા માગું છું કે માત્ર પોતાને નહીં, પેલા છેલ્લે ઊભેલા શ્રમિકને પણ જુઓ. જો તેને જોશો તો પોતાને પણ સાચી રીતે જોઈ શકશો. આંખ ખોલો, મિત્રો, આંખ ખોલો.''

આ શબ્દો આજે પણ કેટલા સાચા છે? ઉમાશંકર જોષી યાદ આવે છે - ''રચો રચો અંબરચુંબી મંદિરો''થી શરૂઆત કરી તેમણે ધનના પૂજારીઓને ચેતવ્યા છે : ''ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મ કાગી ન લાધશે.''

૧૯૦૮માં મહાત્મા ગાંધીએ 'અનટુ ધિસ લાસ્ટ'નું ગુજરાતી ભાષાંતર 'સર્વોદય' નામથી કર્યું. ૧૯૫૧માં ગાંધીજીના આ પુસ્તકનું વેલજી ગોવિંદજી દેસાઈએ અંગ્રેજી ભાષાંતર 'અનટુ ધીસ લાસ્ટ : અ પેરાફ્રેઝ' નામથી કર્યું. પેરાફ્રેઝ એટલે વિવરણ. આ વિવરણે મહાત્મા ગાંધીના સામાજિક અને આર્થિક વિચારોને પ્રભાવિત કર્યા છે. મહાત્મા ગાંધી કહેતા કે ''હું તમને એક જાદુઈ ચાવી આપું છું. જ્યારે કોઈ કામ કરવા માગો ત્યારે એ વિચારો કે મારા આ કામથી છેવાડાના ગરીબ માણસનું શું ભલું થશે - ત્યાર પછી નિર્ણય લો.''

આવું આપણે કરીએ છીએ? કરી શકીએ? આ પ્રશ્ન પોતાના હૃદયને પૂછવા જેવો ખરો, બલકે પૂછવો જ રહ્યો.

❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

# શ્રી ભક્તામર સ્તોત્ર : આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(નજર નાશક)

બુદ્ધ્યા વિનાઙપિ વિબુધાર્ચિત પાદપીઠા
સ્તોતું સમુદ્યત મતિર્વિગત ત્રપોઙહમ્।
બાલં વિહાય જલ સંસ્થિત મિન્દુબિમ્બ।
મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ ॥૩॥

**ભાવાર્થ :-** હે જિનેશ્વર દેવ! દેવોએ જેમનું પાદપીઠ પૂજ્યું છે, એવા આપની સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નથી, તેમ છતાં હું લજ્જારહિત થઈને આપની સ્તવના કરવા તૈયાર થયો છું. જેમ પાણીમાં પડેલા ચંદ્રમાનાં પ્રતિબિંબને વિચાર કર્યા વિના પકડવાની ઈચ્છા બાળક સિવાય બીજું કોણ કરે?.... અર્થાત્ બીજા કોઈ જ કરે નહિ.

**વિવેચન :-** ત્રીજા શ્લોકમાં સ્તુતિકાર માનતુંગ આચાર્ય પોતાની લઘુતા દર્શાવતાં કહે છે કે, ઈન્દ્રાદિ વિબુધજનો દ્વારા જેનું સિંહાસન પૂજાય છે, એવા હે દેવાધિદેવ! મારામાં બુદ્ધિ ન હોવા છતાં કોઈ પણ જાતની શરમ-સંકોચ રાખ્યા વગર એક નાના બાળકની જેમ અકલ્પનીય કાર્ય કરવા માટે તૈયાર થયો છું.

આચાર્ય ભગવંત પ્રભુને સંબોધન કરી તેમની સાથે વાર્તાલાપ કરતાં કહે છે કે, હે નાથ! આ જગતમાં આપ સર્વોત્કૃષ્ટ છો. આપ સાગર સમાન... જ્યારે હું તો એક નાનકડું બિંદુ..... ક્યાં મારી અલ્પ બુદ્ધિ?... શક્તિ પણ સીમિત .... જ્યારે આપ સીમાતીત .... મારી અલ્પતાની વિચાર કરું તો હું ક્યારેય આપની સ્તવના ન કરી શકું! ભલે જ્ઞાન થોડું છે, પરંતુ આપના પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ તો અંગાધ છે. દેવતાઓ દ્વારા પૂજિત એવા આપની સમક્ષ હું બાળક બનીને જ ઉપસ્થિત લઈને મારી કાલીઘેલી વાણીમાં હું તમારી સ્તવના કરીશ. મારું આ કાર્ય તો બાળક સમાન જ છે. કારણ કે આપના ગુણોને બધા ઈન્દ્રો મળીને વર્ણવે તો પણ તેઓ વાણી દ્વારા આપના ગુણોની પૂરી પ્રશસ્તિ કરી શકતા નથી. જ્યારે હું તો દેવોની અપેક્ષાએ સાવ અલ્પબુદ્ધિવાળો છું.... તેમ છતાં બાળમાનસ સુલભ પગલું ભર્યું છે. આપના ગુણોની સુંદરતા વિચારતા કાવ્ય રચના કરવા સંકલ્પ કર્યો છે.

ત્રીજા શ્લોકમાં સ્તુતિકાર પોતાનું સામર્થ્ય બાળકના ઉહાદરણ દ્વારા બતાવતાં કહે છે કે, આકાશમાં રહેલાં ચંદ્રમાંનું પ્રતિબિંબ પાણીમાં જોતાં કિનારે ઊભેલો બાળક પોતાના હાથ લંબાવીને તેને પકડવાની ચેષ્ટા કરે છે, પણ... ક્યાં ચંદ્રમાં.... અને ક્યાં બાળકનો હાથ.... તેમ ક્યાં આપનું કેવળજ્ઞાન અને સર્વજ્ઞતા... અને ક્યાં મારી અલ્પજ્ઞતા.... હું પણ આપની સમક્ષ બાળક જેવો જ છું. મારા હૃદય સરોવરના મતિશ્રુત જ્ઞાનરૂપી નીરમાં આપનું કેવળજ્ઞાનનું પ્રતિબિંબ પડી રહ્યું છે. તેથી તેની પ્રાપ્તિ માટે હું આપની સ્તુતિ કરવા તૈયાર થયો છું. જેમ બાળક ગમે તેવી મહાન વસ્તુને પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે, જેમ કે પોતાના બે હાથ પહોળા કરી મોટા સમુદ્રનું માપ બતાવતા કહે છે, 'આવડો મોટો સમુદ્ર' તેમ હું પણ મારા નાનકડા મતિ-શ્રુતજ્ઞાનરૂપી હાથનો વિસ્તાર કરી આપના ગુણસમુદ્રની સ્તુતિ કરીશ.

અહીં આચાર્ય ભગવંત પોતાને બાળક સ્વરૂપે પ્રસ્તુત કરી રહ્યાં છે કારણ કે બાળક હંમેશા નિખાલસ અને સરળ હોય છે. વળી બાળકમાં મહત્ત્વપૂર્ણ એવું તત્ત્વ હોય છે કે તે તરત જ સમર્પિત થઈ જાય છે. જ્યારે બુદ્ધિશાળી માનવીમાં સમર્પણ ભાવના ઓછી હોય છે. એટલે જ આચાર્ય માનતુંગ નાના બાળકની જેમ પ્રભુમય બની

ગયા છે, આદિનાથના ચરણકમળમાં સંપૂર્ણપણે સમર્પિત થઈને પોતાના આત્મામાં સાધકભાવની શરૂઆત કરે છે.

સ્તુતિકારની સ્તુતિ કરવાની ભાવના એટલી પ્રબળ છે કે, પોતાની શક્તિની અલ્પતા હોવા છતાં પોતાની આ પ્રવૃત્તિ ઉદારતાથી નિભાવી લેવા માટે તેઓ પ્રભુને વિનંતી કરે છે અને કહે છે કે, હે નાથ! આપ તો પૂજ્ય છો, આપના ચરણ કમળ જ્યાં જ્યાં પડ્યાં તે ભૂમિ પણ તીર્થ-પવિત્ર બની ગઈ છે. ભગવંતોના ચરણોથી સ્પર્શાયેલી ભૂમિ પણ ભગવંતોના ગુણોનું સ્મરણ કરાવે છે. પ્રભુ! આપે જે સાધનાનો માર્ગ બતાવ્યો છે તે જ માર્ગ અપનાવીને અમે તમારા જેવા બનીશું. આપની ભક્તિમાં અને સ્તુતિમાં જ એવી તાકાત છે કે પૂર્વના કર્મો પણ પરિવર્તિત થઈ જાય છે અને અંતરમાં તત્ક્ષણ શાંતિ અને સમાધિ પ્રાપ્ત થાય છે.

હે પ્રભુ! આપ ત્રીજા આરામાં સર્વજ્ઞ બન્યા અને હું પાંચમા આરાનો અલ્પજ્ઞ સાધક છું. સ્તુતિ કરું છું આપના કેવળજ્ઞાન પાસે તો મારું જ્ઞાન શૂન્ય જેવું છે. પણ સમ્યક્ છે. તેથી લજ્જા રાખ્યા વગર સ્તુતિ કરું છું. પામરતાનું ભાન રાખી ઉપાસના કરું છું. મારામાં જ્ઞાન ભલે નથી પણ ભક્તિ તો છે જ. તેથી જ આપની સ્તુતિ કર્યા વગર રહેવાતું નથી. મારા આત્માને કષાયોથી મુક્ત બનાવી હૃદયમાં તમને સ્થાપું છું. ચંદ્રની જેમ પ્રભુ આપ નીચે નહીં આપશો, પરંતુ હૃદયના સરોવરમાં નિર્મળભાવ રૂપી નીરમાં આપનાં પ્રતિબિંબને ઝીલીને આપનાં જેવા શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવા આ કાવ્યની રચના કરું છું.

**ઋદ્ધિ** :- ૐ હ્રીં અર્હં ણમો પરમોહિજિણાણં।

**મંત્ર** :- ૐ હ્રીં શ્રીં ક્લીં સિદ્ધેભ્યો બુદ્ધેભ્યો સર્વ સિદ્ધિદાયકેભ્યો નમઃ સ્વાહા

**વિધિ** :- આ સ્તોત્ર તથા ઋદ્ધિમંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર સાથે રાખવાથી નાના બાળકને દૃષ્ટિ નજર લાગી હોય તો આ મંત્રથી મંતરેલું પાણી પાવાથી તેનો નાશ થાય છે. ભેંસ અથવા ચાર પગ વાળા તિર્યંચને પણ મંતરેલું પાણી પાવાથી તથા ત્રણ દિવસ તેજ પાણી છાંટવાથી દૃષ્ટિ દોષ નાશ પામે છે.

**લાભ** :- આ સ્તોત્ર, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી કોઈ પણ પ્રકારનો દૃષ્ટિદોષ નાશ પામે છે અને કાયમને માટે દૂર થાય છે તેમ જ શત્રુની નજરબંધ થઈ જાય છે.

**ક્રમશઃ**

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ,
મુંબઈ ૪૦૦૦૧૨
મો. ૯૮૯૨૮૨૮૧૯૬

# જૈન દર્શન - દ્રવ્યાનુ યોગ

**પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ**

*(જુલાઈ માસથી આગળ)*

હવે આપણે દ્રવ્ય, ગુણ, પર્યાયનું સૂક્ષ્મ સ્વરૂપ સમજીએ.

દરેક પદાર્થ ત્રિલક્ષણ છે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ છે. દ્રવ્યો ગુણાત્મક કહેવામાં આવ્યા છે. દ્રવ્યો તથા ગુણોથી પર્યાય થાય છે. પ્રસિદ્ધ ત્રિપદીમાં દરેક સત્ (અસ્તિત્વવાન) વસ્તુને ઉત્પત્તિ વિનાશ અને ધ્રૌવ્ય-નિત્યતાયુક્ત બતાવી છે. તેમાં ઉત્પાદ અને વ્યય તે બે વસ્તુની અવસ્થાના પરિવર્તનને સૂચવે છે એટલે પર્યાયને અપેક્ષીને છે અને દ્રૌવ્ય વસ્તુના સ્થાયિત્વને સૂચવે છે એટલે દ્રવ્યને સ્પર્શે છે. દ્રાવ્યર્થિક નયથી સત્તા - એટલે અસ્તિત્વ જેનું લક્ષણ છે તે દ્રવ્ય કહેવાય છે અને 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય' એ જે દ્રવ્યની વ્યાખ્યા કરવામાં આવી છે તે પાર્યાયર્થિક નયથી છે. અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે જે વસ્તુ જગતમાં વિદ્યમાન છે તેનું લક્ષણ ઉત્પત્તિ, નાશ અને નિત્ત્યત. દરેક વસ્તુ પ્રતિ સમય પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તથા દ્રવ્યરૂપે સ્થિર, નિત્ય પણ રહે છે. જેમ કે આત્માનો મનુષ્યની અપેક્ષાથી વ્યય થાય છે અને દેવત્વ આદિ પર્યાયની અપેક્ષાથી ઉત્પાદ થાય છે પણ અહી મનુષ્યનો નાશ થતા - અર્થાત્ મરણ થતાં પણ આત્મદ્રવ્ય નિત્ય છે. દ્રવ્યનું સ્વરૂપ ઉભયરૂપ છે, નિત્યાનિત્યત્મક છે. વસ્તુ અનંત ધર્માત્મક છે. તેમાં એક જ સમયે વિરોધી ધર્મો રહે છે. આ રીતે એકાંત દ્રવ્યવાદ, એકાંત પર્યાયવાદ અને નિરપેક્ષ દ્રવ્ય અને પર્યાયવાદ નથી. દ્રવ્યનું લક્ષણ સત્ છે, જે ઉત્પાદવ્યયધ્રુવતાસહિત છે, ગુણ પર્યાયના આશ્રયરૂપ છે એમ સર્વજ્ઞ કહે છે - (કુંદકુંદાચાર્ય-પંચાસ્તિકાય -૧૦) દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી, તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે. પર્યાયથી રહિત દ્રવ્ય ન હોય, દ્રવ્યવિના પર્યાય ન હોય, દ્રવ્ય વિના ગુણ ન હોય અને ગુણ વિના પર્યાય ન હોય.

જે દ્રવ્ય હોય તેનો નાશ ન થાય અને જે અભાવ છે તે ન હોય. એક સમયે જુદા હોય તે સદા જુદા જ હોય. સમસ્ત પદાર્થો અનાદિ અનંત છે. કેવળ નાશ કે ઉત્પાદ નથી. ફેરફાર થાય છે તે ગુણના પર્યાયમાં થાય છે. પર્યાયને લઈને હર્ષ-શોક થાય છે. જેમકે મનુષ્યના મરણથી શોક થાય છે, પણ જીવ નિત્ય છે. આમ અનેકાંતદૃષ્ટિ અપનાવવા યોગ્ય છે.

દ્રવ્યગુણ પર્યાયનો સંબંધ મૂળભૂત દાર્શનિક છે તેને સ્પષ્ટ કરવા ઉદાહરણ જોઈએ. જે નિત્ય, ધ્રુવ, ત્રણે કાળે એકરૂપ તે દ્રવ્ય, જેમકે સુવર્ણ. દ્રવ્યમાં જે સહભાવી તે ગુણ, જેમ કે સુવર્ણની પીળાશ વગેરે. દ્રવ્યમાં જે ક્રમભાવી તે પર્યાયો, જેમ કે હાર,

બંગડી ઈત્યાદિ. ગુણ અને પર્યાય બંને દ્રવ્યમાં રહે છે.

પ્રત્યેક વસ્તુ દ્રવ્ય પર્યાયાત્મક છે. દ્રવ્ય વિના પર્યાય નથી અને પર્યાય વિના દ્રવ્ય નથી. તેથી દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. દ્રવ્ય ધ્રુવ છે ઉત્પાદ વ્યય પર્યાયના થાય છે. પૂર્વ પર્યાયનો નાશ જે ક્ષણે થાય છે. તે જ ક્ષણે ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે.

આ વિષય અત્યંત સૂક્ષ્મ અને ગંભીર છે. પ્રત્યેક વસ્તુ બદલાય છે અને નિત્ય છે. જો વસ્તુ ફક્ત નિત્ય હોય તો એમાં સુખ-દુઃખ ઈત્યાદિ કાર્ય ન થઈ શકે અને જો વસ્તુ એકાંતે બદલાય કરે તો તે ત્રિકાલસ્થાયી ન રહી શકે. બીજી જ ક્ષણે તેનો સર્વથા અભાવ થઈ જાય. તેથી વસ્તુ એકાંતે નિત્ય નથી અને એકાંતે બદલતી નથી પરંતુ નિત્યસ્થાયી રહીને પ્રતિક્ષણ બદલાયા કરે છે. આ રીતે જે કંઈ પણ અસ્તિત્વમાં છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. પર્યાયથી ઉત્પાદ-વ્યયની અને ગુણથી ધ્રૌવ્યની પ્રતીતિ થઈ જાય છે.

દરેક વસ્તુમાં બે અંશો હોય છે. (૧) દ્રવ્ય (૨) પર્યાય. તેમાં દ્રવ્યરૂપ અંશ સ્થિર-નિત્ય હોય છે અને અસ્થિર અંશ પણ છે તેથી વસ્તુ અનિત્ય પણ છે. દૃષ્ટાંત - જો આત્માને એકાંત દૃષ્ટિથી નિત્ય જ માનવામાં આવે તો જે તેનો સ્વભાવ છે. તે એક જ સ્વભાવમાં તે સ્થિર રહેશે, એની અવસ્થામાં ભેદ ન હોઈ શકે, અને અવસ્થામાં ભેદ થયા વિના સંસાર અને મોક્ષનો ભેદ પણ ન થઈ શકે. પણ એમ વસ્તુસ્થિતિ નથી - આત્મા પોતાના સ્વભાવ અનુસાર જુદી જુદી અવસ્થા પ્રાપ્ત કરે છે, જુદી જુદી ગતિમાં તે પરિણત થયા કરે છે એ સત્ય છે. એમ જો ન માનવામાં આવે તો (આગળ કહ્યું તેમ) મનુષ્ય આદિ પર્યાયોમાંથી દેવત્વનો પર્યાય ધારણ ન કરી શકાય - અને જો એમ હોય તો યમ, નિયમ, વ્રત આદિનું પાલન કરવું નિરર્થક બને અને જો એ નિરર્થક હોય તો આગમકથિત ઉપદેશ નિરર્થક હોય તો આગમકથિત ઉપદેશ નિરર્થક કરે. જો વસ્તુ ફાત નિત્ય જ છે એમ માનવામાં આવે તો આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં જાય એ અશક્ય બને તેથી એમ સિદ્ધ થાય છે કે આત્મદ્રવ્ય ફક્ત ધ્રૌવ્ય સ્વરૂપ જ નથી પણ પર્યાયસ્વરૂપ અર્થાત્ ઉત્પાદ્વ્યયાત્મક પણ છે. આથી જ દેવ, મનુષ્ય, સિદ્ધ આદિ અવસ્થાઓનું હોવા પણું કલ્પના માત્ર નથી પણ પ્રમાણથી સિદ્ધ છે. તેથી જ રીતે પદાર્થનું સ્વરૂપ માત્ર ઉત્પાદવ્યયાત્મક જ છે એમ જો માનવામાં આવે તો સત્‌નો જ અભાવ થાય. જે સ્થિર છે એ જ સત્ છે, અસ્તિત્વવાન છે. સતનું લક્ષણ છે. ત્રિસ્વભાવતા - આ ત્રિપદી જ લોકાલોકમાં ત્રણ કાળમાં સચરાચરમાં વ્યાપક છે. અસ્તિત્વ અને દ્રવ્યમાં ભેદ નથી. સત્‌નો નાશ નથી અને અસત્‌નો ઉત્પાદ નથી. કુંદકુંદચાર્યકૃત પંચાસ્તિકાયમાં દ્રવ્યનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે. દ્રવ્ય સત્તાથી અપૃથક છે. પૂર્વસ્થિતિનો વિનાશ તે વ્યય છે, ઉત્તર સ્થિતિનો પ્રાદુર્ભાવ - વર્તમાન ભાવની ઉત્પત્તિ તે ઉત્પાદ છે. અને પૂર્વ-ઉત્તર ભાવોનો વ્યય ઉત્પાદ થવા છતાં પણ સ્વજાતિનો અત્યાગ તે ધ્રૌવ્ય છે. આ ત્રણે લક્ષણો અવિનાભાવી છે અર્થાત્ જ્યાં એક હોય ત્યાં બાકીના બે નિયમથી હોય જ.

વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે. દ્રવ્ય રહિત પર્યાય અને પર્યાયરહિત દ્રવ્ય સત્ય નથી.

આ રીતે, જૈન દૃષ્ટિકોણ પ્રમાણે ભેદાભેદ જાતનું પ્રતિપાદન સત્ય સાબિત થાય છે. એકાંત ક્ષણિકવાદ તથા એકાંત નિત્યવાદનો નિષેધ કરવો જરૂરી બને છે. ભારતીય દર્શનોની દૃષ્ટિએ વિચારીએ તો વેદાંત દર્શન સંપૂર્ણ જગતને બ્રહ્મ સ્વરૂપ માને છે. ચેતન કે જડ સર્વ વસ્તુઓ જે સત્ છે તે બ્રહ્મના જ અંશો છે. અર્થાત્ જગત નિત્ય છે - પદાર્થો કેવળ ધ્રુવ - સ્થાયી જ છે. જ્યારે બૌદ્ધ દર્શન પ્રમાણે સત્ ક્ષણિક છે - દરેક પદાર્થ ક્ષણિક જ છે. સર્વથા નાશ પામે છે. આ બંને મતો એકાંતવાદી છે જ્યારે જૈન દર્શન અનેકાંતવાદી છે. સાપેક્ષવાદને આધારે તે માને છે કે વસ્તુ નિત્ય પણ છે અને અનિત્ય પણ - આ વસ્તુવિજ્ઞાન છે.

ત્રિપદીના તત્ત્વજ્ઞાનને લીધે જૈન દર્શનનું સત્ અન્ય દર્શનોથી વિલક્ષણ બને છે અને જૈનદૃષ્ટિથી સર્વથા અનુકૂળ રીતે સિદ્ધ થાય છે. સત્ નિત્ય છે પણ એકાંતે નહીં - ઉત્પાદ-વ્યય હોવા છતાં પણ જેનો સ્વભાવ સમાપ્ત નથી થતો, અર્થાત્ બદલાતો નથી એ જ સત્યની નિત્યતા છે જૈન દર્શન વાસ્તવવાદી દર્શન છે. તે જગતની વાસ્તવિક સત્તા સ્વીકારે છે. આચાર્ય હેમચંદ્રે પણ કહ્યું છે કે બધાજ નયોને સમાનરીતે ઈચ્છતો એવો જૈનનો સ્યાદ્વાદ પક્ષપાતી નથી. નયદૃષ્ટિથી તત્ત્વના. યથાર્થસ્વરૂપનો નિર્ણય કરતાં એ સિદ્ધ થાય છે કે પદાર્થ ત્રયાત્મક છે. પંચાસ્તિકાયમાં પણ આ જ વાત કરી છે. (પંચાસ્તિકાય ૧-૮)

ભગવાન મહાવીરે જોયું કે પદાર્થ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દ્રવ્ય અથવા અસ્તિત્વની દૃષ્ટિથી એ નિત્ય છે અને અવસ્થાની દૃષ્ટિથી એ અનિત્ય છે. આ નિત્યાનિત્યવાદી દર્શનના આધારપર એમણે ધર્મનું પ્રવર્તન કર્યું. દ્રવ્ય સ્વભાવ નિત્ય ટકે છે અને પર્યાય સમયે સમયે પરિવર્તન પામે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. પ્રત્યેક વસ્તુ પરિવર્તન પામવા છતાં નિત્ય છે -જો વસ્તુ ફક્ત નિત્ય જ હોય તો એમાં સુખ-દુઃખ ઈત્યાદિ કાર્ય ન ઘટી શકે અને વસ્તુ જો એકાંતે પરિવર્તન જ પામતી હોય તો તે ત્રિકાલસ્થાયી ન રહી શકે તથા વસ્તુ ફક્ત નિત્ય નથી અથવા ફક્ત અનિત્ય નથી, પરંતુ નિત્યસ્થાયી રહીને પરિવર્તન પામે છે. આ પ્રમાણે દ્રવ્ય-વસ્તુ પોતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળી છે. સમસ્ત પદાર્થ સત્ છે. પદાર્થ છે એમ કહેતા જ એનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આમ પદાર્થ વસ્તુ સત્ છે અને સત્ ઉત્પાદ -વ્યય ધ્રૌપ્ય સહિત છે.

આ ત્રિપદીનું માહાત્મ્ય અનેક વિદ્વાનોએ ગાયું છે. શ્રી સિદ્ધસેનસૂરિ દ્વાત્રિંશિકામાં કહે છે ''ત્રણ કાળ, ત્રણ લોકમાં જેમની કહેલી ત્રિપદી જ ફેલાઈ ગયેલી છે તે એક પરમાત્મા જિનેન્દ્ર દેવ મારું શરણ હો'' (૨૧-૧૩)

''જેમની આજ્ઞારૂપ ત્રિપદી જ માન્ય છે માટે જે વસ્તુ ત્રિપદીથી

અધિષ્ઠિત નથી, તે વસ્તુ જ જગતમાં નથી, અને એટલા માટે જ વિશ્વ જેનું છે તે એક પરમાત્મા જિનેંદ્રદેવ મારું શરણ હો.

(દ્વાત્રિંશિકા-૨૧-૧૪)

આમાં જગતનું મૂળભૂત તત્ત્વજ્ઞાન, તે રીતે શ્રી જિનેન્દ્રદેવોએ સાદા શબ્દોથી ટૂંકમાં સમજાવી દીધું છે. આખા વિશ્વનું એકી કરણ સત્ માં કર્યું છે. પૃથક્કરણ ઉત્પાદાદિ ત્રણમાં કર્યું છે. (પ્રભુદાસ બેચરદાસ પારેખ - ૫-૨૯ સૂત્ર વિવેચન તત્ત્વાર્થધિગમ સૂત્ર ૫.૨૮૨)

'સત્' અનેકાંત છે.

કહ્યું છે કે જિનવાણી સ્યાદવાદરૂપ અનેકાન્તાત્મક છે. ''અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે'' દરેક દ્રવ્ય સદા સ્વભાવમાં રહે છે તેથી સત્ છે. તે સ્વભાવ ઉત્પાદ -વ્યય - ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે. દ્રવ્યનો સ્વભાવ ગુણ-પર્યાયરૂપ છે. તે દ્રવ્યનું અનેકાંતપણુ સિદ્ધ કરે છે.

(ક્રમશઃ)

❑❑❑


કે.જે.સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ

૯૩૨૩૦૭૯૯૨૧


## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૭

**ક્રાન્તિની મૂળભૂત પરંપરાના પોષક અને જૈનધર્મના પ્રખર વિદ્વાન ધર્મપ્રેમી !**

# મહાન પુરાતત્વાચાર્ય શ્રી જિનવિજયજી


**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**


*(ગતાંકથી ચાલુ)*

*વાંચ્યું વાંચ્યું હૃદયગતનું જે લખ્યું પત્રમાં તે*
*હોશે સાચી પ્રગતિ પથમાં ભાવના ચિત્તમાં તે*
*મિત્રો મિત્રો સકલ કથતા મિત્રતા ભેદ ઝાઝા*
*જાણે તેને સુજ સહુ પડે ઐક્યની હોય માઝા...* ૧

*મિત્રાઈમાં હૃદયગતનો ભેદ ના હોય ક્યારે*
*દોષો ઢાંકે ગુણ સહુ કથે પાપથી તૂર્ણ વારે*
*આચારોમાં હૃદયરસની ભાવના જે વધાવે*
*એવા મિત્રો વિરલ જગમાં મિત્રથી ઐક્ય લાવે....* ૨

*જે ચિત્તે હૃદયગતની પ્રીતિનો વેગ આવે*
*પ્રેમાદ્વૈતે હૃદય રસતાં ભેદ ના લેશ આવે*
*હું તે તું એ મનવચ થકી તું જ તે હું સદાનો*
*આત્માદ્વૈતે સકલ રચના વૃત્તિમાં તે મઝાનો.....* ૩

*સારું ઈચ્છે મનવચ થકી યોગ્ય તે સાજ આપે*
*ઐક્યે રહે જે મનવચ થકી ચિત્તમાં નિત્ય વ્યાપે*
*મૈત્રી એવી હૃદયરસની મિત્રમાં જ્યાં સુહાતી ત્યાં*
*છે સ્વરની સકલ ઘટના આત્મશ્રદ્ધા જ થાતી.....* ૪

*નોખા થાવું હળી મળી પછી મિત્રતા એ ન સાચી*
*સ્વાર્થવૃત્તિ નિશદિન રહે મિત્રતા એ જ કાચી*
*કાપંકાપા હૃદય થકી ને બાહ્યથી પ્રેમચાળા*
*નક્કી જાણો ચરમ વખતે મૈત્રીમાં હોય લ્હાળા....* ૫

*ટૂંકી દ્રષ્ટિ કપટ વચને યુક્તિથી મૈત્રી દાખે*
*બોલે મીઠું હૃદયવણને ચિત્તમાં દાવ રાખે*
*દેખ્યું એવું બહુ જગ વિષે દેખશું જેહ થાશે*
*ચિત્તે આવ્યું કથન કરતાં પ્રેમવૃદ્ધિ સુહાશે........* ૬

*સાંભળીને સજલ કરશો ધર્મનાં કાર્ય સારાં*
*વિશ્વાસીનું હૃદય હણતાં માણસો જે નઠારા*
*માટે દેખી અનુભવ કરી ચાલશો સત્ય વાટે*
*પક્ષાપક્ષી બહુ બની રહી ધર્મ તો જ્ઞાનિ હારે......૭*

*સારામાં હો તવ મન સદા ધર્મનાં કાર્ય ધારો*
*આશીઃ એવી સફળ બનશો જ્ઞાનમાં હો વધારો*
*જ્ઞાતવ્યોને પ્રતિદિન લખી ફર્જ સાચી બજાવો*
*બુદ્ધ્યબ્ધિ સદ્હૃદય ઘટમાં મિત્રનો હો વધાવો....* ૮

સન ૧૯૨૫માં જર્મનીથી પ્રો. શૂબ્રિંગ ગુજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વ મંદિરની મુલાકાતે આવ્યા. પ્રો. શૂબ્રિંગ સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. તેમણે 'કલ્પસૂત્ર' પર જર્મન ભાષામાં મહાનિબંધ લખ્યો છે. જિનવિજયજીના અતિથિ બનીને પ્રો. શૂબ્રિંગે જ્યારે તેમનું કાર્ય નજરોનજર જોયું ત્યારે તેઓ નાચી ઉઠ્યા. અને કહ્યું કે આવું વિવિધ ક્ષેત્રિય સંશોધનાત્મક કાર્ય જગતમાં ક્યાંય થયું નથી. તેમણે જિનવિજયજીને જર્મની પધારવા વિનંતી કરી.

શ્રી ગાંધીજીની સમ્મતિ મેળવીને જિનવિજયજી જર્મની ગયા. ત્યાં દોઢ વર્ષ રોકાયા. ત્યાં જઈને તેઓ જર્મની શીખ્યા. તે સમયના વિખ્યાત વિદ્વાનો ડૉ. યાકોબી, પ્રો. શૂબ્રિંગ વગેરે તેમનાથી ખૂબ પ્રભાવિત થયા. જિનવિજયજી જર્મનીના હેમ્બર્ગ, બર્લિન વગેરે શહેરોમાં ફર્યા. ત્યાંની યુનિવર્સિટીઓમાં ભણાવ્યું. તે જાણીને આશ્ચર્ય થશે કે સને ૧૯૨૯માં બર્લિનમાં તેમણે દેશવાસીઓ માટે 'હિન્દુસ્થાન હાઉસ'ની સ્થાપના કરી. ભારત અને જર્મનીની મૈત્ર વધારવા માટે 'ઈન્ડો-જર્મન સેન્ટર'ની સ્થાપના કરી.

જિનવિજયજી ભારત પાછા આવ્યા ત્યારે કવિ ગુરુ રવિન્દ્રનાથ ટાગોરે તેમને શાંતિનિકેતન બોલાવી લીધા. ત્યાં તેમણે જૈન વિદ્યાપીઠની સ્થાપના કરી. તે સમયે પ્રસિદ્ધ દાનવીર બહાદુરસિંહજી

સિંઘીએ પોતાના પિતા શ્રી ડાલચંદજી સિંઘીના નામની સિંઘી ગ્રંથમાળાનો પ્રારંભ કયરાવ્યો. તેનો પહેલો ગ્રંથ એટલે 'પ્રબંધ ચિંતામણી' આ ગ્રંથમાળાએ જિનવિજયજીને વિશ્વવિખ્યાત કરી દીધા.

જિનવિજયજીએ પિતા જોયા નહોતાં વર્ષો સુધી પોતાના ગામ ગયા નહોતાં એમને થતું હતું કે કદાચ ગામ જાય તો પોતાની માતા પોતાને ઓળખશે શી રીતે? કિન્તુ પંડિત સુખલાલજીની આગ્રહભરી વિનંતીથી તેઓ ગામ ગયા. પણ માતા સાથે મિલન ન થયું. માતાનું મૃત્યુ થયું હતું. માતાની સ્મૃતિમાં તેમણે રૂપાહેલી ગામમાં 'રાજકુમારી બાલમંદિર'ની સ્થાપના કરી છે.

રાજસ્થાન સરકારના આગ્રહથી તેમણે રાજસ્થાન પુરાતત્ત્વ મંદિરની સ્થાપના પણ કરી. એમ કહી શકાય કે સિંઘી ગ્રંથમાળાને રાજસ્થાન પુરાતત્ત્વ મંદિર દ્વારા જિનવિજયજીએ રાષ્ટ્રને જે અર્પણ કર્યું છે તે આવનારા હજારો વર્ષો સુધી ભુલાશે નહીં.

લેખક અનવર આગેવાન કહેતા કે ભારતીય વિદ્યાભવનની સ્થાપનામાં ડૉ. મુનશી જેટલો જ પુરાતત્ત્વાચાર્ય જિનવિજયજીનો ફાળો છે. આ માટે 'ધર્મયુગ'માં લખેલું, તેની ખૂબ ચર્ચા પણ થયેલી.

સુકલકડી શરીર, નબળી આંખો છતાં પ્રચંડ પુરુષાર્થ દ્વારા અને અથાગ જ્ઞાનભક્તિ દ્વારા જિનવિજયજીએ કરેલું કાર્ય પ્રાચીન વિદ્યાનું આપણને એવું દિવ્ય દર્શન કરાવે છે કે જેનાથી આપણું મન સંતૃપ્તિ પામે છે. ❑❑❑

મો. ૯૭૬૯૯૫૭૩૯૩


**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.

**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................. દ્વારા આ સાથે મોકલું છું / તા. ............... ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ.............................................

સરનામું.................................................

.......................................................

પીન કોડ.................. ફોન નં. ....................

મોબાઈલ............ Email ID ........................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા.૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી ચંદનબેન બાપાલાલ લહેરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦,૦૦૦/- | શ્રી ભરતભાઈ પારેખ |
| ૫૦,૦૦૦/- | શ્રીમતી ભારતીબેન બી. પારેખ |
| ૧૫,૦૦૦/- | શ્રીમતી દિપ્તીબેન નિતીનભાઈ સોનાવાલા |
| ૧૦,૦૦૦/- | જ્વાલા ગ્રીશ્મા સોનાવાલા |
| ૭,૫૦૦/- | શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા |
| ૫,૦૦૦/- | અરપિતા એચ. સોનાવાલા |
| ૨,૫૦૦/- | શ્રીમતી લતા એમ. સંઘવી |
| ૨,૪૦,૦૦૦/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૩૧,૦૦૦/- | કચરાલાલ ચુનીલાલ શાહ (એચ.યુ. એફ) અમદાવાદ |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૫,૦૦૦/- | જે. બી. પીપલીયા |
| ૪૦૦/- | ડૉ. કિશોર જે. દોશી |
| ૫,૪૦૦/- | |

### જળક્રાંતી ટ્રસ્ટ

| | |
|---|---|
| ૨૧,૦૦૦/- | શ્રીમતી ભાવનાબેન પંકજભાઈ વિશરીયા |
| ૧૧,૦૦૦/- | પ્રકાશ શાંતીલાલ દોશી |
| ૧૧,૦૦૦/- | અલ્કા પંકજ ખારા |
| ૧૦,૦૦૦/- | રમેશ પી. મહેતા |
| ૧૦,૦૦૦/- | પન્નાલાલ આર. શાહ |
| ૭,૫૦૦/- | ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા |
| ૭,૦૦૦/- | મહેન્દ્ર એ. સંઘવી |
| ૭૭,૫૦૦/- | |

### ફંડ રેઈઝીંગ ડોનેશન

| | |
|---|---|
| ૧,૫૦,૦૦૦/- | શ્રી નિતીનભાઈ સોનાવાલા |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૮૧,૦૦૦/- | શ્રી જયસુખભાઈ હિંમતભાઈ મહેતા - ઓગસ્ટ કો-સ્પોન્સર સૌજન્ય |
| ૨૫,૦૦૦/- | ઉર્મિ હેલ્થ કેર (ઉમંગભાઈ) - (સપ્ટેમ્બર ૨૦૧૮) |
| ૧,૦૬,૦૦૦/- | |

# દક્ષિણાપથની સાધના-યાત્રા

પ્રા. પ્રતાપકુમાર ટોલિયા

*(ગતાંકથી ચાલુ)*

મને થયું : 'તેમની જેમ જ અંતર્લોકની આત્મગુફાઓ-માંથી મારાં પરિચિત, ઉપકારક અને ઉપાસ્ય એવાં પાંચ દિવંગત આત્માઓ પણ અહીં આવીને ઉપસ્થિત થાય તો કેવી 'ધન્યતા' અનુભવાય ને આ ભાવ - ભક્તિની કેવી રંગત જામે!... તેમને ઉપસ્થિત કરવા જ. આખર પેલા માતાજીની જેવી ભાવના અંતરથી જાગે તો તેઓ કેમ ન આવે?...' અને આ ઝંખનાથી મારો ભીતરનો ભાવ ઉલ્લસિત થતો થતો વર્ધમાન થવા લાગ્યો... સિતાર પર ફરીને આંગળીઓ ફરી રહી. અંતરમાંથી સ્વર ઘૂંટાયા, ઊંડે ઊંડેથી એ પાંચ આત્માઓને નિમંત્રણ અપાયાં, આંખો બંધ થઈ અને શબ્દો-સપ્રાણ શબ્દો-પ્રગટી રહ્યાઃ

*'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?*
*ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,*
*સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,*
*વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?'...*

એક પછી એક કડીઓ ઘૂંટાઈ ઘૂંટાઈને બાગેશ્રીના આર્ત્તસ્વરોમાં ગવાવા લાગી... પછી તો ખેંગારબાપા પણ એમાં જોડાયા... તેમને જોઈને સારો સમૂહ પણ એ ઝીલવા લાગ્યો... કરતાલ અને મંજીરા રણકી રહ્યાં... ભદ્રમુનિજીના હાથમાં પણ ખંજરી ઝૂમી ઊઠી!... કદાચ માતાજી અને આત્મારામ પણ ડોલી રહ્યાં હતા...

અદ્‌ભુત રંગત જામી. નિજાનંદની મસ્તી અનુભવમાં આવી. દેહભાન છૂટવા લાગ્યું... શરીર સાથે સિતારના સંગનું ભાન પણ હટવા લાગ્યું... અલખની લહેરો લાગી... અને એક ધન્ય પળે હું અનુભવ કરી રહું છું કે, 'હું દેહથી ભિન્ન કેવળ આત્મસ્વરૂપ છું... એમાં જ મારો વાસ છે... એ જ મારું નિજ ઘર-નિજ નિકેતન છે... મારો એ વાસ હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં સદાય ટકાવી રાખે એવો 'અપૂર્વ અવસર' ક્યારે આવશે?' ઠીક ઠીક સમય આ ભાવદશા જાગેલી રહી. સાથે સાથે અનુભવ પણ થયો કે પેલા પાંચ નિમંત્રિત દિવંગત આત્માઓની હાજરી મને અહીં વર્તાઈ રહી છે... એ સૌ પ્રસન્નપણે મારા પર એમના પ્રેમ ને કરૂણાભર્યા આશીર્વાદ વરસાવી રહ્યાં છે... હું પ્રફુલ્લિત, પ્રમુદિત, પરિતૃપ્ત બનીને લગભગ પોણા કલાક સુધી ૨૧ ગાથાનું 'અપૂર્વ અવસર'નું આ એક જ પદ ગાયે જઉં છું...

પદ-ગાન પૂરું થયું, સિતાર હેઠું મુકાયું, પણ મારી ભાવદશા અંતરથી સતત જોડાયેલી રહી... હું ધન્ય થયો. સૌથી વધુ પ્રસન્ન 'સ્વાન્તઃસુખાય' ગાનાર એવો હું પોતે હતો! શેષ સૌની પ્રસન્નતાને સમીપસ્થ શ્રી સહજાનંદઘનજીએ વ્યક્ત કરી અને તેઓ ઊઠ્યા... તેમના આશીર્વાદ પામીને મેં મારા પેલા લોભવશ તેમની અંતર્દશાનો પણ સંસ્પર્શ અને લાભ પામવા સવાર માટેની તેમની મુલાકાતનો સમય માગી લીધો અને હું યે ત્યાંથી ઊઠ્યો... રાત્રિના ત્રણ વાગ્યા હતા, થાક્યો ન હતો, પરંતુ 'અપૂર્વ અવસર'ની એ જાગેલી ભાવદશામાં જ મારે રહેવું હતું એટલે એ ગુફામંદિરના સમૂહમાંથી દૂર જઈને એક એકાંત, અસંગ શિલા પર ધ્યાનસ્થ થયો - પુણ્યભૂમિ, એ ચાંદની અને એ નીરવતામાં શૂન્યશેષ આત્મદશાનો જે આનંદ માણ્યો એ અવર્ણનીય અને અપૂર્વ જ હતો! ધ્યાનાન્તે મારી 'સ્મરણિકા'માં એને થોડો-શો શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન (વૃથા પ્રયત્ન જ! એ શબ્દમાં થોડો બંધાય?...) કર્યો, શરીરને થોડી નિદ્રા (સમાધિવત્ આનંદ-નિંદ્રા...) આપી અને બીજી સવારે સહજાનંદઘનજીને મળવા તેમની અંતર્ગુફા ભણી ચાલ્યો.

મુનિજી બહારના ગુફામંદિરમાં જ આવીને બેઠેલા હતા. જિજ્ઞાસા અને વિવેકપૂર્વક તેમની પાસેથી ગુણગ્રાહીતાની દૃષ્ટિએ સાર પામવા અને તેમનો સાધનાક્રમ સમજવા મારી કલાકો સુધી અસ્ખલિતપણે વિશદ પ્રશ્નચર્ચા ચાલી. તેનાથી મને તેમના ઊંડાં જ્ઞાન, આત્માનુભૂતિ, પરાભક્તિ, નિખાલસતા, પ્રેમ, બળવત્ સરળતા અને છતાં ઉચ્ચ આત્મદશાનો પરિચય થયો અને આત્મીયતા, સમાધાન અને પ્રેરણા પ્રાપ્ત થયાં, તેમનો ઘણો સમય વ્યતીત થઈ જવા છતાં તેમણે ખૂબ ઉદારતા અને અનુગ્રહપૂર્વક પ્રશ્નોની છણાવટ કરી. એના દ્વારા તેમણે તેમની અંતર્દશાનું - તત્ત્વદૃષ્ટિનું ને બહિર્સાધનાનું પણ દર્શન કરાવ્યું અને તેમની પેલી 'અંતર્ગુફા'નું પણ! અલબત્ત એમાં ઊંડે સુધી કોઈને માટે પણ પ્રવેશ નિષિદ્ધ હતો (અને કેમ ન હોય, કે જ્યારે સ્વયંની જ અંતર્ગુફામાં જવાની માણસની ક્ષમતા-સંભાવના ન હોય!) છતાં પ્રેમવશ તેમણે કેટલેક સુધી એ દર્શાવી અને તેમાં સ્થિત કેટલીક અદ્‌ભુત સામગ્રી - સુખડ, ધાતુ, રત્ન ઈત્યાદિ કલાત્મક જિન પ્રતિમાઓ મને બહાર લાવી લાવીને બતાવી! સુખડની પ્રતિમાની પેલા દૈવી 'વાસક્ષેપ'થી પૂજા થયેલી હતી... એના પર એ અદ્‌ભુત, દર્શનીય, સુગંધી, કેસરી પીળો એવો 'વાસક્ષેપ' પડેલો હતો... સૌથી વિશેષ તો એ એકાંત ગુફામાંથી શાંતિના, નીરવતાના, વિકલ્પ-શૂન્ય સ્વરૂપાવસ્થાના જે આંદોલનો પ્રસરી રહ્યાં હતા, તે જાણે ધ્યાનસ્થ કરી રહ્યાં હતા - હા, ધ્યાનસ્થ, જાગૃતપણે સ્વરૂપમાં ધ્યાનસ્થ, નશાવત્ નિદ્રાસ્થ નહીં!

તેમની આ 'સ્થૂળ અંતર્ગુફા'માંથી વીતરાગ દેવોની સુંદર સ્થૂળ પ્રતિમાઓ નીકળી રહી હતી. તો તેમના અંતરાત્માની 'સૂક્ષ્મ અંતર્ગુફા'માંથી એ પ્રતિમાઓના આંતરિક, સૂક્ષ્મ ગુણોને

વ્યક્ત કરતાં સ્વરૂપો વ્યક્ત થઈ રહ્યાં હતા. વૈખરી-મધ્યમા-પશ્યન્તિના સ્તરોને પાર કરીને આવતી તેમની 'પરા'વાણી તેમના અંતર્લોક તરફ સંકેત કરી રહી હતી, આત્માના અભેદ એવા પરમાત્મસ્વરૂપ ભણી આંગળી ચીંધી રહી હતી!

તેમની ગુફાના અને તેમના અંતરના એવા નિગૂઢતમ સ્વરૂપ સુધી પહોંચી તેનો પાર અને સાર હું મારા માટે કંઈક તારવી શક્યો હતો એ કારણે હું આનંદિત હતો, કૃતાર્થ બન્યો હતો, ધન્ય થયો હતો!...

આમ આ અવધૂતની અંતર્ગુફાનો કંઈક સંસ્પર્શ પામી મારી સ્વરૂપાવસ્થાને સવિશેષ સજાગ કરતો હું દેહનું ભાડું ચૂકવવા - આ વાતાવરણમાં આહાર-રુચિ વિરમી જવા છતાં - ભોજનાલય ભણી વળ્યો - સંગાથી સ્વજનો સાથે.

### 'મૌન' મહાલયો જ્યારે 'મુખર' બન્યા...!

ભોજન અને થોડો આરામ લીધો ને નિકટ પથરાયેલા ઐતિહાસિક અવશેષો જોવા હું નીકળી પડ્યો. વિજયનગર સામ્રાજ્યના ૬૦ માઈલના વિસ્તારમાં એ અવશેષો ફેલાયેલા હતા... મહાલયો, પ્રાસાદો ને સ્નાનગૃહો, વિશાળ દેવાલયો ને ઊંચા શિલ્પસભર ગોપુરો, લાંબી લાંબી શ્રેણીબદ્ધ બજારો - દુકાનો ને મકાનો; રાજ-કોઠારો ને હસ્તિશાળાઓ - આ બધાના પાષાણ-અવશેષો મેં જોયા... એ પથ્થરોમાંથી આવતા ધ્વનિઓને સાંભળ્યા... એક મંદિરમાં તો પ્રત્યેક સ્તંભમાંથી તંતુ ને તાલવાદ્યોના સ્વર એ વ્યક્ત કરી રહ્યા હતા!

દૂર દૂર ફરી ફરીને આ બધાંને જોઈ વળી, નમતા પહોરે 'રત્નકૂટ' પર પરત આવી તેની એક શિલા પરથી એ બધાં અવશેષો પર ચોમર દૂર સુધી દૃષ્ટિ નાંખતો હું ઊભો રહ્યો...

... અને એ મૂંગા પથ્થરો ને મૌન મહાલયો 'મુખર' બનીને બોલતાં અને પોતાની વ્યથાભરી કથા કહેતા સંભળાઈ રહ્યાં... આંખો, સામેના એ મહાલયો ભણી જ મંડાયેલી રહી... પાષાણોની વાણી સાંભળી ધ્યાનસ્થ થતો હું અંતરમાં ઊંડો ઊતરી રહ્યો... મિનિટોની મિનિટો નીરવ, નિર્વિકલ્પ શૂન્યતામાં વીતી ગઈ... અંતે કંઈક મુશ્કેલી સાથે એમાંથી જ્યારે બહાર આવ્યો ત્યારે અંતર અનુભવ કરી રહ્યું :-

'કેટકેટલી સભ્યતાઓ અહીં સર્જાઈ અને વિરમી..! કેટકેટલાં સામ્રાજ્યો અહીં ઊભા થયાં અને અસ્ત પામ્યાં...!! કેટકેટલાં રાજાઓ અહીં આવ્યા અને ગયા!!'

આ ભાંગેલાં ખંડેરો અને અટલ ઊભેલી શિલાઓ તેના સાક્ષી છે. મૌન ઊભી ઊભી એ ઈતિહાસ કહે છે તેમના ઉત્થાન-પતનનો અને સંકેતપૂર્ણ સંદેશ આપે છે આ બધાની ક્ષણભંગૂરતાનો! - પેલા 'Ozymandias of Egypt' ની પાષાણ-પ્રતિમાની જેમ!! - અંતે એ આંગળી ચીંધે છે પેલા અરૂપ, અમર, શાશ્વત, આત્મતત્ત્વ ભણી - કે જે કદી નાશ પામતું નથી અને જે આ પુણ્યભૂમિ પર જ અનેક મહાભાગી મનુજોને ઓળખાયું ને સધાયું હતું...!

'શિલાઓના ચરણ પખાળતાં, કલકલ મંદ નિનાદ કરતા તે હસ્તિ-શી મંથર ગંભીર ગતિએ વહેતાં તુંગભદ્રાના આ મંજુલ જળ! તેમનાં અવિરત વહેણમાંથી જાણે પ્રશ્નોના ઘોષ ઊઠે છે - કો   હમ્? કો   હમ્? હું કોણ? હું કોણ?'

'અને નિકટ ઊભેલી પ્રાકૃતિક પહાડી શિલાઓમાંથી એ ઘોષના જાણે પ્રતિઘોષ જાગે છે - 'સો   હમ્... સો   હમ્... શુદ્ધો હમ્... બુદ્ધો હમ્... નિરંજનો હમ્... આનંદરૂપો હમ્... સહજાત્મરૂપો હમ્' સચ્ચિદાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ...!'

ખબર નહીં - 'શાશ્વત'ભણી સંકેત કરતા 'પ્રાકૃત' શિલાઓના આ ઘોષ-પ્રતિઘોષોને ક્ષણભંગુરતાની પાછળ ભૂલી-ભટકીને બેહાલ થયેલા પેલા મહાલયોના વિકૃત ખંડેરો-પથ્થરોએ (અને હજુયે એવાં જ પથ્થરોના પ્રાણહીન ભીતડાં ઊભા કરવામાં જન્મોના જન્મો ગાળ્યે જનારા વર્તમાનના સત્તાધીશ નશોન્મત્તોએ) સાંભળ્યાં કે કેમ, પરંતુ મારા અંતરમાં તો એ ઊંડે ઊંડે પહોંચીને જડાઈ ગયા હતા, ગુંજી ઊઠ્યા હતા અને એને સાંભળતો સાંભળતો હું આનંદલીન બની રહ્યો હતો, શૂન્યશેષ થઈ રહ્યો હતો, મારા શાશ્વત આત્મસ્વરૂપની વિકલ્પરહિત સંસ્થિતિમાં ઢળી રહ્યો - ભળી રહ્યો હતો!

અને મને જાણવા મળ્યું કે અંતે તો મને કે કમને, એ મૌન મહાલયો પણ 'મુખર' બનીને પોતાની હાર સ્વીકારતા શાશ્વતતાના આ સંદેશને જ સ્વીકાર કરતી 'હા' ભણી રહ્યા હતા... એવો ને એવો હતો માત્ર એના રચનારા પેલા વર્તમાનના દયાપાત્ર સત્તાધીશ નશોન્મત્તોનો 'નશો'!

શાશ્વત-તત્ત્વ ભણી સાંકેતિક, સૂચક આંગળી ચીંધાતાં તુંગભદ્રાના જળ અને પ્રાકૃતિક પર્વત-શિલાઓના ઘોષ-પ્રતિઘોષ એ જડતત્ત્વમાં બદ્ધજનો સાંભળી શકે એવી ક્ષમતા તેમનામાં કદાચ ન પણ હોય, પરંતુ રત્નકૂટ પરની આ આશ્રમની ગુફાઓમાં ગુંજતા શ્રીમદ્ રાજચંદ્રજીના જ્ઞાન ગંભીર ઘોષ તો સ્પષ્ટપણે તેઓ સાંભળી શકે... કાશ! તેમના કાન એ સાંભળવા આતુર બને!! જડની ક્ષણભંગુરતા એ સરળપણે સમજાવી રહ્યાં છે -

*'છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,*
*બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;*
*એ ચતુર ચક્રી ચાલિયા, હોતા-નહોતા હોઈને,*
*જન જાણીએ, મન માનીએ, નવ કાળ મૂકે કોઈને...*
*જે રાજનીતિ નિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,*
*અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;*
*એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને,*
*જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને...'*

(મોક્ષમાળા)

ગુફાઓમાં ગુંજતો મહાયોગી આનંદઘનજીનો બીજો અવાજ પણ આ જ ચેતવણી ઉચ્ચરી રહ્યો છે -

'યા પુદ્ગલકા ક્યા વિશ્વાસા,
ઝૂઠા હૈ સપનેકા વાસા...
ઝૂઠા તન ધન, ઝૂઠા જોબન,
ઝૂઠા લોક તમાસા...
આનંદઘન કહે સબહી ઝૂઠે,
સાચા શિવપુર વાસા...'

(આનંદઘન પદ્ય રત્નાવલી)

## સમ્યગ્ સાધનાની સમગ્ર દૃષ્ટિ

ગમે તેમ, શિવપુરના - નિજ દેશના - શાશ્વતના ભણી સંકેત કરતા આ ઘોષ-પ્રતિઘોષ મારા અંતરપટે અથડાઈને સ્થિર થઈ ચૂક્યા હતા - આ આશ્રમભૂમિ પરના મારા ચોવીસ કલાકમાં જ! આ અલ્પ દેખાતા ગાળામાં તો આ વાતાવરણે શા શા અનુભવ કરાવ્યા હતા...!! મારી વિશૃંખલિત સાધનાને અનુભૂત જ્ઞાનીઓની સંગે કેવા કેવા સમ્યગ્ પ્રકારે જોડી હતી!!! અને એટલે, નિર્ધારિત સમય થઈ જવા છતાં ફરી ફરીને કલાક-દોઢ કલાક મુનિજીનો સત્સંગ લાભ લેવાના લોભનું સંવરણ હું કરી શકતો ન હતો.

પુનઃ તેમની સાથે મહત્ પુરુષોની જીવનચર્યા અને સમ્યગ્ સાધનાદષ્ટિ પરત્વે પ્રશ્નચર્ચા ચાલી. મહાયોગી આનંદઘનજી વિષેની મારી જિજ્ઞાસાથી એનો આરંભ થયો. ભગવાન મહાવીર, તથાગત બુદ્ધ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આચાર્ય હરિભદ્રસૂરિ, દેવચંદ્રજી, યશોવિજયજી, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, કુંદકુંદાચાર્યજી અને વિહરમાન તીર્થંકર ભગવાન સીમંધરસ્વામી સુધીના લોકોત્તર પુરુષોની ચેતનાભૂમિમાં મુનિજી સંગે મારો વિહાર ચાલ્યો.. એ દિવ્ય પ્રદેશોની યાત્રાથી હું ખૂબ ખૂબ સમૃદ્ધ ને ખૂબ ખૂબ સ્વત્વસભર બની રહ્યો હોઉં તેવું હું અનુભવી રહ્યો.

એ પછી વર્તમાનના જૈનાચાર્યો અને અન્ય મહાપુરુષોના સાધના પ્રદેશોમાં ડોકિયું કર્યું : ગાંધીજી, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ, મલ્લિકજી, વિનોબાજી, ચિન્નમ્મા, અને અન્ય અનેકની સાધનાદષ્ટિની તુલનાત્મક વિચારણા ચાલી. સાર રૂપે આમાંથી હું સમ્યગ્ સાધનાની દૃષ્ટિ પામતો તારણ કાઢી રહ્યો : 'આત્મદીપ બન...! સ્વયંને જાણ...!! તું તારું સંભાળ!!!' અને આ બધાના ફળ સ્વરૂપે મારી વિદ્યાની, જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધનાની, આત્માનુભૂતિની અભીપ્સાઓ અદમ્યપણે પુનઃ જાગી રહી. વીતરાગ-પ્રણીત સાધનાપથ અને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવદર્શન, આજ સુધીના મારા અનુભવો અને આજની પ્રશ્નચર્ચા પછી મને પૂર્ણપણે ઉપાદેય પ્રતીત થઈ રહ્યાં હતા. તેથી પછીથી મારી સાધના-દષ્ટિને વિશેષ સ્પષ્ટ કરવા મુનિજીને મેં પૂછાવેલું, તેમાં તેમણે જે સચોટ સ્પષ્ટતા કરી છે તેની શ્રીમદ્ની, તેમની અને આશ્રમની સમગ્ર, સારગ્રાહી, સંતુલિત, સાધનાદષ્ટિ સમ્યગ્પણે પ્રગટ થાય છે. મારા પ્રશ્નના ઉત્તરમાં તેમણે લખ્યું હતું.

'આપના હૃદયમંદિરમાં જો પરમ કૃપાળુ દેવની (શ્રીમદ્ રાજચંદ્રજીની) પ્રશમરસ નિમગ્ન અમૃતમયી મુદ્રા પ્રગટ થઈ હોય, તો તેને ત્યાં જ સ્થાપી સ્થિર કરવી ઘટે છે. પોતાના જ ચૈતન્યનું તથા પ્રકારે પરિણમન એ જ સાકાર ઉપાસના શ્રેણીનું સાધ્યબિંદુ છે અને એ જ સત્યસુધા કહેવાય છે. હૃદયમંદિરથી સહસ્ત્રદલ કમળમાં તેની પ્રતિષ્ઠા કરી ત્યાં જ લક્ષ્યવેધી બાણની માફક ચિત્તવૃત્તિ પ્રવાહનું અનુસંધાન ટકાવી રાખવું એ જ પરાભક્તિ કિંવા પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. ઉપરોક્ત અનુસંધાનને જ શરણ કહે છે. શર એટલે તીર. શરણબળે સ્મરણબળ ટકે છે. કાર્યકારણ ન્યાયે શરણ અને સ્મરણની અખંડતા સિદ્ધ થયે, આત્મપ્રદેશે સર્વાંગ ચૈતન્ય-ચાંદની ફેલાઈ સર્વાંગ આત્મદર્શન અને દેહદર્શન ભિન્ન-ભિન્નપણે નજરાય છે અને આત્મામાં પરમાત્માની છબી વિલીન થઈ જાય છે. આ આત્મા-પરમાત્માની અભેદતા એ જ પરાભક્તિની છેવટની હદ છે. એ જ વાસ્તવિક ઉપાદાન સાપેક્ષ સમ્યગ્ દર્શનનું સ્વરૂપ છે.

'વહ સત્યસુધા દરસાવહિંગે, ચતુરાંગુલ વ્હૈ દગસેં મિલ હૈ;
રસદેવ નિરંજન કો પિવહી, ગહી જોગ જુગોજુગ સો જીવહી.'

(શ્રીમદ્જી કૃત) આ કાવ્યો તાત્પર્યાર્થ એ જ છે. આંખ અને સહસ્ત્રદલ કમલની વચ્ચે ચાર અંગુલનું અંતર છે. તે કમલની કર્ણિકામાં ચૈતન્યની સાકાર મુદ્રા એ જ સત્યસુધા છે, એ જ પોતાનું ઉપાદાન છે. જેની એ આકૃતિ ખેંચાઈ છે, તે બાહ્યતત્ત્વ નિમિત્ત કારણ માત્ર છે. તેમના આત્મામાં જેટલે અંશે આત્મવૈભવ વિકસ્યો હોય એટલે અંશે સાધકીય ઉપાદાનનું કારણપણું વિકસે છે અને કાર્યાન્વિત થાય છે. અત એવ નિમિત્ત કારણ, સર્વથા વિશુદ્ધ આત્મવૈભવ સંપન્ન હોય તેમનું જ અવલંબન લેવું ઘટે, તેમાં જ પરમાત્મબુદ્ધિ હોવી ઘટે, એ રહસ્યાર્થ છે.

'આવા ભક્તાત્માનું ચિંતન અને આચરણ વિશુદ્ધ હોઈ શકે છે, અતઃ એવા ભક્તિ, જ્ઞાન અને યોગ સાધનાનો ત્રિવેણી સંગમ સધાય છે. જેથી એવા સાધકને ભક્તિ - જ્ઞાન શૂન્ય માત્ર યોગ સાધના કરવી આવશ્યક નથી. દૃષ્ટિ, વિચાર અને આચાર-શુદ્ધિનું નામ જ ભક્તિ, જ્ઞાન અને યોગ છે અને એ જ અભેદ પરિણમને 'સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' છે. પરાભક્તિ વિના જ્ઞાન અને આચરણ વિશુદ્ધ રાખવાં દુર્લભ છે, એનું જ દષ્ટાંત આ.ર. (આચાર્ય રજનીશ) પૂરું પાડી રહ્યાં જ છે ને? અતએવા આપ ધન્ય છો, કારણ કે નિજ ચૈતન્ય દર્પણમાં પરમ કૃપાળુની છબી અંકિત કરી શક્યા છો. ૐ'

*(ક્રમશઃ)*

❑❑❑

૧૫૮૦, ડિ એસ કૉલેજ રોડ, કે.એસ લેઆઉટ ,
બેંગલોર - ૫૬૦૦૭૮. ફોન : ૯૬૧૧૨૩૧૫૮૦

# જ્ઞાન સંવાદ અંગેની પત્ર ચર્ચા

સુબોધીબેન સતીશ મસાલીઆ

**મા. શ્રી સુબોધીજી મસાલીયા**

પ્રબુદ્ધ જીવનના જ્ઞાન સંવાદ વિભાગમાં મારા પ્રશ્નનો વિસ્તૃત ખુલાસાથી સંતોષ થયો છે. ખુબ ખુબ આભાર.

આપની સુચના મુજબ ચાર પુરુષાર્થ અંગે મારી સમજણ મુજબ સંક્ષિપ્તમાં નોંધ મોકલી છે. આ નોંધના અનુસંધાને આપને યોગ્ય લાગે તે રીતે આ વિષય અંગે પ્રબુદ્ધ જીવનમાં આપના મંતવ્યો રજુ થાય તેવી નમ્ર વિનંતી છે. આપની ધર્મલક્ષી અને જ્ઞાન લક્ષી પ્રવૃત્તિ બદલ ધન્યવાદ સહ વંદન.

જય જીનેન્દ્ર સહ નિવેદન આત્મા અવિનાશી છે. દેહ વિનાશી છે. દેહ ટકાવવા માટે આહાર પાણી હવા જરૂરી છે. આત્મા અનાહારી છે.

કર્મ પ્રભાવી આત્મા કર્મથી મુક્ત ન બને ત્યાં સુધી દેહનું આવલંબન જરૂરી છે.

આત્મા અનાહારી હોવા છતાં દેહ જ્યારે આહાર ગ્રહણ કરી શકતો નથી અથવા કોઈ સંત કે સંસારી સંથારો કરે છે ત્યારે દેહ ક્રમિક રીતે નબળો પડતા આત્માની ચેતના પણ ક્રમિક રીતે નબળી પડે છે અને જેમ જેમ આત્માની ચેતના નબળી પડે છે એક સમય એવો આવે છે કે આત્મા દેહનો ત્યાગ કરે છે અને દેહનું મૃત્યુ થાય છે.

ભગવાન મહાવીરની અંતિમ દેશના ધર્મ-અર્થ-કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ

ભગવાન મહાવીર એઓએ પોતાની અંતિમ દેશનામાં ચાર પુરુષાર્થ બતાવ્યા છે. (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. આ ચાર પૈકી અર્થ, કામ પુરુષાર્થ માત્ર શ્રાવક સમાજ (સંસારી) માટે છે અને ધર્મ મોક્ષ પુરુષાર્થ માત્ર સંતો માટે છે. (શ્રાવક માટે ચારેય પુરૂષાર્થ છે)

અનાદિ કાલિન આત્મા ચારગતિ (૧) દેવગતિ (૨) માનવગતિ (૩) તિર્યંચ ગતિ અને નારકી ગતિમાં શુભાશુભ કર્મોના પ્રભાવથી પરીભ્રમણ કરે છે. તિર્યંચ ગતિ અને નારકી ગતિ અશુભ કર્મોની સજા તરીકે મળે છે.

સત્ય-અહિંસા અચોરી-બ્રહ્મચર્ય અને અપરીગ્રહ આ પાંચ મહાવ્રત સાથે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપના આરાધક મોક્ષની પાત્રતા ધરાવે છે.

માનવ જીવનમાં અહિંસાનું પાલન સંસારી જીવનમાં યોગ્ય રીતે પાલન શક્ય નથી. યુવાચાર્યએ બે પ્રકારની હિંસા બતાવી છે આવશ્યક હિંસા અને અનાવશ્યક હિંસા પંચમહાવ્રતિ સંતોજ માત્ર અમુક અંશે આવશ્યક હિંસાથી મુક્ત છે. જીવનયાત્રા પુરી કરવા માટે સંસારી આવશ્યક હિંસાથી મુક્ત રહી શકતો નથી તેમજ સંસારી (શ્રાવક) નાજ કારણે સંતો પોતાનો ધર્મ પુરુષાર્થ અને મોક્ષલક્ષી પુરુષાર્થ સરળતાથી કરી શકે છે. આહાર-પાણી-વસ્ત્રો - નિવાસ માટે સ્થાનક ધર્મ પ્રભાવના માટે સવલતો જેવીકે માઈક-સભાખંડ - ટીવી ધાર્મિક પુસ્તકો નું પ્રકાશન આદિની જરૂરીયાત સંસારી (શ્રાવક) પુરી પાડે છે. આ માટે શ્રાવકોને અર્થ (ધન) ની જરૂર પડે છે.

માનવ-પશુ-પક્ષીનું અસ્તિત્વ માત્રને માત્ર નર - નારી અને નર - માદાના અબ્રહ્મચર્યના સેવન આધારીત છે. આ વિશ્વમાં મહાજ્ઞાનિ - મહાન સમાજ સેવકો-મહાન સમાજ શાસ્ત્રી - મહાન સમાજ સુધારક સંક્ષિપ્તમા તિર્થકર ભગવંતો ભુતકાળમાં વર્તમાન કાળના (વર્તમાન ચોવિસી ઋષભદેવ થી ભગવાન મહાવીર) અને ભાવિ તિર્થકર ચોવીસી એ માત્ર ને માત્ર કામ પુરુષાર્થ ને કારણે શક્ય છે.

કામ અને અર્થલક્ષી મર્યાદિત પુરુષાર્થ સંસારી નો ધર્મ છે. સાથોસાથ ધર્મ અને મોક્ષ પુરુષાર્થ પ્રત્યે અમુક અંશે લગાવ એ પણ સંસારી (શ્રાવક) નો ધર્મ છે.

સંતોની જીવનચર્યામાં કર્મ નિર્જરા માટે તપ, કર્મના (અશુભ) આગમન અંગે અટકાયત (બંધ) અને પાંચમહાવ્રત તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર-અને તપ આરાધનાએ મોક્ષ પુરુષાર્થ છે.

સંસારી (શ્રાવક) માટે પાંચ અણુવ્રત સંત વૈયાવચ્ચ અનાવશ્યક હિંસાનો ત્યાગ જીવદયા માટે દાન અને શક્ય તેટલી ધર્મ આરાધના એ શ્રાવકનો ધર્મ છે.

મર્યાદિત અને સ્વ વિજાતિય વ્યક્તિ સાથે કામ અને અર્થ પુરુષાર્થ એ અશુભ કર્મનું કારણ નથી.

મુલાચાર સુત્રમાં બ્રહ્મચર્યના બે પ્રકારો આ મુજબ બતાવ્યા છે દ્રવ્ય બ્રહ્મચર્ય (સંતો માટે) અને ભાવ બ્રહ્મચર્ય (શ્રાવક માટે)

''મહાવીર વાણી'' ગુજરાતી ભાષાંતર ડૉ. હરિકૃષ્ણ આર. જોષી સંવત ૨૦૪૦ પ્રકાશક શેઠ નગીનભાઈ અને શ્રી કુમુદચંદ્ર - ઝવેરી - આ પુસ્તકનાં સંદર્ભ મુજબ

(૧) અબ્રહ્મચર્ય અધર્મનું મુળ છે તેથી નિર્ગ્રન્થ મુનિ બધા પ્રકારના મૈથુન ત્યજે છે. પાન નં. ૨૮૩ ક્રમ (દશવૈકાલિક) ૬:૧૬

(૨) સ્ત્રીઓને ત્યાગનાર અનગાર એમાં આ સક્ત ન થાય - ધર્મને જાણનાર ભિક્ષુ પોતાના આત્માને એમાં સ્થાપિત કરે

(સ્ત્રીનો ત્યાગમાં) પાન નં. ૨૮૩ ક્રમ - ૩ (ઉતરા.) ૮:૧૯
(૩) તપસ્વી શ્રમણ નારી ના રૂપ લાવણ્ય વિલાસ હાસ્ય - પ્રિય ભાષણ ચિતમાં સ્થાન ન આપે અને સ્ત્રીઓને જોવાની અભિલાષા નહિ કરે પાન નં. ૨૮૪ ક્રમ ૪ (ઉતરા.) ૩૨:૧૪

ક્રમ નં. ૧-૨-૩ માત્ર શ્રમણ માટે જ છે આ વિધાનમાં સંસારીનો ઉલ્લેખ નથી પાન નં. ૨૮૩ થી પાન નંબર ૨૮૪ (મહાવીરવાણી) માં વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

અર્થ અને કામ આ બે પુરુષાર્થને આધારે વિશ્વના સંખ્યાતા માનવ સમાજ ના જીવન માં શિસ્ત-સલામતિ - સુવ્યવસ્થા જોવા મળે છે.

અતિ - અતિ પ્રાચિન કાળમાં અર્થ વ્યવસ્થાના અભાવમાં માનવ ટોળી બનાવતો રખડતો ભટકતો ન સુરક્ષિત - ન યોગ્ય નિવાસ સ્થાન - માત્ર ને માત્ર પ્રાણીનો શિકાર અને માંસાહાર

ઋષભદેવ ભગવાન એઓએ અજ્ઞાનિ માનવને ખેતીકળા શીખવી ભોજન માટે રાંધણ કળા આદિ સભ્ય સમાજને અનુરૂપ ૭૨ પ્રકારની કળાનો અભ્યાસ ભગવાન ઋષભદેવના કાળમાં લોકો શિખ્યા હતા આજે અનેક પ્રકારની સવલતો શિક્ષણ - આહાર - માંદગીની સારવાર મનોરંજનના અનેક પ્રકારની સવલતોની સરળતામા અર્થની ભૂમિકા છે.

કામ અને અર્થ પુરુષાર્થએ અધર્મ નથી - પાપની પ્રવૃત્તિ નથી ન્યાયી પ્રમાણિક અને કામ અર્થાત એકજ નારી (પત્નિ) અને એકજ પુરુષ (પતિ) નાં સંતોશ એ ધર્મનો અને પૂણ્યનો અલ્પ ભાગ છે.

**ડી. એમ. ગોંડલીયા**

**પ્રશ્ન પૂછનાર : ડી. એમ. ગોંડલીયા**

**ઉત્તર આપનાર : સુબોધીબેન સતીશ મસાલીઆ**

**પ્રશ્ન** : આયુષકર્મ પ્રમાણે દેહનું મૃત્યુ થાય એ સમજી શકાય તેવી બીના છે પરન્તુ આહારના ત્યાગથી અનાહારી આત્માની ચેતના ક્રમિક રીતે નબળી કેમ પડે છે?

**ઉત્તર** : આત્માની ચેતના બિલકુલ નબળી પડતી નથી પરંતુ દેહ પોતે આહાર વગર નબળો પડે છે માટે આપણને એવો ભાસ થાય છે કે આત્મા નબળો પડી ગયો. પરંતુ આત્મા તો એવો ને એવો પાવરફૂલ જ છે. તેને નવો દેહ મળતાં પાછો એવોજ active થઈ જાય છે. જો આત્મા પોતેજ નબળો પડી ગયો હોય તો નવો દેહ મળતાં power ક્યાંથી આવી ગયો? આ તો દેહરૂપી સાધન ઢીલું પડયું એટલે આત્માને શાંત થઈને બેસી જવું પડયું. જેમકે કાર ખોટકાઈ જાય તો ડ્રાઈવર ગમે તેટલો પાવરફુલ હોય છતાં ચૂપ થઈ બેસી જવું પડે છે તેમ શરીર રૂપી ગાડી નબળી પડતાં, પાવરફૂલ આત્માને ચૂપ થઈ બેસી જવું પડે છે. આત્મા ક્યારેય નબળો પડતો નથી. આત્મા નબળો પડયો એવું આપણને લાગે છે તે આપણી બુધ્ધિનો ભ્રમ છે. શરીરને ટકવા માટે ખોરાક જોઈએ, જ્યારે આત્માનો ખોરાક કર્મ છે. આહાર ન મળવાથી પુદ્ગલ નબળું પડતું જાય છે. અમુક સમય પછી બિલકુલ આહારના અભાવે પુદ્ગલ કામ કરતું બંધ થઈ જાય છે કેમકે જુનો સંગ્રહ ચરબી રૂપે ખોરાક નો સંગ્રહ વપરાઈ જાય છે ને નવો ખોરાક મળતો નથી માટે ટકી શકતું નથી. તેવી જ રીતે આત્માને ભવ-ભવ કરવા માટે કર્મ રૂપી ખોરાક જરૂરી છે. આત્માને નબળો પાડનાર આપણા શુભ કે અશુભ કર્મ છે. કર્મથી લદાયેલો આત્મા તેનો જ્ઞાન પ્રકાશ રેલાવી શકતો નથી. પણ જો મન-વચ-કાયા સ્થિર કરી એજ આત્માને નવા કર્મરૂપી ખોરાક આપવાનું બંધ કરીએ તો... જૂના કર્મને ઉદીરીણામાં લાવી તેને નીર્જરી (સમતાભાવ દ્વારા) ને તે પણ કર્મ પૂરા થતાં આત્મા કર્મના ભાર થી હળવો થાય છે. ને એનો જ્ઞાનપ્રકાશનો પાવર સોળે કળાએ ખીલી ઉઠે છે. કર્મ નિર્જરતા જતાં ને નવા કર્મનો આશ્રવ નહિ થતાં જીવ 'કેવળજ્ઞાનને' પામે છે. પણ જ્યાં સુધી કર્મોનો ખત્મો થતો નથી ત્યાં સુધી જો એક પુદ્ગલ નબળું પડયું તો તેને છોડીને... પાવરફુલ આત્મા બીજા પુદ્ગલમાં ચાલ્યો જાય છે... જેમ આપણે જૂના કપડા કાઢીને નવા બદલીએ તેમ... જય જીનેન્દ્ર.

(તા.ક. મારૂં પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા' મારા ઘરેથી કલેક્ટ કરી લેશો તો તેમાં તત્વજ્ઞાન વિષયક ૩૫૦- સવાલ જવાબ આપને વાંચવા મળશેજી)

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોક નગર,
દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ)
મો. ૮૮૫૦૦૮૮૫૬૭

**'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.**

**સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.**

# સર્જન-સ્વાગત

## ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ રેણુકા પોરવાલ




પુસ્તકનું નામ : આત્મવિકાસ અધિકાર 'આચારાંગ સૂત્ર' પ્રથમ શ્રુતસ્કંધ
અનુગ્રહ પ્રદાતા : ગોંડલ સંપ્રદાયના પૂ. ધીરજમુનિ મ.સા.
સંપાદિકાઓ : પૂ. પુષ્પાબાઈ મહાસતીજી, પૂ. વનિતાબાઈ મહાસતીજી અને તરલાબેન દોશી
મુખ્ય શ્રુતાનુરાગી :
અમીશાબહેન નીરજભાઈ વોરા - મુંબઈ
પ્રકાશક : પી. એમ. ફાઉન્ડેશન ટ્રસ્ટ - રાજકોટ
૯૦ યુનાઈટેડ એન્ટરપ્રાઈઝ, ગોકુલ ચેમ્બર્સ, ઢેબર ચોક, વન વે, રાજકોટ - ૩૬૦૦૦૧.
સંપર્ક : મુંબઈ-મો. ૦૯૩૨૩૪૨૨૧૫૦
૦૯૯૨૦૧૨૬૧૫૧
Jayant Kamdar - New Jersey (U.S.A) 9735844640
મૂલ્ય : જ્ઞાનાર્થે - રૂા. ૪૦૦/- પાના ૫૧૬

જૈન સાહિત્યમાં દ્વાદશાંગીનું અપ્રતિમ ગૌરવમય સ્થાન છે. પરમ પ્રભુ મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું પછી અર્થ રૂપે ત્રિપદીનું જ્ઞાન ગણધરોને આપ્યું એ જ્ઞાનને સૂત્રરૂપે ગુંથન કરીને જે ૧૨ અંગી - અંગસૂત્ર

દ્વાદશાંગીમાં સૌથી મહત્વનું સારભૂત આગમ હોય તો તે ૧૧ અંગમાંનું પ્રથમ અંગ 'આચારાંગ સૂત્ર' એના બે શ્રુતસ્કંધ (વિભાગ) છે. અહીં પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનનો ભાવાર્થ, ગોથાર્થ અને વિવેચન છે.

એમાં પુનર્જન્મ દ્વારા આત્માની ત્રૈકાલિકતા સિદ્ધ કરવામાં આવી છે. જીવતત્ત્વની સિદ્ધિ કરીને સ્થાવર જીવોની પંચેદ્રિય જીવો સાથે તુલના કરી કે આત્મજીજ્ઞાસાથી પ્રારંભ થતા આ આગમના શસ્ત્રપરિજ્ઞા નામના પ્રથમ અધ્યયનમાં ષડ્જીવનીકાય (છ પ્રકારના જીવો)નું વર્ણન ખરેખર મૌલિક છે. ત્રસ (હાલી ચાલી શકે એવા) જીવોનું પ્રતિપાદન અન્ય સાહિત્યમાં ઘણી જગ્યાએ પ્રાપ્ત થાય છે. કોઈ કોઈ જગ્યાએ વનસ્પતિકાયની સિદ્ધિ થઈ છે. તો ક્યાંક પાણીમાં રહેલા ત્રસ જીવો દ્વારા પાણીને સજીવ માન્યું છે. પરંતુ પૃથ્વી, અગ્નિ, વાયુની સજીવતાની સિદ્ધિ તો જૈનદર્શનમાંથી જ મળે છે. જે એની મૌલિકતા સિદ્ધ કરે છે.

શ્રી આચારાંગ સૂત્રમાં જીવોની વેદનાનું નિરૂપણ સર્વથા મૌલિક છે. મનુષ્ય શરીર સાથે વનસ્પતિની તુલના ધ્યાનાકર્ષક છે. (પૃષ્ઠ ૧૧૪) સ્થાવર જીવોમાં વનસ્પતિ જીવોની ચેતના અત્યધિક સ્પષ્ટ છે તેથી એની તુલના માનવ શરીર સાથે કરવામાં આવી છે જેમ કે એ મનુષ્યની જેમ જન્મશીલ, વૃદ્ધિશીલ, સચેતન, છેદવાથી સૂકાઈ જાય. આહારક, અનિત્ય, અશાશ્વત, ચય ઉપચયવાળી અને પરિણમનશીલ છે.

આ અધ્યયનના સાત ઉદેશા છે. એમાં સર્વ પ્રકારના સંસારી જીવોનું સ્વરૂપ બતાવીને શાસ્ત્રકાર સાધક આત્માઓને એવું જ્ઞાન કરાવે છે કે આ પ્રત્યેકમાં તું એકવાર નહીં અનેકવાર ઉપજીને આ મનુષ્યભવમાં આવ્યો છે. આ ન્યાયે જીવમાત્ર તારા પોતાના સ્વજનો જ છે. માટે એમને તારા આત્મા સમાન માનીને હિંસા કર નહિ, કરાવ નહિ, અનુમોદન આપ નહિ.

**બીજું અધ્યયન લોકવિજય** - જે પ્રથમ અધ્યયનમાં બતાવેલા જીવોની દયા પાળે છે તે જ લોકવિજેતા બની શકે છે. આ અધ્યયનમાં છ ઉદ્દેશામાં લોકવિજેતા કેમ બનાય એનું વિવરણ છે. લોક બે પ્રકારના છે દ્રવ્યલોક અને ભાવલોક અહીં ભાવલોક (રાગ દ્વેષ રૂપ લોક) ઉપર વિજય મેળવવાની હિતશિક્ષા આપી છે. સંસાર સંબંધી મમતાનો ત્યાગ કરવાનો ઉપદેશ છે.

**ત્રીજું અધ્યયન- શીતોષ્ણીય** - લોકવિજેતાને અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ આવે એના પર વિજય મેળવવાનો છે. ઠંડી-ગરમી (અનુકૂળ-પ્રતિકૂળ) આદિ પરિષહો પર વિજય મેળવવાની શીખ ચાર ઉદ્દેશામાં આપી છે.

**ચોથું અધ્યયન-સમ્યક્ત્વ** - ત્રીજામાં પરીષહો સહન કરીને પણ નિરતિચાર સંયમ પાળવાનું કહ્યું છે અને એવો સંયમ જે સમ્યક્ત્વી હોય એટલે કે જેને તીર્થંકરના વચન પર દૃઢ શ્રદ્ધા હોય તે જ પાળી શકે તેથી આ અધ્યયનમાં સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું છે. એના ચાર ઉદેશા છે.

**પાંચમું અધ્યયન - લોક સાર** - સમ્યક્ત્વ પછી સમ્યક્ ચારિત્રનું મહત્વ છે. ચારિત્ર લોકમાં સારરૂપ છે માટે આ અધ્યયનમાં ચારિત્રનું વિસ્તૃત વિવેચન ૬ ઉદેશામાં છે.

**છઠ્ઠું -ધૂત - ધૂત-ધોવું** - આત્માને લાગેલા કર્મમળને દૂર કરવા રૂપ ધૂત છે. પાંચ ઉદેશા છે. કર્મોને ક્ષીણ કરી આત્માને શુદ્ધ કરવાના ભાવ પ્રગટ થયા છે.

**સાતમું - મહાપરિજ્ઞા** - વૈયાવૃત્ય (સેવા)નો પ્રયત્ન તપની વિધિ. આ અધ્યયન વિચ્છેદ છે.

**આઠમું-વિમોક્ષ-આચાર** અને ત્યાગનિષ્ઠ જીવનનો ઉલ્લેખ છે. આઠ ઉદેશા છે.

**નવમું-ઉપધાન શ્રુત** - મહાવીર ભગવાનના તપનિષ્ઠ જીવનનું વર્ણન છે.


સર્વ તીર્થંકર ભગવંતો પ્રથમ પોતે જ પાંચ મહાવ્રતો અંગીકાર કરીને વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે અને પછી જ તે પાળવાનો ઉપદેશ આપે છે તેના દૃષ્ટાંતરૂપે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરની કઠોર સાધનાનું વર્ણન ચાર ઉદેશામાં કરવામાં આવ્યું છે.

આમ આ પુસ્તકમાં અજ્ઞાન, અહંભાવ અને મિથ્યાત્વથી ઘેરાયેલા જીવાત્માને તેમાંથી બહાર કાઢી પોતાના જ આત્મસ્વરૂપની યથાર્થ ઓળખ કરાવી મુક્તિ મંઝિલનો અનન્ય માર્ગ દેખાડનારૂં અનુપમ જ્ઞાન છે.

♦♦♦

મેગેઝિનનું નામ : **લેખિની - (સાહિત્ય સર્જનમાં સ્ત્રીનો સૂર)**
આદ્યસ્થાપક તંત્રી : મીનળ દીક્ષિત
સંપાદકો : ડૉ. પ્રીતિ જરીવાલા
ગીતા ત્રિવેદી : ૯૮૨૦૮૨૬૦૧૧
પ્રકાશક : મીનળ દીક્ષિત - સાંતાક્રુઝ (પ) મુંબઈ - ૪૦૦૦૫૪.
મૂલ્ય રૂા. ૫૦/- પૃષ્ઠ -૬૦

આ એક એપ્રિલ - ૨૦૧૮ નો ત્રૈમાસિક



અંક છે. આ ૭૪મો 'આત્મકથા વિશેષાંક' છે.

આત્મકથા એ વાસ્તવિક કથા છે અહીં કલ્પનાને સ્થાન છે જ નહિ. અહીં વ્યક્તિએ અનુભવેલા સારા-માઠા પ્રસંગોમાં ઊભરાતી લાગણીઓ વ્યક્ત થાય છે. જેમાં વાચક તરબોળ થઈ જાય છે.

આમાંની ઘણી લાગણીઓનો અનુભવ અલગ પ્રસંગો દ્વારા વાચકને પણ થયો હોય છે એની યાદ આવી જાય છે.

આ અંકમાં ૨૮ ભગિનીઓએ લેખિની ચલાવી છે. પોતાની આત્મકથાના અંશો આલેખ્યા છે. અંક વાંચીએ એટલે બીજો લેખ વાંચવાની ઉત્સુકતા જાગે છે. એક બહેને એમના જીવનનો એક અંશ કહ્યો હવે બીજા બહેન શું લખે છે ચાલ આગળ વાંચું. પ્રેમની પરિભાષા હોય કે ડિપ્રેશન, એક ખોટો નિર્ણય હોય કે સત્યમેવ જયતે, એમ એક એક વાંચતા જઈને આપણા જીવનમાં પણ આવા પ્રસંગો બન્યા હોય તો એ યાદ આવતા જાય. એવા સ્કંદ આ અંક છે.

♦♦♦

પુસ્તકનું નામ: **આનંદની ધૂણી ધખાવી બેઠેલો સાધુ**
ઘનશ્યામ દેસાઈ સ્મૃતિગ્રંથ
સંપાદક : ઊર્મિ ઘનશ્યામ દેસાઈ, દીપક દોશી
પ્રકાશક : ભારતીય વિદ્યા ભવન - કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ - ૪૦૦૦૦૭.
મૂલ્ય : રૂા. ૩૫૦/- પૃષ્ઠ - ૧૮૫અ૧૨

પ્રત્યેક વ્યક્તિનું વ્યક્તિત્વ એના કણકણમાં વ્યાપ્ત હોય છે. સુગંધને સુમનથી, દૂધ ને પાણીથી, કારેલાથી કડવાશથી, સાકરને મીઠાશથી અલગ કલ્પી ન શકાય. એ જ રીતે વ્યક્તિથી વ્યક્તિત્વ અલગ થઈ શકે નહિ. વ્યક્તિનું વ્યક્તિત્વ અમરતત્ત્વ છે. વ્યક્તિ વિલીન થાય છે પણ એમના વ્યક્તિત્વની અમીટ છાપ લોકોના મન પર મૂકી જાય છે. તે વિલીન થતી નથી. લોકોમાં સચવાયેલી છાપોને સાચવીને એક પુસ્તકમાં



કેદ કરી દેવી એનું નામ સ્મૃતિગ્રંથ.

આ ભેગી કરવાનું અને ગૂંથવાનું શ્રેય એમના હમસફર સહસંગિની ઊર્મિબેન અને નવનીત સર્મપણના સંપાદકશ્રી દીપક દોશીને જાય છે.

'આનંદની ધૂણી ધખાવીને બેઠેલા સાધુ' હોમી દસ્તુરના લેખથી શરૂ થઈને ૪૭માં લેખ 'વાર્તાકાર ઘનશ્યામ દેસાઈની સર્જકતા' બંધ બારણાને અનુસંગે કાંતિ પટેલના લેખ સુધી એક-એક અમીટ છાપ ઘનશ્યામ ભાઈના અવિનાશી વ્યક્તિત્વને નિખારતી જાય છે. મરણ કરતાં સ્મરણ બળવત્તર હોય છે એની અનુભૂતિ કરાવતી જાય છે. ઘનશ્યામભાઈના વિવિધ પાસાઓનું દર્શન કરાવતી જાય છે.

આ ગ્રંથમાં એમના મિત્રો, સ્વજનો, સહાધ્યાયીઓ, વિદ્યાર્થીઓ, સાહિત્યકારો, સાથી શિક્ષકોના તથા મોટા ગજાના શ્રી નગીનભાઈ સંઘવી અને ધીરૂબેન પટેલ જેવા મહારથી ગુરૂવર્યો સાથેના સંસ્મરણો આલેખાયેલા છે. જે એમના સ્વભાવમાં રહેતી વિલક્ષણતાને રજૂ કરે છે. જેમ કે તેઓ સહૃદયી, લેખક, સંપાદક, વાર્તાકાર, સાહિત્યકાર, પરિવારપ્રેમી, ભાષાપ્રેમી, ગંભીરતા, મક્કમ મનોબળ, સકારાત્મકતા વગેરે અંતિમ ૪૮મા લેખમાં ઊર્મિબહેને એમના રચેલા સાહિત્યનું વિવેચન, અનુવાદ અને મુલાકાતોની સંદર્ભસૂચિ મૂકીને પૂર્ણાહુતિ કરી છે.

આમ આ એક વાંચવા યોગ્ય માણવા યોગ્ય, અને જાણવા યોગ્ય સ્મૃતિગ્રંથ છે.

❑❑❑

ડૉ. પાર્વતીબેન ખીરાણી
મો - ૯૮૨૧૦૫૦૫૨૭

---

પુસ્તકનું નામ: **વિશ્વકલ્યાણની વાટે...**
લેખક : શ્રી ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અશોક પ્રકાશન મંદિર, પહેલા માળે, કસ્તૂરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૨૧૪ ૦૭૭૦
નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ફોન : ૨૨૦૧ ૭૨૧૩.
મૂલ્ય : ૧૭૫/- પાના : ૧૪૨
આવૃત્તિ : પ્રથમ ૨૦૧૮



શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ લખેલ પુસ્તક 'વિશ્વકલ્યાણની વાટે' એક નોંધપાત્ર સર્જનની શ્રેણીનું ગણાય કારણકે એમાં સ્વ પરના કલ્યાણ અર્થે ઝઝુમતા માનવીએ શું કાર્ય કરવું તે દર્શાવ્યું છે. મનુષ્ય દ્વિધામાં હોય ત્યારે એના મનની સંવેદનાને જીવંત રાખવા માટે અહીં ચિંતનપ્રેરક પ્રસંગોની હારમાળા આપી છે, એમાંથી એને પોતાના શ્રેય માટે એનો શું ઉત્તર મળી રહે છે. પ્રસ્તુત ગ્રંથમાં તેમણે વિવિધ સામાયિકો અને સમાચારપત્રમાં

અલગ અલગ સમયે પ્રગટ કરેલા લેખોનો સમાવેશ કર્યો છે. એકએકથી ચઢિયાતી કથા માનવજીવનને મૂલ્યનિષ્ઠતા બક્ષવા સક્ષમ છે. અનુક્રમણિકામાં બત્રીશ વિષયોની યાદીમાં શ્રધ્ધા, દાન, આત્મબીજ, યોગ, દામ્પત્યબીજ, નિયમ, નીતિ, કન્યાદાન વગેરનો સમાવેશ છે. ઉપરાંત વૃક્ષોના રક્ષણ માટે સહાદત વહોરનારી પ્રજાની કથા પણ છે. આ કથાનકની ખૂબી એ છે કે આખો પ્રસંગ ક્યારે તથા ક્યાં બન્યો તેની તારીખ અને સ્થળ તેમણે આપ્યા છે. લેખક પોતે એ સમાજને જરા જુદી રીતે અંજલી આપે છે. ત્યારે આચાર્ય પ્રદ્યુમ્નસૂરિનું કાવ્ય - ''ચાલ, ઝાડની ખબર કાઢવા''નું સુંદર રસદર્શન મૂક્યું છે. જે વાચકોના હૈયામાં પર્યાવરણના પાઠ ગોઠવી દે છે. એક રીતે જોઈએ તો તેમણે એ વૃક્ષપ્રેમી શહીદોને પોતાના તરફથી પણ સો સો સલામી આપી દીધી.

અહીં આજના વિશ્વની પર્યાવરણની સમસ્યાનું સમાધાન જૈનધર્મના સંદર્ભે અહિંસા પાલન થકી કેવી રીતે કરવું, તે વિસ્તારથી સરળ ભાષામાં સમજાવ્યું છે, દા.ત. અનાવશ્યક ઉપભાગ માનવીને ગ્લોબલ વોર્મિંગની પ્રતિકૂળ અસર તરફ પ્રતિક્ષણ ધકેલે છે, આ વાત તેમણે 'વૈશ્વિક તાપમાન..' ના લેખમાં વિસ્તારથી સમજાવી. લેખ અહીં અટકતો નથી, આ બાબતે લેખક વધુ ચર્ચા કરે છે.

''હિંદ વિચારધારા ધરતીને દેવીરૂપ-માતારૂપ માને છે અને તે રીતે તેનું બહુમાન કરે છે'' તેમના મતે પૃથ્વી-પાણી-અગ્નિ, વાયુ-આકાશ મહાભૂતરૂપ ગણી એક શક્તિરૂપે પૂજે છે. પૃથ્વી પ્રત્યેનો આ મૈત્રીભાવ ધર્મનું એક અંગ મનાય છે. જૈન પરંપરાની વિચારધારા-આદર્શ ધરતીને એકેન્દ્રિય રૂપ સજીવ સ્થાવર ચૈતન્ય સ્વરૂપગણી તેની રક્ષા કરવા પ્રતિબધ્ધતા દાખવે છે.''

આ લેખમાં લેખકે જૈન ધર્મનાં વ્રતો, નિયમો અને સિધ્ધાંતો ધર્મની પુષ્ટિ કરનારા તરીકે આદર્શરૂપ દર્શાવી કેવી રીતે પર્યાવરણનું સંતુલન જાળવવામાં સહાયક થાય છે તે અસરકારક રીતે ઉદાહરણોની શ્રૃંખલાઓ દ્વારા સમજાવ્યું. લેખક શ્રી ગુણવંતભાઈના શ્રેષ્ઠ લેખોને સંકલન વાચકોને હંસદૃષ્ટિ વિક્સાવવમાં સહાયભૂત બની રહેશે.

♦♦♦

પુસ્તકનું નામઃ **સાત્વિક સહચિંતન**
લેખક : શ્રી ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અશોક પ્રકાશન મંદિર, પહેલા માળે, કસ્તૂરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૨૧૪ ૦૭૭૦
નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ફોન : ૨૨૦૧ ૭૨૧૩.
મૂલ્ય : ૧૭૫/- પાના : ૧૫૦
આવૃત્તિ - પ્રથમ ૨૦૧૮



શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના પુસ્તક 'સાત્વિક સહચિંતન'માં પ્રતિષ્ઠિત સામાયિકો અને વર્તમાન-પત્રોમાં પ્રગટ થયેલા વિવિધ વિષયોને ઉજાગર કરતા શ્રેષ્ઠ લેખોનો સંચય છે. પુસ્તના શીર્ષક 'સાત્વિક સહચિંતન' ને સાર્થક કરતા પ્રથમ લેખમાં તેમણે વિનય, વિવેક અને વિદ્યાનો ત્રિવેણી સંગમ બતાવી એને કાંચનમણિ યોગની ઉપમા આપી. તે ઉપરાંત અહીં લેખક બાહ્યાભ્યંતરતપ, સંયમ, સમકિત અને ભક્તિને સાથે જોડી માનવાના મનને સુધારવાની પ્રેરણા કરી. તેમણે જિનશાસનની સાંપ્રત સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયત્નોને અગ્રિમતા આપી તો સાથે લોભ અને અહંકાર જેવા આંતરિક શત્રુઓને વશ કરવાના ઉપાયો પણ દર્શાવ્યા છે. આ પુસ્તકમાં લેખક અનુક્રમણિકામાં ૩૩ વિષયોની યાદી આપી છે, આ સર્વ વિષયોમાં અલગ અલગ સમયે તેમના મનમાં ઉદ્ભવેલા વિશાળ વિચારસૃષ્ટિનો પરિચય વાચકવર્ગને થાય છે. તેમણે ઉપયોગ, અનેકાંત. આશ્રવ-નિર્જરા ભાવના વગેરે જૈન ધર્મના પારિભાષિક શબ્દોને વ્યવહારિક પરિપ્રેક્ષ્યમાં સરળ રીતે રજુ કર્યા. આવી અઢળક પ્રમાણભૂત માહિતીઓને કારણે આ પુસ્તક ઘણું જ લોકપ્રિય બની રહેશે. ❑❑❑

ડૉ. રેણુકા પોરવાલ
મોબાઈલ : ૯૮૨૧૮૭૭૩૨૭

## જૈન ધર્મ કા જય હો

જન ગણ મન સંતાપ નિવારક
જૈન ધર્મ સુખદાતા
અરિહંત, સિધ્ધ આચાર્ય, ઉપાધ્યાય
સાધુ સહુ ઉધ્ધારા -
પૂજનિય હૈ યે આદી કાલસે
જીસને પરમ પદ પાયા
તપ ચારિત્ર આરાધો, મનસે ક્રોધ ભગાવો
પ્રેમ ભાવ ફૈલાવો -
જન ગણ મન સબ વેર છોડ કે
મૈત્રીભાવ જગાવો
જય હો, જય હો, જય હો જય જય જય જય હો
જૈન ધર્મ કા જય હો.

**નોંધ : પર્યુષણ પર્વના મહામંગલકારી દિવસો દરમ્યાન શ્રીમતી પ્રફુલ્લાબેન લલિતભાઈ શાહે રાષ્ટ્રગીતની ધૂન પર એક સુંદર ગીતની રચના કરી અને સંવત્સરીના દિવસે શ્રી મુંબઈ સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રાગ સાથે રજૂ કરી હતી. જેને ખૂબજ સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.**

# ઓગસ્ટ અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે : ગયા અંકની વાત

**ડૉ. અભય દોશી**

આદરણીય તંત્રી શ્રી,

'પ્રબુદ્ધ જીવન'ની અવનવા વિશેષાંકોની શૃંખલામાં આ વર્ષે પર્યુષણ નિમિત્તે 'ચિત્રકલા વિશેષાંક'નું આયોજન કર્યું. એ ખરેખર જ આનંદની વાત છે. પર્યુષણમાં સંવત્સરીપર્વના દિવસે બારસા સૂત્રવાચન નિમિત્તે તીર્થંકરોના જીવનસંબંધિત ચિત્રપટોનું દર્શન થતું હોય છે. આમ, પર્યુષણ સંદર્ભે યોજાયેલ આ અંક પ્રાસંગિક હોવાનું ગૌરવ પણ ધારણ કરે છે.

આ અંકના અતિથિ તરીકે શ્રી રમેશ બાપાલાલ શાહની પસંદગી પણ ખૂબ યોગ્ય છે. 'કુમાર' સામાયિકથી જેમની કલારૂચિનું ઘડતર થયું છે, તે પ્રદ્યુમ્નસૂરિજીની 'પાઠશાળા'ના સંપાદન દ્વારા આપણે સૌને તેમની કલાસૂઝનો પરિચય મળ્યો છે, એવા કલામર્મીને સંપાદન સોંપી તંત્રીએ અડધી બાજી જીતી લીધી છે. પ્રારંભિક અગ્રલેખ સુંદર છે, પરંતુ શ્રી રમેશભાઈ પાસે વધુ વિસ્તૃત લેખની તેમ જ જૈન-ચિત્રકળાના આવિષ્કારોની વિશદ્ ચર્ચાની અપેક્ષા હતી.

પ્રારંભે જ પુણ્યવિજયજીની પુણ્યપ્રસાદી સમો ઋષભચરિત્રના ચિત્રોનો સુંદર પરિચયલેખ મૂક્યો છે. 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષો પૂર્વે છપાયેલ આ લેખનું ચિત્તાકર્ષક પુનઃમુદ્રણ ખરે જ આપણા અંતઃકરણને અજવાળે છે. બીજો લેખ મુનિ પ્રશમરતિવિજયજીનો છે. પ્રસન્નરમ્ય ગદ્યના સ્વામી આ મુનિભગવંતે બાહુબલિજીનાં બે ચિત્રોનો ખૂબ ઝીણવટથી રસાસ્વાદ આપ્યો છે. ત્યારપછી જૈન ચિત્રકળાને મળેલા વૈશ્વિક સન્માન વિશે જિતેન્દ્ર શાહનો લેખ છે. જૈન-કળાના મર્મી શ્રી જિતેન્દ્ર શાહે ખૂબ સુંદર રીતે શ્રી લા.દ. વિદ્યામંદિરમાં સંગ્રહિત 'શાંતિનાથ ચરિત્ર'ની યુનેસ્કો દ્વારા સન્માનિત પ્રતનો પરિચય કરાવ્યો છે.

ત્યારબાદ પુનઃ એ જ ભંડારની એક અન્ય 'શાંતિનાથ ચરિત્ર'ની કલાત્મક પ્રતનો શ્રી વિજયશીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ લિખિત રસાર્દ્ર પરિચય પ્રાપ્ત થાય છે.

સર્જકની વિશિષ્ટ રંગસૃષ્ટિને પારખવાની ઝીણવટનો પરિચય થાય છે.

ત્યારબાદ, ડૉ. કુમારપાળ દેસાઈએ વિવિધ સમવસરણ-ચિત્રોની સુંદર રીતે તુલના કરી છે. આ તુલનાને પટ માં તેમજ જિનમંદિરરૂપે નિર્મિત સમવસરણની આકૃતિ સુધી વિસ્તારી શકાય. શ્રી કુમારપાળભાઈએ યોગ્ય રીતે જ સમવસરણના ચિત્રનિર્માણને 'ચિત્રકારનું ઉત્કૃષ્ટ શિખર, ચિત્રકારની ધૈર્યપૂર્ણ અગ્નિપરીક્ષા' તરીકે ઓળખાવેલ છે. ત્યારબાદ આચાર્ય યશોવિજયસૂરિજીની કલમે ગણધરવાદનો વિશિષ્ટ દષ્ટિકોણથી પરિચય મળે છે. ભક્તિયોગાચાર્ય એવા આ સૂરિદેવની કલમમાં આત્મસમર્પણની માધુરી ઝળકે છે. 'વાત્સલ્યદીપ' ઉપનામે પ્રસિદ્ધ આચાર્યશ્રી ઉત્તરાધ્યયનસૂત્રની એક પ્રતનો પરિચય આપે છે. આ પરિચયમાં કળાને પારખવાની સૂક્ષ્મદષ્ટિનો અનુભવ થાય છે.

તીર્થંકરચરિત્રો બાદ હવે અંક ગુજરાતના ઈતિહાસ તરફ ગતિ કરે છે. સિદ્ધરાજના રાજ્યમાં હેમચંદ્રાચાર્યનો ગ્રંથ 'સિદ્ધહૈમ'નું જે ભવ્ય સ્વાગત કર્યું, તેનું અપૂર્વ ચિત્ર તેમ જ તેમના જીવનપ્રસંગના અન્ય ચિત્રો અંગે આ ચિત્રોના પ્રેરક આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજની વિશિષ્ટ પ્રસંગોને જીવંત કરતી શૈલીમાં થયેલું આલેખન કાળના પટને ઓળંગી દે છે. તો પુનઃ શીલચંદ્રસૂરિ જહાંગીરના દરબારમાં થયેલ અહિંસાના વિજયઘોષ સમા અમારિપટ્ટકનો પરિચય કરાવ્યો છે. જહાંગીરના દરબારમાં જૈનમુનિઓ દ્વારા થયેલ અમારિપરિવર્તનનું કાર્ય અને તેનો સૂચિત્ર દસ્તાવેજ પર્યુષણ પ્રસંગે પ્રાસંગિક પણ છે. અકબર પ્રતિબોધક હીરસૂરિની પરંપરામાં જ થયેલા સમર્થ દાર્શનિક ઉપાધ્યાય યશોવિજયજીનાં જીવનના સુંદરતમ્ ચિત્રો અને સાથે પ્રેરક આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી દ્વારા અપાયેલ પરિચય જૈન જગતના આ મહાન સારસ્વત સાથે આત્મીય નાતો બાંધી આપે છે.

ડૉ. અભય દોશીનો લેખ જૈન ચિત્રકળાની દાર્શનિક પશ્ચાદ્ભૂ પર પ્રકાશ પાથરે છે. આચાર્ય નંદીઘોષસૂરિ કલાત્મક યંત્રચિત્રેલી સાધના પાછળના રહસ્યોને ઉજાગર કરે છે. અહીં પ્રસિદ્ધ કલાકાર ઉદયરાજ ગડનીસે કરેલ 'દિવ્ય યંત્ર, મંત્ર, તંત્ર'ના ચિત્રોનો પરિચય પણ સાંકળી શકાયો હોત. શ્રી સારાભાઈ નવાબે કરેલા યંત્રચિત્રો અને અન્યચિત્રોના સંગ્રહો પણ આ સંદર્ભે અવશ્ય નોંધપાત્ર છે.

વિહારયાત્રામાં મુનિભગવંતોની સંશોધક આંખો ભળે તો કેવું ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય, તે મુનિ સંયમચંદ્રવિજયજી દ્વારા લખાયેલ 'બિકાનેરની ઉસ્તા ચિત્રશૈલી' લેખમાં જોઈ શકાય છે. આ અંકની આ વિશેષ ઉપલબ્ધિ છે કે, જે મુનિની કલમથી જૈન જગત ભાગ્યે જ પરિચીત હતું, તેવા મુનિઓની કલમને 'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમથી આપણા સૌ સુધી પહોંચાડી છે.

પૂ. આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિની કલમે જૈનચિત્રકળાના કેટલાક સુંદર આવિષ્કારોનો પરિચય પ્રાપ્ત થાય છે. ભારતી બી. શાહે પણ આ જ પદ્ધતિથી પાટણ ગ્રંથભંડાર આદિના સુંદર આવિષ્કારોનો પરિચય કરાવ્યો છે. ત્યારબાદ 'પાલીતાણા હસ્તપ્રત' નામે પ્રસિદ્ધ 'કલ્પસૂત્ર'ની પ્રતનો પરિચય અપાયો છે. એ જ રીતે ભારતી દીપક મહેતાએ પણ રસપ્રદ શૈલીમાં હસ્તપ્રતોમાં રહેલી ચિત્રકળાનો પરિચય કરાવ્યો છે. સી. નરેન અને ડૉ. થોમસ પરમાર શત્રુંજય ચિત્રપટ અને પુષ્પોની કળાત્મકતાનો પરિચય કરાવે છે. આચાર્ય રાજહંસસૂરિએ શત્રુંજયગિરિરાજના સુંદર ચિત્રોનો પરિચય કરાવ્યો

છે, પરંતુ કલાશિબિર વિશે વધુ વિગતે વાત કરી હોત તો વધુ આનંદ આવત. અંગ્રેજી વિભાગમાં પ્રાચીબેને જૈનપટ્ટોનો આધ્યાત્મિક દૃષ્ટિએ પરિચય કરાવી રંગ રાખ્યો છે. જાણીતા કલામીમાંસક નિસર્ગ આહીરે પણ સુલેખનકળા અને હસ્તપ્રતચિત્રોની વિસ્તારથી વાત કરી છે. 'જૈનચિત્રશૈલી'નો ઈતિહાસ પણ સુંદર રીતે ચર્ચ્યો છે.

આ વિશેષાંકમાં ઐહલે, તિરૂમલાઈ અને સિત્તલવાસનના ગુફાચિત્રોની સુંદર પ્રતિકૃતિઓ છપાઈ છે. રમેશભાઈએ પ્રસ્તાવનામાં ઉલ્લેખ પણ કર્યો છે, પરંતુ આ ગુફાચિત્રો વિશે વિસ્તારથી લેખ પ્રાપ્ત થયો હોત તો આ વિશેષાંકની શોભા વિશેષ વધી હોત. જયપુર-દિલ્હી આદિના દિગંબર ભંડારોમાં રહેલી મોગલ શૈલીનો વિશેષ પ્રભાવ ધરાવતી હસ્તપ્રતો તેમ જ દિલ્હીના ચાંદનીચોકમાં આવેલા કિનારીબજારના શ્વેતાંબર જૈન દેરાસરોની ભવ્ય ચિત્રકળા પણ સ્મરણે ચઢે. 'માર્ગ'ના ભૂતપૂર્વ સંપાદિકા સરયૂબેન દોશી જેવા વિદ્વાનોનો સંપર્ક થઈ શક્યો હોત. પરંતુ દરેક સંપાદકોના પોતાના સંપર્ક અને દૃષ્ટિકોણ આદિની મર્યાદા રહેતી હોય છે. રમેશભાઈએ મર્યાદિત સમયમાં અનેક નવા લેખકોની ટીમ સાથે આ અંકને ખૂબ સુંદર રીતે સજાવ્યો છે, માટે ખરે જ અભિનંદનપાત્ર છે.

પર્યુષણના સંદર્ભને ધ્યાનમાં રાખી ડૉ. કુમારપાળ દેસાઈના ક્ષમાપના વિશેના બે લેખો લીધા છે. તે સમસામાયિક અને સરળ શૈલીમાં ચિત્તને સ્પર્શે છે. બ્રહ્મચક્રવિદ્યા વિશે નરેશ વેદનો અભ્યાસપૂર્ણ લેખ આપણને પરમતત્ત્વ સુધી પહોંચવામાં સહાય કરે છે. ગીતા જૈન નલિનમામાના પ્રકૃતિપ્રેમી વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. સુબોધીબેને ધ્યાનના પ્રકારો વિશે ખૂબ ગહન ચિંતન સરળ ભાષામાં રજૂ કર્યું છે. ખરે જ આ નવા લેખિકા ખૂબ વિચારપૂર્ણ લેખનથી વિશેષાંકને સમૃદ્ધ કરે છે. 'દક્ષિણાપથની સાધનાયાત્રા'માં પ્રા. પ્રતાપકુમાર ટોલિયા શ્રીમદ્‌ની પરંપરાના સાધકોનો સુંદર પરિચય કરાવે છે. પુસ્તકાવલોકન સંધ્યાબેને સંભાળ્યું તે બહુ ઉત્તમ કાર્ય થયું છે. અંતે જાણીતા વિદ્વાન રમણ સોનીના પત્રમાં એક સાહિત્યકારની કલાપ્રીતિ સુંદર રીતે અભિવ્યક્ત થઈ છે.

મુખપૃષ્ઠથી અંતિમ પૃષ્ઠ સુધીની આ યાત્રા એક ધર્મ, કલા, સાહિત્યના ચિંતનથી સભર બની રહી. 'પ્રબુદ્ધ જીવન'ની યાત્રા ઉત્તરોત્તર ઊંચા શિખરો સર કરે એ શુભેચ્છા સાથે...

❑❑❑

મો. ૯૮૯૨૬૭૮૨૭૮

## ભાવ - પ્રતિભાવ

જુલાઈ ૧૮ ના અંકમાં ડૉ. રતનબેન છાડવાએ જ્ઞાન-સંવાદમાં જિન મંદિર અંગે લખેલ લેખના અનુસંધાને મારે થોડા વિચારો રજૂ કરવા છે.

(૧) સંપત્તિવાનોએ જ્યાં જૈનોનો વાસ નથી ત્યાં મંદિર બાંધવાનો કોઈ અર્થ સરતો નથી હોતો.
(૨) પૂજારી જૈન શ્રાવક સિવાય બ્રાહ્મણ, સાધુ જેવી વ્યક્તિ પૂજારી હોય છે. તેનો માત્ર વ્યવસાયના ભાગ રૂપે પૂજારી બને છે. તેમને પૂજાની વિધી જે છે તે પ્રમાણે કરે જ, તેની કોઈ ખાતરી નથી.
(૩) જે દાતા મંદિર બનાવે છે તેની મુડી નીતિની કમાણીની છે ખરી? અજાતિની મુડી થી મંદિર બનાવવામાં આવે તે મંદિર દોષિત થયું ન ગણાય શું?
(૪) નીતિની કમાણીથી બનાવેલ મંદિર શુદ્ધ અહિંસક બનેલું કહેવાય તેવું લાગે છે.
(૫) ધર્મ અ સેવા અ શિક્ષણ નો સમન્વય થાય તો તે આજ ના યુગમાં યોગ્ય કહેવાય ધર્મ સ્થાનોમાં ત્રણેનો વિચાર સાથે અમલ થાય તો યોગ્ય કહેવાય.
(૬) આજે મોટા ભાગના ગામોમાં જૈન પરિવારો રહેતા નથી છતા ત્યાં મંદિર નિર્માણ થાય છે તે કેટલું યોગ્ય છે?
(૭) નાના મોટા શહેરોમાં ઘણા મંદિરો છે નવા બનતા જાય છે. પણ પછી તેમાં કેટલા શ્રાવકો પૂજા કરવા આવશે? ખાતરી છે ખરી?
(૮) મેં એક સાદો સર્વે કર્યો છે કે કોઈક મંદિરમાં મહિનાના સરેરાશ ૫ થી ૭ શ્રાવક શ્રાવિકાઓ પૂજા કરવા આવતા હોય છે. દર્શનાર્થે ૧૦ જેટલા આવતા હોય છે.
(૯) રાત્રે આરતીમાં ખાસ એકાદ બે વ્યક્તિ જ આવતી હશે અથવા પૂજારી જ આરતી કરી લેતા હોય છે.

આમ જોઈએ તો મંદિર બનાવ્યા પણ પૂરો લાભ થતો નથી. ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિ વેતનદાર રાખવી પડે છે.
(૧) પૂજારી (૨) મુનિમ (૩) સાફસૂફી માટે
આવક કરતા ખર્ચ વધી જાય છે.

લેખ વાંચ્યા પછી ઉપરોક્ત વિચારો આવ્યા ને આપની પાસે રજૂ કર્યા છે.

કાંઈ ધર્મના આધારે વિશેષ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ

**મનુભાઈ શાહ**

❋❋❋

જૈન ધર્મમાં ચિત્રકલા વૈવિધ્ય વિશેષ અંક ઉપર ઉપરથી ખાસ કરીને તમામ ચિત્રોનું અવલોકન કર્યું.

જૈન દર્શનના વિશિષ્ટ ત્રણ આધ્યત્મિક ચિત્રો (૧) મધુબિંદુ (૨) છલેશ્યાવૃક્ષચિત્ર (૩) અને અનેકાન્તને સમજાવનાર હાથી અને સાત આંધળાનું ચિત્ર જોવા મળ્યા નહિ.

**સૂર્યવદન જવેરી** - મો. ૯૮૯૭૧૨૨૩૮

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓપેરા હાઉસની ઓફીસમાં Male/Female મેનેજરની પોસ્ટ માટે ગુજરાતી તથા અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકે, ટેલી ERP-9, M.S. Office ટ્રસ્ટના હિસાબો, ઈન્કમ ટેક્સ, ચેરીટી કમિશ્નરના વહીવટી કામની જાણકારી ધરાવનાર વ્યક્તિ અપેક્ષિત પગાર સાથે અરજી કરો.**

email : shrimjys@gmail.com

## સમગ્ર ભારતની તમામ પાઠશાળાઓને Audio Books ભેટ

વાર્તા! સાંભળવાનું કોને ન ગમે? બાળકો તો વાર્તા સાંભળવા માટે હમેશાં થનગનતાં હોય. બા-દાદા, માતા-પિતા પાસે રોજ જિદ્દ કરતાં હોય - વાર્તા કહો, વાર્તા કહો. પણ અત્યારે વાર્તા કહેવાનો સમય ક્યાંથી લાવવો? અને સમય હોય તોય વાંચતાં હોઈએ તો વાર્તા આવડે ને. આવડ્યા વગર તો કહેવાનું પણ શું? બિચારાં બાળકોને કોઈ વાર્તા કહેનારું ન મળે એટલે TV-Mobile માં ટાઈમપાસ કરે અને એની જ ધીમે ધીમે એને આદત પડી જાય. અને પછી આપણે જ ફરિયાદ કરીએ કે જુઓને! આ તો આ બધાંમાંથી ઊંચો જ નથી આવતો! ક્યાંથી આવે? એની પાસે બીજો કોઈ વિકલ્પ છે?

અને સાચું કહેજો. વાર્તા સાંભળવાનું તો આપણને પણ કેટલું ગમતું હોય છે! ક્યાંય વાર્તા કહેવાતી હોય તો ભલે ને આપણે આપણા કામમાં ગરકાવ હોવાનો દેખાવ કર્યા કરીએ, પણ કાન અને મન તો ત્યાં જ અટવાતાં હોય. બચપણ ભલે વીતી જાય, વાર્તા પ્રત્યેનો લગાવ તો અકબંધ જ રહેતો હોય છે.

જૈન સાહિત્ય પાસે ઉત્તમોત્તમ વાર્તાઓ હોવા છતાં તકલીફ એ છે કે એ મહદંશે ગુજરાતી હિંદી ભાષામાં લખાયેલી છે. જ્યારે આજનાં બાળકોને (અને મહદંશે મા-બાપોને પણ) ગુજરાતી કે હિંદી વાંચતાં આવડતું નથી હોતું. સમસ્યા તો ઘણી ગંભીર અને ચિંતાજનક છે. પણ એ માટે ખાલી બૂમો જ પાડ્યા કરીએ અને એનો કોઈ ઉકેલ શોધવાનો પ્રયત્ન જ ન કરીએ તે બરાબર ના કહેવાય. વાંચનશક્તિના અભાવે આવા સરસ સાહિત્યથી વંચિત રહી જવાય એ તો કેટલું ખોટું?

અમે આ સમસ્યાના એક પ્રાથમિક ઉકેલ તરીકે Audio Books નો વિકલ્પ વિચાર્યો છે. અત્યારે પૂજ્ય આચાર્ય શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ. દ્વારા લેખિત - પ્રેરિત ઉત્તમ વાર્તાઓની Audio Books બનાવવાનું કાર્ય આરંભ્યું છે. આ Audio Books ને મોબાઈલ, ટી.વી., કોમ્પ્યુટર કે સી.ડી. પ્લેયર (mp3 ફોર્મેટને સપોર્ટ કરનારા) પર સાંભળી - માણી શકાશે. વાર્તા જાણે તમારી સામે બેસીને કોઈ તમને સંભળાવી રહ્યું હોય એવી સરસ માવજતપૂર્વક શ્રી જ્હોની શાહ અને શ્રીમતી અર્ચના શાહે તૈયાર કરી છે.

અત્યારે ભાઈ હજો તો આવા હજો, દૃઢસમ્યક્ત્વી ચંદ્રલેખા, બાળશ્રાવક ધર્મરૂચિ, ધન ધન શાસનમંડન મુનિવરા, અજારા પાર્શ્વનાથ અને વલ્લભીપુરની ઐતિહાસિક કીર્તિગાથા આ વાર્તાઓની Audio Books તૈયાર થઈ ચૂકી છે.

જ્ઞાનપ્રસારમાં રસ લેનારા ઉદારદિલ દાતાપરિવારના સહયોગથી આ Audio Books સમગ્ર ભારતની તમામ પાઠશાળાઓને ભેટ આપવાની યોજના ચાલી રહી છે.

તમે પણ તમારા વિસ્તારમાં ચાલતી પાઠશાળા માટે પાઠશાળાની વિગતો નોંધાવીને આ Audio Books ની CD (માત્ર એક) નીચેનાં પ્રાપ્તિસ્થાનો પરથી ભેટ મેળવી લેશો અને તમારી પાઠશાળાના બાળકોને અવશ્ય આ સરસ કથાઓ સંભળાવશો. એને ચોક્કસ ગમશે જ એની ખાતરી સાથે. અને તમારું બચપણ જો અકબંધ રહ્યું હોય તો આ વાર્તા સાંભળવાનું તમે પણ પસંદ કરશો જ.

આ સંદેશ બને તેટલા વધુ લોકો સુધી પહોંચાડશો.

### પ્રાપ્તિસ્થાન

(૧) **શ્રી વિજયનેમિસૂરિ-જ્ઞાનશાળા**
શાસનસમ્રાટ ભવન, શેઠ હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા પાસે, શાહીબાગ રોડ,
અમદાવાદ ૩૮૦૦૦૪. મો. ૯૭૨૬૫૯૦૯૪૯,
Email : nemisuri.gyanshala@gmail.com

(૨) **ધર્મેશ સી. શાહ**
એ-૭૦૨, શુભ એન્કલેવ, ચુડા ભવનની સામે, વેસુ,
સુરત ૩૯૫૦૦૭. મો. ૯૪૨૭૪ ૭૩૦૭૦ (યેશા)

(૩) **નિખિલ સ્ટોર્સ**
પિરછલ્લા શેરી, ભાવનગર ૩૬૪૦૦૧.
મો. ૯૮૭૯૨ ૨૨૦૧૮ (ભાવનાબેન)

(૪) **દિલીપભાઈ એ. પરીખ**
બી-૧૦૫, હસ્તગિરિ, અશોકનગર, કાંદીવલી (ઈ),
મુંબઈ ૪૦૦ ૧૦૧. મો.૯૮૬૭૯ ૭૩૨૬૯

# An Ethical Demeanor...Right Conduct... Samyak Charitra

Prachi Dhanvant Shah

Your conduct amplifies your character and your character echoes your soul. If you are ignorant about the principles of right conduct, you cannot build your character. And the principle of right conduct *(Samyak Charitra)* is an amalgamation of absolute knowledge *(Samyak Gyan)* and absolute perception *(Samyak Darshan). Samyak Charitra* is an acclamation of *Samyak Gyan* and *Samyak Darshan*. The knowledge that you accomplish through Jain scriptures, is just not the knowledge to restore in the rear of your mind. But this knowledge entails you to pursue the same without any uncertainties towards it. This would certainly chaperon you in life about what is truthful and what is incorrect. Eventually, your habits and conduct would be veraciously bestowing you with an ideal way of life. *Samyak Gyan* & *Samyak Darshan* teaches you how to live in a way, that is consistent with your deepest and precise understanding of religious scriptures proclaiming you with *Samyak Charitra*. "Nevertheless, an ultimate meaning of life is to give life a meaning! "

I request you today to ask yourself a few questions: Who you are? Where do you come from? Is your soul happy? Are your loved ones happy with you? Do you reflect a good set of character for your children to pursue? And so many more questions would come up. But the answer to all these questions are congruent to one word and that is "Conduct". Your action would lead you to the solution for all these questions. Your soul that beholds absolute spiritual knowledge and your perception towards this knowledge would reflect your deeds. What you think and believe would lead to your conduct. What you behave and portray, is the natural reflection of what you restore in your soul. It is purely and solely your verdict, what you would want your demeanor to appear as, that makes your soul happy and probably leading others to judge you! In this worldly life, it is of utmost importance to how your character is reflected to attain success in every aspect of your life. And a person with an idealistic character is always adored and looked up to. A well-groomed character is always manifested and excels with shimmers. Although, this aspect of life is materialistic and would certainly fade away at one phase of your life. We undeniably need to ensure that our soul seeks the path of spiritual upliftment leading to liberation from karmic matters of one's life. *Ratnatrya*, the three jewels of Jainism, Right knowledge (*Samyak Gyan*), Right faith *( Samyak Darshan* ) and Right Conduct (*Samyak Charitra*) together would lead you to an ideal path of liberation, attaining serene peace and purity, and constitute a good way of life. Either one of these three Jewels cannot exist exclusively without others in order to pursue spiritual liberation. Attaining absolute knowledge and pursuing the same to know yourself by means of *Samyak Darshan* is the stimulus to utmost conduct.

Ensuing the three ***Ratnatrya*** of Jainism, escorting to spiritual upliftment is parenthetically contoured by application of spiritual knowledge acquired to the curb of your inner entreaties and acquiring a juncture of life where there exists no attachments or antipathies. Right conduct can be aspired by following few basic spiritual entities in this worldly life. These ethical spiritual accomplishments which are *Samayika* (equability); *Prayashchit* (Seeking forgiveness and accomplishing faults caused by you due to negligence); *Ahimsa* (restricting oneself by any kind of violence be it substantial or emotive); *Aparigraha* (constraint over desires & possessions), *Dhyan* (contemplation, following interrogation with your own soul), *Satya* ( truthfulness) , *Asteya* ( not taking any one's belonging without their permission) & *Bhramacharya* ( Practicing celibacy ). These also

include the five principles self-restraints Jainism counsels for a *shravak* (common man) in his worldly life.

To summarize these ethics, Jainism explains, that an ideal right conduct that trails you to the right path of liberation attaining moksha, can be acquired, by following twelve vows, which restrains oneself from doing erroneous or obscene act and aspires one, inclining towards performing virtuous endeavors in this worldly life as a layman. These twelve virtues are very significant by all means, religiously as well as endowing an ideal social life. Although, ascetics who are determined to acquire moksha and hence abscond their worldly life by becoming a monk, espouses five great vows ( *Mahavratas* ). These five *mahavratras* can be aspired only by monks as being in worldly life, for a layman avoiding these principle sins of life becomes challenging and difficult, although, not impossible. Hence Jainism explains twelve vows for a householder to follow being in worldly life.

Of these twelve vows of *shravaks & shravikaas* (common man), the first five main vows are called as ***Anuvratas*** (*Anu*-small ; *vratas* – vows) , which are apparently simpler then ***Mahavratas*** (*Maha*-big; *vratas*-vows) followed by the monks. The next three vows are called as ***Guna vratas*** (Guna – quality) as it enhances the quality of the first five main vows and accelerates the counter effects of those vows. These *Guanavratas* also administers the exterior conduct of an individual. The latter four vows are ***Shiksha vratas*** (disciplinary vow). These vows catalysis's religious duties of an individual governing him to perform the same with pious entities. It contours one's inner soul enhancing his characteristics and enables pursue religion with right ethics. These three *Gunavratas* and four *Shiksha vratas* together are called as seven ***Shilas*** (vows of virtuous conduct). An individual is expected to command over these vows as per his convenience and circumstances living in his social and worldly life, although, eventually aspiring for pursuing *Mahavratas* at some point of time in his life. The twelve vows of a layman can be listed as below:

Five main ***Anuvratas*** of a layman:

- ***Ahimsa Anuvrat*** - Non-violence Limited Vow:- Not hurting any living being (*Jeev*) knowingly by any means, be it physical or emotional. Not impairing any soul through speech, thoughts or act.
- ***Satya Anuvrat*** - Truthfulness Limited Vow: - Dispelling truth all the time in every phase of your life and following truthful ideologies of life, be it in thoughts, speech or action. Under some unavoidable circumstance, where speaking truth might harm other living beings, then in such case adapt silence but not express deceits.
- ***Achaurya Anuvrat*** - Non-Stealing Limited Vow:- Not seeking or seizing anyone's belonging without their permission. This entitles an individual to follow doctrine ethical law of the society in their worldly life.
- ***Bhramacharya Anuvrat*** – Celibacy Limited Vow: - Pursuing chastity in one's worldly life. Although for a layman to follow this vow in his worldly life, is entitled to a married individual to restrain his/her sensual expressions only to his her respective spouse and that too should be restricted to limitations.
- ***Aparigraha Anuvrat*** - Non-Attachment Limited Vow: - Limiting one's possession over materialistic goods as well as in the worldly relationship. Restricting one's desire to possess goods in his daily life, ensuring control over greed and desires which eventually would lead to compassion and charity towards others. Besides just goods, this vow enthralls control and possession over relationships and restrains one from *Mohaniya karma* (possessive attachments)

  When these above five ***Anuvratas*** are strictly followed as practiced my monks, they would be considered as ***Mahavratas***

Three ***Guna-vrats*** :

- ***Dik Vrata*** – A Limited area of activity vow : - This vow ensures limitation to one's worldly activities, thus enabling an individual not

conducting any sins that could possibly occur due to worldly activities.

- ***Bhoga-Upbhoga Vrata*** - Limited use of consumable and non-consumable items vow: - This vow limits one from experiencing joy and fulfillment using goods that are consumable such as food, water etc., and non-consumable materials such as a vehicle, luxuries etc., depending on one's need and capacity.
- ***Anartha-danda Vrata*** - Avoidance of purposeless sins vow: -Living in this worldly life one must thrive to ensure not to commit sins which you can easily avoid, such as walking in grass, restraining yourself from wrong and evil thoughts, getting involved in worldly job that might be directly or indirectly harming any living beings, etc.

Four ***Siksha-vratas (Disciplinary Vows)***:

- ***Samayik Vrata*** - Meditation vow of limited duration: -Promising oneself to conduct Samayak (meditation) for a minimum of 48 minutes and during this time frame, indulge one's soul into spiritual activities. This would enhance one's interrogation with oneself and aspire *Samyak Darshan*.
- ***Desavakasika Vrata*** - Activity vow of limiting space: - This vow plunks new limits within the limitations of *Dik vrata & Bhog Upbhog vrata*. Besides just restricting limitation to mobility and use of materials, this vrata administers you not to travel for any purpose beyond certain peripheral boundaries and use of some materials are further restricted for certain days and time of the week.
- ***Pausadha Vrata*** - Ascetic's life Vow of limited duration: - This vow enthralls you to devote one day as a monk, following all *vratas* and spending the entire day with rituals and spiritual contemplation just as a monk. It is a stepping stone towards monkhood giving an understanding of a monk's life.
- ***Atithi Samvibhaga Vrata*** - Limited charity vow:- This vow entitles you to apportion your own belonging to monk which also includes food. By doing so, it accomplishes utmost satisfaction to your soul and also elevates your internal cognizance.

When one pursues these vows and engrosses its values deep within the soul, by means of ***Samyak Darshan,*** the natural outflow would certainly impel ***Samyak Charitra*** (Idyllic conduct). These vows empower you to understand and personify what is right and what is wrong in life as amplified by *Tirthankaras and Jinas* without any doubts. With this incised and resolute faith emanates veracious persuasion bestowing you with the precise path of liberation and spiritual upliftment.

Jainism simplifies one's life into an idealistic way of life sculpting it into a masterpiece that certainly would lead to serenity and *samyaktva* (entirety). When one comprehends or recognizes oneself, and then silhouettes oneself into what he comprehends, is when one would attain **Samyak Charitra** (Veracious character & absolute conduct). Your body indeed captivates a superior soul, but the worldly life and materialistic society land up impurifying this soul. But when at a certain interval of your life, you accomplish absolute knowledge without any doubts, pursue Jain vows, and catechize with your soul, discerning what your soul beholds, you would seek absolute perception, which ultimately would enforce you to impersonate ethical demeanor achieving ***Samayak Charitra***!

***"Ethics is knowing the difference between what you have a right to do and what is right to do.. & a human without ethics is like a wild beast loosed upon this world..."***

***-Potter Stewart***

❑❑❑

49, wood Ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com |
+1-9175825643

# Jainism Through Ages

Dr. Kamini Gogri

**In this article we will study the spread of Jainism in Rajasthan**

Rajasthan is not only known for its forts and havelis, this huge royal state is also the home to some of the finest Jain Temples in India. In fact it is state that house the famed Dilwara Jain Temple and the magnificent Ranakpur Temple. Experiencing the spiritual bliss in this state is just so obvious and that is why we cater to your need to obtain an insightful and soul stirring religious tour in Rajasthan. Our special 12N/13D Jain Temple Tour takes you on a delightful journey of some of the most sacred and grand Jain temples in India. Beginning from Alwar, the tour is first blessed by Shri 1008 Chandra Prabhu Digambar Jain Atishaya Kshetra dedicated to Lord Chandra Prabhu (The 8th Teerthankar). We shall also seek blessings of Bhagwan Parshvanath (23rd Teerthankar) whose temple is highly revered at Tijara City. Jaipur would be waiting for us to explore its architectural grandeur, we will take a short sightseeing tour here and visit important tourist attractions like City Palace, Central Museum, Jantar Mantar and Hawa Mahal. We will bow our heads at Chulgiri Jain Temple and Shri Digamber Jain temple of Sanganer in Jaipur before we leave for Udaipur. Rikhabdev Jain Temple, some 65 odd kilometers from Udaipur let us worship at the feet of Lord Rishabh Dev's deity that is built in black stone in Padmasana posture and is about 3.5 feet tall. The tour also includes the visit to Banswara, which houses Arthuna temples, which were built in 11th, 12th and the 15th centuries and Nilkanth Mahadev Temples. The Dilwara Temples at Mount Abu will be our destination, where you have the opportunity to marvel at the architectural grandeur of this Jain Temple. The Ranakpur Temple, at a short distance from Udaipur would be another architecturally exquisite Jain Temple where Lord Adinath is seen conquering the cosmos. At Jodhpur's vicinity, we shall visit the Osian Temples, a cluster of ruined Brahmanical and Jain temples dating back to 8th to 11th centuries. Our sacred tour will come to an end at the famous Nakodaji Jain Temple that is situated in forest and has a charming natural atmosphere all-around.

Jain religious sites in **Rajasthan** comprise of several interesting temples that are dedicated to the Jain Tirthankaras. Jainism has always been an important religious sect in India and while on a tour to **Rajasthan** one can guess the impact it had on the people of the sub-continent. Rajasthan, however, is one place which also houses different other religious sites belonging to the Hindus as well as Islam. Most of the Jain shrines religious monuments are built with white marble. One probable reason for this may be that white represents purity and sacredness. As pieces of art these are remarkable too.

As far as the Jain shrines are considered the outstanding amongst these is the **Dilwara Temple, Mount Abu.** Built in white marble the artistry of the shrine is simply superb. Within the temple premise one will come across 5 separate well-carved marble temples. These are dedicated to different Jain saints. The stone architecture of **Dilwara** has always been a talking point amongst the visitors. Religiously, too, this is an important shrine for the Jains.

Another important Jain shrine in Rajasthan is **Sri Mahavirji Temple**. As far as the architecture is concerned this temple represents a fine blend of the ancient and contemporary architectures. It is located at a short distance from Ranthambore. This temple too has been built in pristine white marble.

**Jain Temple in Ranakapur** is another wonder in marble. This **Jain temple** houses several small idols. These can be found in every nook and corner of the temple. The main idol of the temple is that lord Adinath. Dating back to 15th century the temple is accessible from Udaipur.

**The Jain Temple at Osian** is also dedicated to Lord Mahavira, Jain Tirthankara. This particular temple is located at a distance of 65 kilometers from the city of Jodhpur. With dome shaped roofs and several beautifully carved pillars it is a popular religious site for the Jains.

There are 3 Jain temples in Lodurva. One is dedicated to Parshvanath, one to Rishabhnath and the other to Shambhavanath. Another attraction in the Parshvanath Temple is the Kalpavriksha. It is believed that wishes that are made in front of this celestial tree definitely come true.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

# Ahimsa & Jainism

Atul Doshi

Ahimsa and Jainism are two sides of one coin. The whole essence of Jainism is in Ahimsa. However, Ahimsa should not be construed as 'religious' matter. It's a foundation of Humanity. All religion advocates 'compassion to all beings'. It seems Jainism has given more importance and very direct reference to Ahimsa.

Lord Mahavira gave five commandments/vrats- Truth, Ahimsa, Non-attachment/Non-possession, Celibacy/Chastity and Non-stealing. But, he said, '***Ahimsa Parmo Dharma'(Ahimsa is the supreme religion).*** Why did he say so ? Because, ahimsa is the only medicine which can cure all problems of any society or any nation. As a human being we need to have lots of virtues or good sanskar like love, patience, calmness, honesty, generous, etc... but without Ahimsa, all these virtues will not have desired impact on society to achieve peace and harmony for all.

What is Ahimsa ? It is a very vast word and difficult to define it in an exhaustive manner. However, it can simply be described as ***' we all need to accept the fact that there are other humans and other living beings who also wants to live, who also feels pains like we feel, who also wants happiness'.*** Live and let live. To follow principle of minimal harm and principle of 'inter dependence'.

Today, in Jain community, Ahimsa is misunderstood as only 'jivdaya (compassion towards animals)'. Even, jivdaya is also restricted as mainly 'helping animal shelter houses' (panjrapole) or saving some animals from going to slaughter houses.

In this era of India becoming number one exporter of beef, Jains need to introspect and change the way they think about Jivdaya. They need to analyse reasons for increase in number of animals slaughtered in India and world over. Gone are the days when animals were limited in numbers, milk was not a business and animals were family members. Today, animals are treated as 'machine' and animal breeding is an 'industry'. There is no doubt that meat-milk and leather are three businesses which are growing on support of each other. Jains need to understand harsh reality and drastically cut down on usage of dairy products and stop use of leather.

What can be the reasons for Jains not able to accept reality and go to the roof of the problem ?

***There can be few reasons for not doing this-***

- Excessively relying on 'ancient Jain Books' which does not depict current scenario
- To follow how Jain tirthankars acted in certain manner at that point of time.
- Jains are giving too much importance to 'rituals' and not ready to travel 'within (innerself)'
- To follow what Jain Munis ask them to do.
- To pursue 'moksh/swarg/next birth' and ignoring life in current form

***What should be done to educate jains on true meaning of Ahimsa ?***

- To create awareness by doing seminars presentation and give them true picture of whats happening around the world
- To meet Jain Munis and explain them. If they realize the truth then they will be able to take it to people.
- To meet young Jains. It will be easy for them to understand and accept truth. This will prepare nextgen to live an Ahimsak Life Style

**Jains need to wake up and again be the torch bearer to spread light of Ahimsa in this world.**

**M : 9821127475**


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.


મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯


# પર્યુષણ પર્વ શ્રુતજ્ઞાનની આરાધના

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## પ્રકાશિત શ્રેણીમાં વધુ ઉમેરણ



શ્રી મુંબઈ જૈન યુવક સંઘની
પ્રકાશિત શ્રુત પરંપરામાં વધુ ઉમેરણ
જ્ઞાન, સ્વાધ્યાય અને સાહિત્યની દિશામાં ત્રણ પગરણ...

ગહન કર્મવાદ, શાશ્વત આગમો અને ઉત્તમોત્તમ શિખર અનેકાંત : આ ત્રણેયને આવરી લેતો ગ્રંથ એટલે **'પ્રબુદ્ધ સંપદા'**

કુમારપાળ દેસાઈની આગવી શૈલીમાં **'બુદ્ધિસાગરસૂરિ કથા'** (સી.ડી. રૂપે)

અને

આજના જીવનના સંદર્ભો તાત્વિક અને વૈચારિક રીતે જ્યાં ઉઘાડ પામે તેવું ભીતરી સ્થળ એટલે **'પ્રવાસ ભીતરનો'**

**પ્રભાવના કે કોઈ અનુમોદન અર્થે કે ગીફ્ટ આપવા માટે યોગ્ય સંપુટ
મેળવવા માટે સંપર્ક કરો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૨૦૨૯૬ • મો. ૯૧૩૭૭૨૭૧૦૯**

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

કાન્તિ પટેલ

પ્રિય મિત્ર,

વર્ષારંભે પ્રિયજનને પત્ર લખવા જેવી રૂડી બાબત બીજી કઈ હોઈ શકે? નવવર્ષ સાથે જોડાયેલી સઘળી શુભેચ્છાઓ સહિત સાદર પ્રણામ!

અલગ પ્રાન્તનાં અલગ શહેરોમાં વસતા હોવાં છતાં આપણે ફોન, ફેઇસબુક, વોટ્સઅપ દ્વારા નિરંતર મળતા રહીએ છીએ. સમાન, રસરુચિને લીધે આપણા ગમતા વિવિધ વિષયો અંગે વિચારો, પ્રતિભાવોની આપલે કરતા રહીએ છીએ.

મુંબઈ મહાનગરની જૂનામાં જૂની કોલેજોમાંની એક એવી કોલેજમાં આપણે સહપાઠી તરીકે મળ્યા. પરિચય ઘનિષ્ઠ મૈત્રીમાં પરિણમ્યો. એ મૈત્રી અદ્યાપિપર્યંત ટકી રહી છે, એનો આનંદ છે. મહાનગરોની અતિ વ્યસ્ત અને વિષમ જિંદગીમાં પણ આપણી વચ્ચેનો સેતુ અકબંધ રહ્યો છે, એના જેવી વિસ્મયજનક વાત બીજી કઈ હોઈ શકે?

ભણીગણીને આપણે એકસરખા શિક્ષણના વ્યવસાયમાં જોડાયા પણ કૌટુમ્બિક જવાબદારીઓને લીધે તારે મુંબઈ છોડવું પડ્યું, જેનો રંજ તને જેટલો છે, એટલો મને પણ છે. અલબત્ત, આપણી વચ્ચેનું ભૌગોલિક અંતર આપણી વચ્ચેની નિકટતાને આંબી નથી શક્યું, એ કંઈ જેવી તેવી વાત નથી.

મોબાઈલનો આપણા જીવનમાં પ્રવેશ નહોતો થયો અને ટેલિફોન જેવી વસ્તુ પણ દૂરની વાત હતી. એ દિવસોમાં પત્રો જ આપણો એકમાત્ર સહારો હતો. આપણા જેવા શબ્દોના સંગીઓ જ નહી, સામાન્ય લોકોમાં પણ પત્રવ્યવહારનું અધિક ચલણ હતું. એ વર્ષોમાં ટપાલખાતું પણ અધિક ગતિશીલ હતું, એવો આપણો અનુભવ રહ્યો છે. આજે તો સમૂહ માધ્યમોએ વસુધાને એક કુટુંબ જેવી બનાવી દીધી છે ત્યારે પત્ર લખનારને તો કોઈ પાગલ જ ગણે! આજે મારા પર એ પાગલપનની ધુનકી સવાર થઈ છે, ત્યારે નવ વર્ષના પ્રભાતે કાગળ અને કલમ લઈને બેઠો છું. લેપ-ટોપના જમાનામાં એ કોઈ દુઃસ્વપ્ન જેવો અનુભવ લાગે છે.

દોસ્ત, આ મારો છેલ્લો પત્ર હોય તો કેવું? હું તો એવું ધારીને જ લખવા બેઠો છું. પણ તારે ચોંકવાની જરૂર નથી. હવેથી હું પત્ર નહીં લખું તો મને કે કોઈને ઊની આંચ પણ નહીં આવે!

આ મારો અંતિમ પત્ર હોય તો હું શું લખું?

આવજો, દોસ્તો, બોલ્યું ચાલ્યું માફ કરજો, એવું? જીવનના અંતિમ મુકામ પર અધૂરા અરમાનોની યાદી આપું? એવાં અરમાન સેવનારાઓને તો કવિ કરસનદાસ માણસે કડક શબ્દોમાં કહ્યું છે:

**આ થયું હોત ને તે થયું હોત**

**અંત સમયે એવાં ઓરતડાંની હોય ન ગોતાગોત!**

આપણને વળાવીને આપણા વંશજો માલમિલકત માટે લડી ન મરે તે માટે કાયદેસરનો દસ્તાવેજ લખવા બેસું? એવા વસિયતનામાની એસી તૈસી કરનારા ક્યાં ઓછા છે?

મિત્ર, પગભર થવા માટે આપણે કેવો સંઘર્ષ ખેલ્યો છે એ તો આપણે જ જાણીએ છીએ. પણ એવો સંઘર્ષ ખેલનારા આપણે એકલા થોડા છીએ?

શરીરથી અને બુદ્ધિથી આપણે પાકટ થયા છીએ પણે તેને લીધે આપણી જીજીવિષા ઓછી થઈ છે, એવું કહી શકાશે ખરું?

તો અંતિમ પત્રમાં લખું શું?

મારી ભૂલોનો સ્વીકાર? એ યાદી તો ઘણી મોટી થાય.

આપણા જીવનને ભર્યું-ભર્યું કરનાર સ્વજનો, સ્નેહીજનોનો આભાર?

જીવનના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવનાર વ્યક્તિઓ પ્રત્યેનો ઋણસ્વીકાર? એમાં તો આપણને જીવન બક્ષનાર માતાપિતાથી માંડીને ભાઈ-ભાંડુઓ, સ્વજનો, સંતાનો ઉપરાંત, પોતીકા-પરાયા, જ્ઞાત-અજ્ઞાત ઘણા માણસોને ગણતરીમાં લેવા પડે અને પરમકૃપાળુ પરમાત્માને તો કેમ ભૂલાય? જે કૃપાનો કુંભ આપણી ઉપર ઢોળતાં જ રહ્યા છે.

વેર, વૈમનસ્ય, વિસંવાદિતાના ભરેલા આ સંસારને છોડીને જવામાં રંજ શેનો? વળી એમાં કોઈ પસંદગી છે ખરી?

સલામ!

(આ લખાણ પ્રિય મિત્ર વિજય પંડ્યાને અર્પણ)

**૧ જાન્યુઆરી ૨૦૧૮**

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**